દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 306 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ સુદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 December 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ/2013/58486 *
શનિવાર, ૨૭ ડિસેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દિલ્હી બ્લાસ્ટમાં ૪૦ કિલો વિસ્ફોટક વપરાયેલુંઃ અમિત શાહ

**ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ પર ૩૬૦ ડિગ્રીએ હુમલો કરવાની યોજના હોવાનું પણ ગૃહ પ્રધાને કહ્યું**

નવી દિલ્હીઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે જણાવ્યું હતું કે સંગઠિત ગુનાખોરી (ઓર્ગેનાઝ્ડ ક્રાઇમ) પર ૩૬૦ ડિગ્રીએ હુમલો કરવાની અમારી યોજના છે.

તેમણે અહીં નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી દ્વારા હૉસ્ટ કરાતા બે ડેટાબેઝ - ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ નેટવર્ક ડેટાબેઝ અને ગુમ થયેલા, લૂંટાયેલા અને પાછા મળેલા શસ્ત્રો માટેના વૅપન ડેટાબેઝને લૉન્ચ કર્યા હતા.

અમિત શાહે જણાવ્યું હતું કે નવી દિલ્હીમાં લાલ કિલ્લાના વિસ્તારમાં ધડાકો કરવા માટે ૪૦ કિલોગ્રામ વિસ્ફોટક વપરાયા હતા. તેમણે દાવો કર્યો હતો કે પહલગામ અને દિલ્હી ધડાકાના કેસ તપાસ એજન્સીઓના સઘન તપાસના ઉદાહરણ છે.

બૈસરન વૅલીમાં હુમલો કરવા પાછળનો ત્રાસવાદીઓનો હેતુ દેશના કોમી એખલાસને નુકસાન પહોંચાડવાનો હતો.

કેન્દ્રના ગૃહ પ્રધાને લૉન્ચ કરેલા બે ડેટાબેઝનો ઉપયોગ દેશભરની લૉ એન્ફૉર્સમેન્ટ એજન્સીઓ કરશે. આગામી દિવસોમાં 'ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ પર ૩૬૦ ડિગ્રી એસૉલ્ટ' લૉન્ચ કરવાની યોજના છે અને આ ડેટાબેઝ ત્રાસવાદ સામેની લડતમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

કાશ્મીરના પહલગામના હુમલાનો ઉલ્લેખ કરતા કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું હતું કે આ હુમલાએ દેશને હચમચાવી નાખ્યો હતો અને એનો હેતુ કોમી એખલાસને તોડી નાખવાનો હતો. અમિત શાહે કહ્યું હતું કે સુરક્ષા દળોએ પહલગામ (જુઓ પાનું ૨) ▸▸






## આ શ્રવણને સલામ છે...

નવી દિલ્હીમાં 'વીર બાળ દિવસ' નિમિત્તે 'પ્રધાન મંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર'ના વિજેતા શ્રવણ સિંહની સાથે વાત કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. સાથે 'પ્રધાન મંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર'ના વિજેતાઓ સાથેની બેઠક વખતે ક્રિકેટર વૈભવ સૂર્યવંશીની સાથે વાત કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. શ્રવણ સિંહ સલામ એટલા માટે કે તેણે 'ઑપરેશન સિંદૂર' દરમિયાન જીવના જોખમે સૈનિકોની સેવા કરી હતી. મે, ૨૦૨૫માં પહલગામ હુમલાના જવાબમાં ભારતીય સેના દ્વારા 'ઑપરેશન સિંદૂર' શરૂ કરવામાં આવ્યું હતું. પાકિસ્તાનના ડ્રોનની હિલચાલ અને હુમલાના જોખમ વચ્ચે શ્રવણ સિંહે સૈનિકોને દરરોજ તેના ઘરેથી ગરમ ભોજન, ચા, દૂધ, લસ્સી અને પીવાનું પાણી પહોંચાડવાની નિઃસ્વાર્થ સેવા કરી હતી. આમ, યુદ્ધની પરિસ્થિતિમાં શ્રવણ સિંહે સૈનિકોનું મનોબળ વધારવાનું કામ કર્યું હતું. શ્રવણ સિંહની કામગીરીથી પ્રભાવિત થઈને ભારતીય સેનાએ શ્રવણ સિંહના અભ્યાસનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવાનો નિર્ણય લીધો છે. (એજન્સી)

## ચીનનો ઝટકોઃ ૨૦ અમેરિકી ડિફેન્સ કંપની પર પ્રતિબંધ

બેઇજિંગઃ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા તાઇવાનને ૧૧.૧ અબજ ડોલરના રેકોર્ડ શસ્ત્ર વેચાણ પૅકેજની મંજૂરીના જવાબમાં ચીને શુક્રવારે ૨૦ અમેરિકન સંરક્ષણ કંપનીઓ પર પ્રતિબંધો લાદ્યા. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં ચેતવણી આપી છે કે તાઇવાન મુદ્દા પર ચીનને ઉશ્કેરવાના કોઈપણ પ્રયાસનો કડક જવાબ આપવામાં આવશે. ચીનના તાઇવાન ક્ષેત્ર તરીકે વર્ણવેલ અમેરિકાના મોટા પાયે શસ્ત્રોના વેચાણની જાહેરાતના જવાબમાં, મંત્રાલયે જણાવ્યું હતું કે બીજિંગે તાજેતરના વર્ષોમાં તાઇવાનને શસ્ત્રો પૂરા પાડવામાં (જુઓ પાનું ૨) ▸▸

## કચ્છમાં ૬ કલાકમાં જ ૩ ભૂકંપઃ લોકોમાં ઉચાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભૂકંપ માટે અત્યંત સંવેદનશીલ કચ્છની ધરા માત્ર પાંચ કલાકના ટૂંકાગાળામાં ત્રણ આંચકાઓથી ધણધણી ઉઠતાં ઉચાટ ફેલાયો છે. શુક્રવારની વહેલી પરોઢના ૪ અને ૩૦ કલાકે રાપરથી ૨૨ કિલોમીટરના અંતરે આવેલા કેન્દ્રબિંદુ પર ૪.૬ની તીવ્રતા ધરાવતો અને ડરામણા અવાજ સાથેનો ભૂકંપનો આંચકો આવતાં નિંદ્રામાંથી સફાળા જાગી ગયેલા લોકોએ પોતપોતાના ઘરોમાંથી બહાર દોટ લગાવી હતી. ત્યારબાદ સવારે ૯ અને ૨ કલાકે આ જ કેન્દ્રબિંદુ પર ૨.૫ની તીવ્રતાનો ભૂકંપનો બીજો આંચકો, તેમજ સવારના ૧૧ અને ૧૯ કલાકે ૩.૦ની તીવ્રતાનો ભૂકંપ આવતાં ઉચાટ ફેલાયો છે. રાપર અને ભચાઉ સુધી આંચકાની અસર વર્તાઈ હતી. જમીનથી માત્ર ૫.૨ કિલોમીટરની ઊંડાઇએથી આવેલા ૪.૬ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપની અસર કેન્દ્રબિંદુ નજીકના (જુઓ પાનું ૨) ▸▸

**કેટલી તીવ્રતાના ધરતીકંપ કેટલા વાગ્યે?**

| | |
|---|---|
| મળસકે ૪.30 | ૪.૬ |
| સવારે ૯.૦૨ | ૨.૯ |
| સવારે ૧૧.૧૯ | 3.0 |




**સૌથી લાંબી ટનલઃ** ચીન દ્વારા શુક્રવારે ખુલ્લી મુકાયેલી વિશ્વની સૌથી લાંબી (૨૨.૧૩ કિલોમીટરની) ટનલ. ટિઆનશાન શેંગલી ટનલ ચીનના શીન્જિઆંગ ઉયગુર સ્વાયત્ત પ્રદેશમાંની પર્વતમાળામાંથી પસાર થાય છે અને આ બોગદાને લીધે અનેક કલાકનો પ્રવાસ હવે માત્ર ૨૦ મિનિટમાં પૂરો કરી શકાશે.

## અમેરિકા સમજે કે ભારતીયો હેરાન થઈ રહ્યા છે...

**એચ-વનબી વિઝાના ઈન્ટરવ્યૂ રદ કરાવાને મુદ્દે સરકાર ચિંતામાં**

નવી દિલ્હી : એચ-વનબી વિઝા માટેના મોટા ભાગના ભારતીય અરજદારોના ઈન્ટરવ્યૂ રદ થતાં ભારતે અમેરિકા સમક્ષ પોતાની ચિંતા વ્યક્ત કરી હતી. ભારતે કહ્યું હતુ કે બન્ને દેશ આ બાબતે સંપર્કમાં છે. આ મહિનાના મધ્યથી લઈને હજારો એચ-વનબી વિઝા અરજદારોના ઈન્ટરવ્યૂ તેમના ઓનલાઈન પ્રોફાઈલ અને સોશ્યલ મીડિયાની પોસ્ટ ચકાસવા અનેક મહિના મોકૂફ રાખવામાં આવ્યા છે. ગયા અઠવાડિયે જેમના ઈન્ટરવ્યૂ હતા તેમને અમેરિકન ઈમિગ્રેશન સત્તાવાળાઓથી ઈ-મેલ મળી છે કે તેમના ઈન્ટરવ્યુ મોકૂફ રાખવામાં આવ્યા છે. અમુકના ઈન્ટરવ્યૂ તો મેના ઉત્તરાર્ધ સુધી પાછળ ઠેલવામાં આવ્યા છે.

વિદેશ મંત્રાલયના પ્રવકતાએ કહ્યું હતું કે અમને અનેક ભારતીય (જુઓ પાનું ૨) ▸▸

## બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યાઓને નજરઅંદાજ ન કરી શકાયઃ ભારત

નવી દિલ્હીઃ ભારતે બાંગ્લાદેશમાં લઘુમતીઓ વિરુદ્ધ સતત થઈ રહેલી હિંસા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે શુક્રવારે કહ્યું હતું કે બાંગ્લાદેશમાં લઘુમતી સમુદાયો વિરુદ્ધ ગંભીર ચિંતાનો વિષય છે.ભારતે શુક્રવારે કહ્યું હતું કે બાંગ્લાદેશમાં લઘુમતીઓ વિરુદ્ધ સતત થઈ રહેલી હિંસા ગંભીર ચિંતાનો વિષય છે. સાથે તેમણે કહ્યું કે બાંગ્લાદેશમાં યોજાનારી આગામી ચૂંટણી સ્વતંત્ર,ન્યાયી અને સમાવેશક હોવી જોઈએ. તેમણે બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)ના કાર્યકારી અધ્યક્ષ (જુઓ પાનું ૨) ▸▸

## સાવજ, દીપડા અને હવે વાઘઃ ત્રણેય પ્રાણી ધરાવતું ગુજરાત એકમાત્ર રાજ્ય


(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ત્રણ દાયકા બાદ વાઘ જોવા મળ્યો હતો. રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળ (એનટીસી)એ દ્વારા આ અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. જે બાદ આ ત્રણેય પ્રાણી ધરાવતું દેશનું એકમાત્ર રાજ્ય બન્યું હતું. રતનમહાલ અભયારણ્યમાં લાગેલા વનવિભાગના કેમેરામાં વાઘ ટ્રેપ થયો હતો. વન વિભાગ દ્વારા રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળને આ અંગે જાણ કરવામાં આવી હતી. આના બાદ એનટીસીએની ટીમે રતનમહાલ અભયારણ્યની મુલાકાત લઈને વાઘની હાજરીની પુષ્ટી કરી હતી. આ સાથે એનટીસીએ દ્વારા વાઘ ધરાવતા રાજ્યોમાં ગુજરાતનો સમાવેશ કરવામાં આવ્યો હતો. એનટીસીએની ટીમે એ પણ નોંધ્યું છે કે, ગુજરાતની ઈકો સિસ્ટમ વાઘના વસવાટ માટે યોગ્ય છે. આ સાથે વાઘના વસવાટ માટે ઈકો સિસ્ટમને વધુ મજબૂત કરવા માટે કેટલાંક સૂચનો પણ કર્યા હતાં.

જોકે, વન અને પર્યાવરણ પ્રધાન અર્જુન મોઢવાડિયાના જણાવ્યા મુજબ, એનટીસીએ તરફથી વન વિભાગને કોઈ સત્તાવર પત્ર આપવામાં આવ્યો નથી. પરંતુ અભ્યાસ બાદ તૈયાર કરેલા પ્રાથમિક રિપોર્ટમાં દેશમાં વાઘની વસ્તી ગણતરીમાં ગુજરાતનો સમાવેશ કર્યાની વાત સામે આવી છે. રાજ્યમાં એક સમયે મોટી સંખ્યામાં વાઘની હાજરી હતી, પરંતુ કાળક્રમે ગુજરાતમાંથી વાઘની પ્રજાતિ લુપ્ત થઈ હતી. રાજ્યમાં છેલ્લે વર્ષ ૧૯૮૯માં વાઘની વસતિ (જુઓ પાનું ૨) ▸▸

## ઉદયપુરમાં મહિલા મેનેજર પર ચાલુ કારમાં ગૅંગરેપ, સીઈઓ સહિત ત્રણની ધરપકડ

ઉદયપુરઃ રાજસ્થાનના ઉદયપુરમાં એક ખાનગી આઈટી કંપનીની મહિલા મેનેજર પર થયેલા કથિત ગેંગરેપના કેસમાં કંપનીના સીઈઓ સહિત ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે.પોલીસે શુક્રવારે જણાવ્યું હતું કે કોર્ટે ત્રણેય આરોપીઓને પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા છે. નોંધનીય છે કે મહિલા મેનેજર પર તેની જ કંપનીના સીઈઓ, એક મહિલા કર્મચારી અને તેના પતિએ ચાલતી કારમાં સામૂહિક બળાત્કાર કર્યો હતો. કારમાં મહિલાને બેભાન કરાઈ હતી અને તે જ્યારે ભાનમાં આવી ત્યારે તેના ઇયરિંગ્સ અને અન્ડરગાર્મેન્ટ્સ ગાયબ હતા. એ ક્ષણે તેના પર બળાત્કાર થયાનું તેને ખ્યાલમાં આવ્યું હતું. ૨૦ ડિસેમ્બર, શનિવારે રાત્રે એક (જુઓ પાનું ૨) ▸▸



કાતિલ ઠંડીઃ હૃષીકેશના 'રામ ઝૂલા' પરથી સવારે ઠંડીથી બચવા ઊનના કપડાં પહેરીને પસાર થઇ રહેલા લોકો. (પીટીઆઇ)

## સંભલ એન્કાઉન્ટરઃ ૧૩ પોલીસ સામે એફઆઈઆર

સંભલ (ઉત્તર પ્રદેશ) : સ્થાનિક અદાલતે બનાવટી અથડામણ માટે ભૂતપૂર્વ સ્ટેશન હાઉસ ઑફિસર અને બીજા ૧૨ પોલીસ સામે ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ (એફઆઈઆર) નોંધવાનો આદેશ આપ્યો હતો. અદાલતે કહ્યું હતું કે લૂંટ કેસમાં અથડામણ પછી આરોપીને પકડવામાં આવ્યો હતો અને આરોપી ત્યારે જેલમાં જ હતો.

પોલીસે કહ્યું છે કે અમે આ હુકમને પડકારીશું. અરજદાર ઓમવીર વતી દલીલ કરનાર સુકાંત કુમારે માહિતી આપી હતી કે ચંદૌસી ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વિભાશુ સુધીરે ૨૪ ડિસેમ્બરે આદેશ બહાર પાડ્યો હતો. સુકાંત કુમારે કહ્યું હતુ કે બહજોઈ પોલીસે લૂંટ કેસમાં ખોટી રીતે સંડોવવામાં આવ્યો હતો અને રેકોર્ડ બતાડે છે કે અથડામણ બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. એક ફરિયાદ ૨૫ એપ્રિલ ૨૦૨૨એ કરવામાં આવી હતી કે બહજોઈ પોલીસ સ્ટેશનની હદમાં એક બૅગમાંથી એક લાખ રૂપિયા ચોરાયા હતા. એ જ દિવસે એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. ૭ જુલાઈ, ૨૦૨૨એ તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે પોલીસે અથડામણ કરી હતી. પોલીસે ૧૯ મોટરસાઈકલ અને લૂંટેલી રકમ પાછી મેળવી હતી. પોલીસે ઓમવીર અને બીજા બે ધિરેન્દ્ર અને અવનીશની ધરપકડ કરી હતી.

જોકે ઓમવીરે દાવો કર્યો હતો કે હું ૧૧ એપ્રિલ, ૨૦૨૨થી બુદાયું જેલમાં હતો અને ૧૨ મેએ જ તેને છોડવામાં આવ્યો હતો. આથી તે ૨૫ એપ્રિલે લૂંટ ચલાવે એ શક્ય નથી. આમ છતાં તેના પર આરોપનામું કરાયું હતું અને તેને જેલમાં મોકલવામાં આવ્યો હતો.

## કૅનેડામાં ભારતીય વિદ્યાર્થીની હત્યા

ટોરન્ટો : કૅનેડામાં ટોરન્ટો યુનિવર્સિટીના સ્કારબોરો પરિસર નજીક ૨૦ વર્ષીય ભારતીય વિદ્યાર્થીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસ આ કેસની તપાસ હત્યાના કેસ તરીકે કરી રહી છે. કૅનેડિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (સીબીસી)ના જણાવ્યા અનુસાર, ગોળીબારની ઘટના મંગળવારે બની હતી. ટોરન્ટો પોલીસે બુધવારે મૃતકની ઓળખ શિવાંક અવસ્થી તરીકે કરી હતી. ડ્યુટી ઇન્સ્પેક્ટર જેફ એલિંગ્ટને મંગળવારે રાત્રે ઘટનાસ્થળની નજીક પત્રકારોને જણાવ્યું હતું કે પોલીસને બપોરે લગભગ ૩:૩૦ વાગ્યે હાઇલેન્ડ ક્રીક ટ્રેલ અને ઓલ્ડ કિંગ્સ્ટન રોડ નજીક એક ઘાયલ વ્યક્તિ પડ્યો હોવાની જાણકારી મળી હતી. રિપોર્ટ અનુસાર, જ્યારે અધિકારીઓ (જુઓ પાનું ૨) ▸▸

## નાઈજીરિયાના આઈસિસનાં લક્ષ્યો પર અમેરિકા ત્રાટક્યું

વેસ્ટ પામ બીચ (અમેરિકા): અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ગુરુવારે કહ્યું હતું કે મારા કહેવાથી નાઈજીરિયાના ઈસ્લામિક સ્ટેટ ઑફ ઈરાક ઍન્ડ સીરિયા (આઈએસઆઈએસ-આઈસિસ) પરિબળો પર અમેરિકાએ 'શક્તિશાળી અને જીવલેણ' હુમલા કર્યા છે. આ અગાઉ ટ્રમ્પે અઠવાડિયા સુધી પશ્ચિમ આફ્રિકાના દેશની સરકાર પર ખ્રિસ્તીઓ પરના જુલમ અટકાવવામાં નિષ્ફળ જવાનો આક્ષેપ કર્યો હતો. ટ્રમ્પે તેના સોશ્યલ મીડિયા સાઈટ પર નાતાલની રાતની પોસ્ટમાં હુમલાથી (જુઓ પાનું ૨) ▸▸

## મૈસૂરમાંના બલૂન ગૅસ સિલિન્ડર ધડાકાને દિલ્હી બ્લાસ્ટ સાથે સંબંધ?: એનઆઇએની ટીમે તપાસ શરૂ કરી

બેંગલુરુઃ એનઆઈએની ટીમે શુક્રવારે મૈસૂરમાં તે સ્થળનું નિરીક્ષણ કર્યું હતું જ્યાં બલૂન ગેસ સિલિન્ડર વિસ્ફોટમાં એક વ્યક્તિનું મોત થયું હતું આજે દિલ્હી બ્લાસ્ટ સાથે કોઇ કડી છે કે નહીં એની તપાસ થઇ રહી છે. ગુરુવારે સાંજે મૈસૂર મહેલ નજીક આ વિસ્ફોટ થયો હતો અને એક બલૂન વિક્રેતાનું તાત્કાલિક મૃત્યુ થયું હતું, જ્યારે ચાર અન્ય ઘાયલ થયા હતા.

મૃતકની ઓળખ ઉત્તર પ્રદેશના સલીમ તરીકે થઈ છે.

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) ની ટીમે ઘટના વિશે માહિતી એકત્રિત કરી હતી અને સ્થળ પરથી તપાસ માટે જરૂરી સામગ્રી પણ એકત્રિત કરી હતી. તેઓએ લશ્કર મોહલ્લામાં તેની સાથે રહેતા તેના બે સાથીઓની પણ પૂછપરછ કરી હતી. પત્રકારો સાથે વાત કરતા, રાજ્યના ગૃહ પ્રધાન જી. પરમેશ્વરે કહ્યું કે લાયક વિક્રેતાઓ અને નાની વસ્તુઓના વેપારીઓની પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવા અથવા તપાસ કરવા માટે કોઈ નિયમો નથી.

મેં મારા વિભાગના અધિકારીઓને કહ્યું છે કે પ્રવાસીઓ મોટી સંખ્યામાં આવતા હોવાથી, આવી ઘટનાઓને રોકવા માટે શું કરી શકાય તે જોવા માટે અમે વધુ પગલાં લઈએ છીએ, એમ તેમણે કહ્યું.

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હિંદુઓની હત્યાઓ રોકવા બાંગ્લાદેશને ચમકારો બતાવવો પડે

**આપણા** પાડોશી દેશ બાંગ્લાદેશમાં ફરી હિંસા ભડકી છે. ફરી હિંદુઓને નિશાન બનાવીને હુમલા શરૂ થયા છે અને ૧૦ દિવસના ગાળામાં જ બીજા હિંદુ યુવકની હત્યા કરી દેવાઈ. આઘાતજનક વાત એ છે કે, બાંગ્લાદેશમાં હિંદુઓનું નિકંદન કઢાઈ રહ્યું છે અને આપણી હિંદુવાદી સરકાર બાંગ્લાદેશના હાઈ કમિશનરને બોલાવીને ઠપકો ઠપકો રમી રહી છે. હિંદુઓના હામી હોવાનો દાવો કરતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સહિતના કહેવાતાં હિંદુવાદી સંગઠનોના નેતા બાંગ્લાદેશમાં હિંદુઓ પરના અત્યાચાર-હુમલા અંગે ચિંતા વ્યક્ત કરીને સંતોષ માની રહ્યા છે અને આ સંગઠનોના કાર્યકરો દિલ્હીમાં બાંગ્લાદેશી હાઈ કમિશનની ઓફિસ સામે દેખાવો કરીને રાજી થઈ રહ્યા છે.

એક્શનની જરૂર બાંગ્લાદેશમાં છે ત્યારે દિલ્હીમાં ભવાડા કરાઈ રહ્યા છે. બાંગ્લાદેશી હિંદુઓને બચાવવા માટે આક્રમક બનવાના બદલે ઠાલી ચીમકીઓ આપીને સંતોષ માનવામાં આવી રહ્યો છે. ગયા વરસે જુલાઈમાં શેખ હસીનાને ઉથલાવી દેવાયાં ત્યારથી હિંદુઓ પર સતત હુમલા અને અત્યાચારો થઈ રહ્યા છે પણ દોઢ વર્ષમાં કેન્દ્ર સરકાર અને કહેવાતાં હિંદુવાદી સંગઠનોએ થૂંક ઉડાડવા સિવાય કશું કર્યું નથી. હવે ફરી હિંસા ભડકી છે ત્યારે ફરી એ જ નિષ્ક્રિયતાનાં દર્શન થઈ રહ્યાં છે.

શરમજનક વાત એ છે કે, દીપુ ચંદ્ર દાસ નામના હિંદુ યુવકની હત્યા પછી ભારતે બાંગ્લાદેશના દિલ્હી ખાતેના હાઈ કમિશનર એમ. હમિદુલાહ રિયાઝને બોલાવીને હિંદુઓ પરના અત્યાચાર રોકવા કહેલું એ છતાં હુમલા ચાલુ રહેતાં બે દિવસ પહેલાં રિયાઝને ફરી બોલાવીને હુમલા રોકવા ચીમકી અપાયેલી. આ ચીમકીની કોઈ અસર થઈ નથી, બલકે બીજા હિંદુ યુવકને મોતને ઘાટ ઉતારીને કટ્ટરવાદી મુસ્લિમોએ ભારતને સીધો પડકાર જ ફેંકી દીધો છે કે, અમે હિંદુઓને શોધી શોધીને મારીશું, ભારતથી થાય એ તોડી લે. બાંગ્લાદેશમાં રહેતા હિંદુઓ દેશ છોડીને ભાગી જાય નહિંતર અમે તેમને આ રીતે કૂતરાનાં મોતે જ મારીશું.

બાંગ્લાદેશમાં હિંદુઓની હત્યા પણ અત્યંત ક્રૂરતાથી કરાઈ રહી છે કે જેથી હિંદુઓમાં ડર પેદા થાય. હુમલાની આ ઘટનાઓમાં મૂક સાક્ષી બનીને બાંગ્લાદેશી પોલીસ પૂરો સાથ આપી રહી છે તેથી બાંગ્લાદેશમાં હિંદુઓ પોતાના હાલ પર છે, ભગવાન ભરોસે પણ નથી કેમ કે ભગવાન પણ તેમને બચાવી નથી રહ્યા.

ગયા અઠવાડિયે એટલે કે ૧૮ ડિસેમ્બરે ઢાકા પાસે હિન્દુ યુવક દીપુ ચંદ્ર દાસને ટોળાએ મારી મારીને મોતને ઘાટ ઉતારી દીધેલો અને પછી ઝાડ પર લટકાવીને સળગાવી દીધો હતો. દીપુના શબને ઝાડ પર લટકાવતાં પહેલાં તેનાં બધાં કપડાં કાઢી નાખીને નગ્ન કરી દેવાયેલું અને એવી ગંદી હરકતો કરાઈ હતી કે જે લખી પણ ના શકાય. દીપુ સાથે આચરાતી ક્રૂરતાનો વીડિયો બનાવીને વાયરલ કરાયો હતો કે જેથી હિંદુઓની ફેં ફાટી જાય.

આ ઘટનાનો આઘાત શમે એ પહેલાં તો ઉશ્કેરાયેલા ટોળાએ અમૃત મંડલ ઉર્ફે સમ્રાટ નામના હિન્દુ યુવકને ઢોરમાર મારીને મોતને ઘાટ ઉતારી દીધો. બુધવારે રાત્રે આશરે ૧૧:૦૦ વાગ્યે રાજબાડી જિલ્લાના હોસેનડાંગા ગામમાં બનેલી ઘટનામાં ૨૯ વર્ષીય અમૃત મંડલ ઉર્ફે સમ્રાટને ટોળાએ ઘરમાંથી ખેંચીને બહાર કાઢ્યો અને પછી જાહેરમાં જ બેફામ ધોલાઈ કરીને હત્યા કરી નાખી.

આઘાતજનક વાત એ છે કે, પોલીસને આ હુમલાની જાણ કરાયેલી પણ પોલીસે કશું ન કર્યું. ટોળાએ અમૃતને મોતને ઘાટ ઉતારી દીધો પછી પોલીસ પહોંચી અને હુમલાની જાણ કરનારા અમૃતના સાથી મોહમ્મદ સલીમને જ ઉઠાવીને અંદર કરી દીધો. પોલીસે સલીમ પાસેથી બે હથિયારો પણ કબજે કર્યા છે તેના પરથી સ્પષ્ટ છે કે, પોલીસ સમ્રાટના મોતના કેસમાં સલીમને ફિટ કરી દેવા માગે છે. પોલીસે સમ્રાટની હત્યાને બાંગ્લાદેશમાં હિંદુઓનું નિકંદન કાઢવાના મુસ્લિમ કટ્ટરવાદીઓના કારસા સાથે કંઈ લેવાદેવા ના હોય એવું ચિત્ર ઊભું કરવા માટે એવો દાવો કર્યો છે કે, સમ્રાટ પોતે ગુંડો હતો અને સમ્રાટ વિરુદ્ધ પાંગશા પોલીસ સ્ટેશનમાં હત્યાના કેસ સહિત બે કેસ નોંધાયેલા હતા. સમ્રાટ ગેંગ બનાવીને લાંબા સમયથી ખંડણી વસૂલતો હતો અને બીજી ગુનાઈત પ્રવૃત્તિઓમાં સામેલ હતો તેથી સ્થાનિક લોકો તેનાથી ખફા હતા. લોકોની ખફગીથી બચવા સમ્રાટ ભારત ભાગી ગયો હતો.

ભારતમાં લાંબા સમય સુધી છૂપાઈને રહ્યા પછી સમ્રાટ થોડા દિવસ પછી ઘરે પાછો ફર્યો હતો અને સમ્રાટે ગામના રહેવાસી શાહિદુલ ઇસ્લામ પાસેથી ખંડણીની રકમ માંગી હતી. બુધવારે રાત્રે સમ્રાટ અને તેના સાથીઓ શાહિદુલના ઘરે પૈસા લેવા ગયા ત્યારે ઘરના સભ્યોએ 'ચોર' બૂમો પાડીને અવાજ કર્યો તેમાં ટોળું ભેગું થઈ ગયું અને સમ્રાટને ફટકાર્યો તેમાં એ ઢબી ગયો. પોલીસના કહેવા પ્રમાણે, સમ્રાટના બીજા સાથીઓ ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા પણ સલિમ હથિયારો સાથે ઝડપાઈ ગયો હતો.

પોલીસે દીપુ દાસની હત્યા વખતે જ આવી કથા સંભળાવી હતી. પોલીસે દાવો કરેલો કે, દીપુ ચંદ્ર દાસે ફેસબુક પર મુસ્લિમોને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડતી ટિપ્પણી કરી હતી. દીપુ 'પાયોનિયર નિટવેયર્સ' નામની ટેક્સટાઈલ કંપનીમાં કામ કરતો હતો. બુધવારે અચાનક અફવા ફેલાઈ કે દીપુએ પયગંબર સાહેબ વિરુદ્ધ લખ્યું છે. આ વાત સાંજે સાતેક વાગે ફેલાઈ હતી અને રાત્રે લગભગ ૯ વાગ્યા સુધીમાં તો ફેક્ટરીની બહાર કટ્ટરવાદીઓનું મોટું ટોળું એકઠું થઈ ગયું હતું. હિંસક ટોળું ફેક્ટરીમાંથી દીપુને ખેંચીને બહાર ખેંચી લાવ્યું અને લાત, મુક્કા અને લાકડીઓથી એ હદે માર્યો કે, સ્થળ પર જ ગુજરી ગયો હતો.

બાંગ્લાદેશમાં હિંદુઓ લઘુમતીમાં છે તેથી દીપુની હત્યાના મુદ્દે ભારે હોબાળો થયો હતો. તેના કારણે સ્થાનિક પોલીસ પાસેથી તપાસ ઈ લેવાઈ હતી અને બાંગ્લાદેશની રેપિડ એક્શન બટાલિયનને સોંપાઈ હતી. આ તપાસમાં દીપુ દાસે ધાર્મિક લાગણીઓ દૂભાય એવી પોસ્ટ મૂકી હોય એવા કોઈ પુરાવા મળ્યા નથી. રેપિડ એક્શન બટાલિયનના કંપની કમાન્ડર મોહમ્મદ શમ્સુજ્ઝમાને જ બાંગ્લાદેશી અખબાર 'ધ ડેલી સ્ટાર'ને જણાવ્યું હતું કે, દાસે ફેસબુક કોઈની ધાર્મિક લાગણીઓ દુભાઈ હોય એવું કશું લખ્યું હોય એવા કોઈ પુરાવા મળ્યા નથી. મતલબ કે, પોલીસે ભળતી જ સ્ટોરી ઘડી કાઢીને કટ્ટરવાદી હુમલાખોરોને છાવર્યા છે. સમ્રાટના કિસ્સામાં પણ એવું જ થયું છે.

બાંગ્લાદેશના રાજકારણમાં જે કંઈ થઈ રહ્યું છે એ તેની આંતરિક બાબત છે પણ તેના બહાને હિંદુઓને ખતમ કરવાનો એજન્ડા અમલમાં મૂકાય તેની સામે ભારતે ચૂપ ના જ રહેવું જોઈએ. ભારત દુનિયામાં હિંદુઓનો સૌથી મોટો દેશ છે ત્યારે બાંગ્લાદેશના હિંદુઓની ભારતે જ ચિંતા કરવી પડે. ઠાલાં રાજદ્વારી પગલાંના બદલે બાંગ્લાદેશને ચમકારો બતાવવો પડે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, શનિવાર, તા. ૨૭-૧૨-૨૦૨૫, ગુરુ ગોવિંદસિંહ જયંતી,

- ભારતીય દિનાંક ૬, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ સુદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ સુદ-૭
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર,માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૮મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સવારે ક. ૦૯-૦૯ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા
- ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૦, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૦, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૬-૫૮ મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૨ (તા. ૨૮)
- ઓટઃ સવારે ક. ૧૦-૫૬, રાત્રે ક. ૨૨-૨૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ શુક્લ – સપ્તમી. ગુરુ ગોવિંદસિંહ જયંતી, જોરમેલા (પંજાબ), પંચક, ભદ્રા ક. ૧૩-૧૧ થી ૨૪-૪૦.
- શુભાશુભ દિનશુદ્ધિઃ બપોરે ક. ૧૨-૨૨ પછી શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શનિ દેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, વ્યતિપાત જન્મયોગ શાંતિ પૂજા, અજૈક્યપાદ દેવતાનું પૂજન, વિદ્યારંભ, ખેતીવાડી, પશુ લે-વેંચ.
- આચમનઃ ચંદ્ર-શનિ યુતિ અત્યંત સંઘર્ષમય જીવન, ચંદ્ર-નેપ્ચૂન યુતિ કલ્પનાશીલ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ લોકોમાં અણગમતા થઈ પડો, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ આંખોની કાળજી લેવી.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ યુતિ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ (તા. ૨૮)

- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## ટાર્ગેટ ઈસ્લામાબાદઃ બ્રહ્મોસના નવા અવતારથી પાકિસ્તાન ફફડ્યું

નવી દિલ્હીઃ ભારત દ્વારા પાકિસ્તાન, ચીન સહિતના દુશ્મનોના દરેક પ્રકારના પડકારનો સામનો કરવા માટે પોતાના શસ્ત્રોનું સતત આધુનિકીકરણ કરાઇ રહ્યું છે અને શસ્ત્રોની સંખ્યામાં પણ વધારો કરાઇ રહ્યો છે.

ભારત પાસે ક્રૂઝ મિસાઇલ 'બ્રહ્મોસ' ઉપરાંત ઇન્ટરકૉન્ટિનેન્ટલ (એક ખંડમાંથી બીજા ખંડમાં જઇ શકે એવા) મિસાઇલ 'અગ્નિ-ફાઇવ' છે. તેઓ દુશ્મનોના સુરક્ષા-કવચને ભેદીને વિનાશ વેરવા સક્ષમ છે. અત્યારે ૩૦૦ કિ.મી.ની રૅન્જ ધરાવતા બ્રહ્મોસના નવા અવતારની પહોંચ ૪૫૦ થી ૮૦૦ કિ.મી. હશે અને આ બાબતથી જ પાકિસ્તાન ફફડ્યું છે. બ્રહ્મોસનો નવો અવતાર દિલ્હીથી ૭૦૦ કિ.મી. દૂર પાકિસ્તાનની રાજધાની ઇસ્લામાબાદને તબાહ કરી શકે એમ છે.

'અગ્નિ-ફાઇવ' મલ્ટિપલ ઇન્ડિપેન્ડન્ટલી ટાર્ગેટેબલ રીએન્ટ્રી વેહિકલ ('આઇસીબીએમ') ટેક્નોલૉજી સાથેનું ઇન્ટરકૉન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઇલ છે. તે અણુશસ્ત્રોનાં વહનની ક્ષમતા ધરાવે છે અને મોટા પાયે વિનાશ વેરી શકે છે. (એજન્સી)

## ઍર પ્યૉરિફાયર્સ પર ૧૮ ટકા જીએસટી કેમ?: સરકારને દસ દિવસમાં જવાબ આપવા કહ્યું કોર્ટે

નવી દિલ્હીઃ દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે કેન્દ્ર સરકારને સવાલ કર્યો હતો કે રાષ્ટ્રીય રાજધાની અને નજીકના વિસ્તારોમાં હવાની ગુણવત્તા ખરાબ થતી હોવાથી સામાન્ય માણસ માટે એર પ્યુરિફાયર પર વસૂલવામાં આવતા જીએસટીમાં ઘટાડો કેમ કરી શકાતો નથી. જેથી સામાન્ય વ્યક્તિ માટે તે સસ્તુ બની શકે. કોર્ટે આ સવાલ ત્યારે કર્યો છે જ્યારે કેન્દ્ર સરકારના વકીલે કહ્યું હતું કે જીએસટી કાઉન્સિલ એક બંધારણીય સંસ્થા છે અને તે હવે દિલ્હી પર એકપક્ષી ટેક્સ નથી.તે સમગ્ર ભારતમાં એક સંઘીય ટેક્સ છે તેથી તમામ ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ સંમત થવું પડશે અને તેમાં કેન્દ્રીય નાણાં પ્રધાન પણ સભ્ય હોય છે.

કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એન. વેંકટરામને જણાવ્યું હતું કે મતદાન ફિઝિકલી રીતે થવું જોઈએ અને તે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે થઈ શકે નહીં અને તેમણે કહ્યું હતું કે સરકાર આ મામલે અત્યંત વિગતવાર કાઉન્ટર સોગંદનામું દાખલ કરશે.જસ્ટિસ વિકાસ મહાજન અને જસ્ટિસ વિનોદ કુમારની વેકેશન બેન્ચે કેન્દ્ર સરકારને અરજીનો જવાબ દાખલ કરવા માટે ૧૦ દિવસનો સમય આપ્યો અને આ મામલાની વધુ સુનાવણી ૯ જાન્યુઆરીએ થશે. પરંતુ કોર્ટની ચિંતા એ હતી કે દિલ્હી અને આસપાસના વિસ્તારોની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જીએસટીને ૧૮ ટકાથી ઘટાડીને ૫ ટકા કેમ ન કરવો જોઈએ?

## ૪૮ મુખ્ય શહેરોમાં ટ્રેનની ક્ષમતા બમણી કરવાની રેલવે મંત્રાલયની નેમ

નવી દિલ્હીઃ રેલવે મંત્રાલયે શુક્રવારે જણાવ્યું હતું કે મુસાફરીમાં ઝડપી અને સતત વૃદ્ધિ સાથે તાલમેલ રાખવા માટે, આગામી પાંચ વર્ષમાં નવી ટ્રેનો શરૂ કરવાની મુખ્ય શહેરોની ક્ષમતા બમણી કરવાની જરૂર છે.

તેમાં ઉમેર્યું હતું કે આગામી વર્ષોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે વર્તમાન માળખાગત સુવિધાને વધારવાની જરૂર છે.

વર્ષ ૨૦૩૦ સુધીમાં ટ્રેનની ક્ષમતા બમણી કરવા માટે જરૂરી પગલાં પર પ્રકાશ પાડતા, તે વધારાના પ્લેટફોર્મ સાથે વર્તમાન ટર્મિનલ્સને વધારવા, શહેરી વિસ્તારમાં અને તેની આસપાસ નવા ટર્મિનલ ઓળખવા અને બનાવવા, મેગા કોચિંગ કોમ્પ્લેક્સ સહિત જાળવણી સુવિધાઓનું નિર્માણ અને ટ્રાફિક સુવિધા કાર્યો સાથે વિભાગીય ક્ષમતા વધારવાની યોજના ધરાવે છે.

ટર્મિનલ્સની ક્ષમતા વધારવાની યોજના બનાવતી વખતે, ટર્મિનલ્સની આસપાસના સ્ટેશનો પર પણ વિચારણા કરવામાં આવશે જેથી ક્ષમતા સમાન રીતે સંતુલિત થાય. ઉદાહરણ તરીકે, પુણે શહેર માટે, હડપસર, ખડકી અને આણંદીને પુણે સ્ટેશન પર પ્લેટફોર્મ વધારવા અને લાઇનો સ્ટેબલ કરવા સાથે ક્ષમતા વધારવા માટે વિચારણા કરવામાં આવી છે, એમ મંત્રાલયે જણાવ્યું હતું.

## ડાબેરીઓના ગઢમાં ભાજપનું ગાબડુંઃ તિરુવનંતપુરમનો મેયર ભગવા પક્ષનો

તિરુવનંતપુરમઃ ભારતીય જનતા પક્ષ (ભાજપ)ને કેરળમાં મોટી સફળતા હાથ લાગી છે. શુક્રવારે બપોરે ભાજપના વી.વી. રાજેશએ કેરળની રાજધાની તિરુવનંતપુરમના મેયર તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. માર્ક્સવાદીઓની મજબૂત પકડ ધરાવતા કેરળમાં આ પગપેસારો ભાજપ માટે મહત્ત્વનો માનવામાં આવે છે. શપથ ગ્રહણ કર્યા બાદ ૪૫ વર્ષીય વી.વી. રાજેશે કહ્યું, ''અમે સૌની સાથે મળીને આગળ વધીશું, તમામ ૧૦૧ વોર્ડનો વિકાસ લાગુ કરવામાં આવશે, તિરુવનંતપુરમ એક વિકસિત શહેરમાં બનાવવામાં આવશે.'' નોંધનીય છે કે આ જ મહિનાની શરૂઆતમાં યોજાયેલી તિરુવનંતપુરમ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપે ૫૦ બેઠકો જીતીને ઈતિહાસ રચ્યો હતો.

## મ્યાનમારમાં ઓનલાઈન ફ્રોડના ૪૯૪ અડ્ડાનો નાશ કરાયો

મ્યાવેડ્ડીઃ ચીન, મ્યાનમાર અને થાઈલૅન્ડના સંયુક્ત આંતરરાષ્ટ્રીય ઑપરેશનમાં મ્યાનમારના સરહદપાર જુગાર અને ટેલિકોમ છેતરપિંડીનાં સ્થળો પર નવી તવાઈ આવી હતી. ઑપરેશનમાં ટેલિકોમ છેતરપિંડીમાં સંડોવાયેલા ૯૫૨ ચીની નાગરિકોને દેશમાં પાછા મોકલવામાં આવ્યા હતા અને મ્યાનમારના કેકે પાર્કમાં જુગાર અને કૌભાંડના ગુનામાં સંડોવાયેલા ૪૯૪ મકાનને તોડી નાખવામાં આવ્યા હતા.

મ્યાનમારના મ્યાવેડ્ડી રિજનમાં છેલ્લામાં છેલ્લું ઑપરેશન ત્રણ દેશના પોલીસે કર્યું હતું. આમાં મોટા ફ્રોડ હબને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા. ઑક્ટોબરથી મ્યાનમારે મ્યાવેડ્ડી અને બીજા એરિયામાં ઑપરેશન સઘન કર્યા હતા જેથી મોટા પ્રમાણમાં ધરપકડ કરવામાં આવી હતી અને કૌભાંડનાં સ્થળોને દૂર કરાયાં હતાં. ૧૫ ડિસેમ્બરે ત્રણ દેશના અધિકારીઓએ કેકે પાર્ક અને યટાઈ ન્યૂ સિટીના મોટા સ્કેમ ઝોનમાં દરોડા પાડ્યા હતા. ૧૬થી ૧૯ ડિસેમ્બર સુધી ચીનના જાહેર સુરક્ષાએ જિલિન અને હેનાન પ્રાંતોના પોલીસની મદદથી પકડેલા શકમંદોને ચીનમાં પાછા મોકલ્યા હતા. આ વર્ષે ઓનલાઈન જુગાર અને ટેલિકોમ છેતરપિંડીમાં સંડોવાયેલા ચીનના ૭,૬૦૦ નાગરિકોને ચીનમાં પાછા મોકલ્યા હતા.

## જયપુરમાં મસ્જિદની બહાર પોલીસ પર પથ્થરમારો, પરિસ્થિતિ બેકાબૂ

જયપુરઃ રાજસ્થાનના જયપુરના ચોમુમાં મસ્જિદની બહારથી પથ્થર દૂર કરવાની બાબતે વિવાદ થતા તોફાનો થયા હતા. આ વિવાદ પછી મુસ્લિમ સમુદાયના લોકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. તેમજ આ સ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે લાઠીચાર્જ કરીને ટીયર ગેસના સેલ છોડવાની પણ ફરજ પડી હતી.

મળતી માહિતી મુજબ બસ સ્ટેન્ડ પાસેની મસ્જિદની બહાર પથ્થર પડ્યા હતા. મુસ્લિમ સમુદાયની સહમતિથી પથ્થરો દૂર કરવામાં આવી રહ્યા હતા ત્યારે જ અચાનક લોકોએ તેનો વિરોધ શરૂ કર્યો હતો. તેમજ મોટી સંખ્યામાં એકત્ર લોકોએ પોલીસ અને વહીવટીતંત્ર વિરુદ્ધ નારેબાજી શરૂ કરી હતી. તેમજ થોડી વારમાં જ પોલીસ પર પથ્થરમારો થયો હતો.

## આર્થિક સુધારાની પ્રક્રિયા વધુ ઝડપી બનાવાશેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે જણાવ્યું હતું કે સરકાર લોકોનું જીવન વધુ સરળ બનાવવા માટે (કાયદામાંના) આર્થિક સુધારાની પ્રક્રિયા વધારે ઝડપી બનાવાશે.

મોદીએ જણાવ્યું હતું કે અમારી સરકાર લોકોનું જીવન વધુ સરળ બનાવવા માટે કટિબદ્ધ છે.

બે હૅશટેગ 'રિફોર્મઇનએક્શન' અને 'ગુડગવર્નન્સ' હેઠળ કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે સુધારાનો હેતુ લોકોનું કામકાજ ગૂંચવણભર્યું નહિ, પરંતુ સહેલું બનાવવાનો છે. (એજન્સી)

## વિજ્ઞાન અને ધર્મ વચ્ચે કોઈ વિવાદ નથીઃ મોહન ભાગવત

### 'બાળકોને માતૃભાષામાં શિક્ષણ આપવું જરૂરી'

તિરુપતિઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે શુક્રવારે જણાવ્યું હતું કે વિજ્ઞાન અને ધર્મ વચ્ચે ક્યારેય કોઇ વિવાદ ન હોવો જોઇએ. તે બન્ને ભિન્ન માર્ગે 'સત્યની ખોજ' કરે છે.

તેમણે ધર્મને સમજવામાં ભાષાના મહત્ત્વની જાણકારી આપતા જણાવ્યું હતું કે ફિનલૅન્ડમાં રહેતા વિવિધ દેશનાં બાળકોને આઠમા ધોરણ સુધી તેઓની માતૃભાષામાં જ શિક્ષણ અપાય છે.

બાળકોને માતૃભાષામાં શિક્ષણ આપવાથી તેઓનો સારો બૌદ્ધિક વિકાસ થાય છે અને જ્ઞાન પ્રાપ્ત કરવાની ક્ષમતા વધે છે. ભારતીય ભાષાઓમાં 'ધર્મ'ને સમજવા માટે અસંખ્ય શબ્દો છે, પરંતુ વિદેશી ભાષાઓમાં તે નથી. બાળકોને માતૃભાષામાં જ વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક જ્ઞાન આપવું જોઇએ. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### ઉદયપુરમાં

ખાનગી કંપનીના સીઈઓએ પોતાની જન્મદિવસની પાર્ટીનું આયોજન કર્યું હતું. પીડિતા આ પાર્ટીમાં ગઈ હતી. પાર્ટી એક હોટલમાં યોજાઈ હતી જ્યાં સીઈઓ જીતેશ સિસોદિયા પોતાનો જન્મદિવસ ઉજવી રહ્યા હતા.પીડિતા રાત્રે ૯ વાગ્યાની આસપાસ પાર્ટીમાં પહોંચી હતી. એવો આરોપ છે કે સીઈઓ અને તેના સહયોગીઓએ પાર્ટી પછી એક સુનિયોજિત કાવતરું ઘડ્યું અને મહિલા મેનેજરને પર ચાલતી કારમાં બળાત્કાર કર્યો હતો. અહીંના શોભાગપુરા વિસ્તારની એક હોટલમાં પીડિતા કંપનીના સીઇઓના જન્મદિવસ અને ન્યૂ યર પાર્ટીમાં સામેલ થઈ હતી. મહિલાની ફરિયાદ મુજબ, તેની જ કંપનીના સીઈઓ, તેની સાથી મહિલા કર્મચારી અને તેના પતિએ પાર્ટી પછી ઘરે મુકવાના બહાને તેની સાથે બળાત્કાર કરવામાં આવ્યો હતો. આઇટી ફર્મમાં મેનેજર તરીકે કામ કરતી પીડિતાએ આરોપ લગાવ્યો કે તે બીજી મહિલા કર્મચારી હતી જેણે અન્ય મહેમાનો ગયા પછી તેને ઘરે મૂકવાની ઓફર કરી હતી અને તેને તે કારમાં લઈ ગઈ હતી જેમાં અન્ય બે આરોપીઓ પહેલાથી જ હાજર હતા.

પીડિતાએ કહ્યું હતું કે ઘરે મુકવા જતા સમયે આરોપીએ કથિત રીતે દુકાનમાંથી સિગારેટ જેવી વસ્તુ ખરીદી અને પીડિતાને આપી હતી. જે પીધા પછી તે કથિત રીતે બેભાન થઈ ગઈ હતી. બાદમાં જ્યારે પીડિતા ભાનમાં આવી ત્યારે તે ભયાનક આઘાતમાં હતી કારણ કે તેણીએ પ્રતિકાર કરવાનો પ્રયાસ કરવા છતાં ત્રણેય આરોપીઓ દ્વારા તેના પર હુમલો કરવામાં આવતો હોવાનું જાણવા મળ્યું હતું. તેણીએ પોતાની ફરિયાદમાં એવો પણ આરોપ લગાવ્યો હતો કે વહેલી સવારે તેણીને તેના ઘરે છોડી દેવાતા પહેલા આખી રાત કારમાં રાખવામાં આવી હતી. ત્રણેય આરોપીઓની ગુરુવારે ધરપકડ કરવામાં આવી હતી. ઉદયપુરના પોલીસ અધિક્ષક યોગેશ ગોયલના જણાવ્યા અનુસાર, કોર્ટમાં રજૂ કર્યા પછી તેમને ચાર દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. (એજન્સી)

### અમેરિકા સમજે

નાગરિકો તરફથી ફરિયાદ મળી હતી કે અમને વિઝાની નવી અપોઈન્ટમેન્ટ મળવામાં મુશ્કેલી નડી રહી છે. આને કારણે આ ભારતીયોના પરિવારો હેરાન થઈ રહ્યા છે અને તેમનાં સંતાનોનાં શિક્ષણ પર અસર થઈ રહી છે. વિદેશ મંત્રાલયના સચિવ રણધીર જૈસવાલે તેમની સાપ્તાહિક પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે વિઝાની બાબત એ કોઈ પણ દેશનો સાર્વભૌમત્વનો મુદ્દો છે. અમે વિઝાના ઈન્ટરવ્યૂમાં વિલંબની બાબત અમેરિકાને નવી દિલ્હીમાં અને વૉશિંગ્ટન ડીસીમાં પણ જણાવી છે. અનેક ભારતીયો આને લીધે ભારતમાં રઝળી પડ્યા છે અને તેમને ભારે હાડમારી વેઠવી પડે છે. નિર્ધારિત મુલાકાતો રદ થવાથી અરજદારોના અમેરિકા પાછા આવવામાં વિલંબ થઈ રહ્યો છે. (એજન્સી)

### દિલ્હી બ્લાસ્ટમાં

આતંકવાદી હુમલાનું આયોજન કરનારને ઑપરેશન સિંદૂર વડે સજા આપી હતી અને જે ઈસમોએ આ કૃત્ય કર્યું હતું એને ઑપરેશન મહાદેવ વડે ઠાર મારવામાં આવ્યા હતા. અમિત શાહે દાવો કર્યો હતોકે આતંકવાદને જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો. એન્ટિ-ટેરરિઝમ કોન્ફરન્સ-૨૦૨૫ને સંબોધતા કહ્યું હતું કે જે લોકોએ પહલગામ હુમલાનું કાવતરું ઘડ્યું હતું એ લોકોનું ઑપરેશન સિંદૂર વડે સજા કરવામાં આવી હતી. આતંકવાદીઓ અને તેમને હથિયારો આપનારને ઑપરેશન મહાદેવ વડે નિષ્ક્રિય બનાવ્યા હતા. (પીટીઆઇ)

### કચ્છમાં

વિસ્તારોમાં વિશેષ થઇ હતી અને મકાનના બારી-બારણાં ખખડવા લાગતાં તેમજ રાચરચીલું જાણે કોઈએ જોરથી હટાવ્યું હોય તેવી અનુભૂતિ થવા પામી હતી તેમ એક સ્થાનિકે જણાવ્યું હતું. સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે, વહેલી સવારે આંચકાની અસર હેઠળ ઘરના બારી-બારણાં ખખડવા લાગતાં તેમજ સીલિંગ ફેન હાલક ડોલક થવા સાથે પલંગ કોઈએ ખસાવ્યો હોય તેવી અનુભૂતિ થવા પામી હતી અને લોકો ડરના માર્યા પોતપોતાના જર્જરિત એપાર્ટમેન્ટમાંથી નીચે ઉતરી આવ્યા હતા.

### બાંગ્લાદેશમાં

તારિક રહેમાનની વતન વાપસી પર સાવચેતીપૂર્વક પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે તેને સમાવેશક ચૂંટણીઓ સુનિશ્ચિત કરવાના સંદર્ભમાં જોવું જોઈએ. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે ભારત બાંગ્લાદેશના મૈમનસિંહમાં હિન્દુ યુવક દીપુ ચંદ્ર દાસની તાજેતરમાં થયેલી હત્યાની નિંદા કરે છે.

### કૅનેડામાં

ઘટનાસ્થળે પહોંચ્યા હતા ત્યારે તેમને તે વ્યક્તિ ફાયરિંગમાં ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યો હતો. તેને ઘટનાસ્થળે મૃત જાહેર કરવામાં આવ્યો હતો.પોલીસ હત્યાનો કેસ નોંધી તપાસ શરૂ કરી હતી.

### સાવજ, દીપડા

ગણતરી થઈ હતી, ત્યારે અધિકારીઓને વાઘના પંજાનાં નિશાન તો મળ્યાં હતાં, પરંતુ વાઘ ક્યાંય જોવા મળ્યો નહોતો. એ બાદ વર્ષ ૧૯૯૨માં વાઘની વસતિ ગણતરીમાંથી ગુજરાતની બાદબાકી કરવામાં આવી હતી અને રાજ્યએ ટાઈગર સ્ટેટનો દરજ્જો ગુમાવ્યો હતો. ત્યાર બાદ વર્ષ ૨૦૧૯ વાઘ જોવા મળતાં આશાનું કિરણ જાગ્યું હતું, પરંતુ દુર્ભાગ્યે એ વાઘ માત્ર ૧૫ દિવસ સુધી જ જીવિત રહી શક્યો હતો. રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળ દ્વારા કરાયેલી પુષ્ટી બાદ ગુજરાતમાં સિંહ, દીપડો અને વાઘ એમ ત્રણેય પ્રાણીનો વસવાટ હોય તેવું પ્રથમ રાજ્ય બન્યું હતું. વન વિભાગ દ્વારા હવે 'ટાઈગર્સ આઉટસાઈડ ટાઈગર રિઝર્વ' પ્રોજેક્ટ હેઠળ રતનમહાલમાં વાઘની વસ્તી વધારવા માટે વાઘણ લાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ગુજરાત વન વિભાગની આ માંગને લઈને એનટીસીએ કામ કરી રહી છે.

### ચીનનો ઝટકો

સામેલ ૨૦ અમેરિકન લશ્કરી-સંબંધિત કંપનીઓ અને ૧૦ વરિષ્ઠ અધિકારી સામે વળતા પગલાં લેવાનું નક્કી કર્યું છે.તેમાં કહેવામાં આવ્યું છે કે તાઇવાન પ્રશ્ન ચીનનાં મુખ્ય હિતોના મૂળમાં છે અને ચીન-અમેરિકા સંબંધોમાં પ્રથમ લક્ષ્મણ રેખા છે જેને ઓળંગવી ન જોઈએ. તાઇવાન પ્રશ્ન પર જે કોઈ પણ રેખા પાર કરવાનો અને ઉશ્કેરણી કરવાનો પ્રયાસ કરશે તેને ચીનનો કડક જવાબ મળશે .તેમાં અમેરિકાને એક-ચીન સિદ્ધાંતનું પાલન કરવા અને તાઇવાનને સશસ્ત્ર બનાવવાના ખતરનાક પગલાં બંધ કરવા, તાઇવાન સ્ટ્રેટમાં શાંતિ અને સ્થિરતાને નબળી પાડવાનું બંધ કરવા અને તાઇવાન સ્વતંત્રતા અલગતાવાદી દળોને ખોટા સંકેતો મોકલવાનું બંધ કરવા વિનંતી કરવામાં આવી છે.

### નાઈજીરિયાના

ઈસ્લામીક આતંકવાદીને કેટલું નુકસાન થયું એની વિગતો આપી નહોતી. જોકે યુએસ આફ્રિકા કમાન્ડે કહ્યું હતું કે સોબોટો સ્ટેટમાં નાઈજીરિયાના સત્તાવાળાઓની વિનંતીને માન આપીને આ હુમલા કરવામાં આવ્યા હતા અને આમાં અનેક આઈએસઆઈએસ આતંકવાદીઓ માર્યા ગયા હતા ટ્રમ્પે લખ્યું હતું કે લશ્કરના સરસેનાપતિ તરીકે મેં આપેલા આદેશને લીધે ગુરુવારે રાત્રે અમેરિકા વાયવ્ય નાઈજીરિયામાં આઈએસઆઈએસના આતંકવાદીઓ પર ત્રાટક્યું હતું. આ આતંકવાદીઓ નિર્દોષ ખ્રિસ્તીઓને લક્ષ્ય બનાવીને તેમની હત્યા કરી રહ્યા હતા. (એજન્સી)

# 'ટેરિફ' છે ગુજરાતી લેક્સિકોનનો વર્ડ ઑફ ધ યર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દર વર્ષની જેમ આ વર્ષે ગુજરાતી લેક્સિકોન દ્વારા 'વર્ડ ઑફ ધ યર'ની પસંદગી કરવામાં આવી હતી. ૪૫ લાખથી વધુ શબ્દો ધરાવતાં શબ્દકોશના (અંગ્રેજી-ગુજરાતી, ગુજરાતી-અંગ્રેજી, ગુજરાતી-ગુજરાતી, હિન્દી-ગુજરાતી, મરાઠી-ગુજરાતી, સંસ્કૃત-ગુજરાતી) ઓનલાઇન પોર્ટલ ગુજરાતી લેક્સિકોન ડોટ કોમ દ્વારા વર્ષ ૨૦૧૮થી દર વર્ષે ડિસેમ્બર માસમાં સમગ્ર વર્ષ દરમ્યાન બનેલી ઘટનાઓ અને તેની લોકસમૂહ ઉપર પડેલી અસરો તથા મીડિયા દ્વારા જે શબ્દોના સૌથી વધુ પ્રચલિત થયા હોય અને જે શબ્દોએ લોકમાનસ પર પ્રબળ પ્રભાવ પાડ્યો હોય તે વિગતોને ધ્યાનમાં રાખીને એકત્રિત કરેલા શબ્દોમાંથી નિર્ણાયકો દ્વારા એક શબ્દ પસંદ કરી 'વર્ડ ઑફ ધ યર' જાહેર કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ માટે 'ટેરિફ' શબ્દને 'વર્ડ ઑફ ધ યર ૨૦૨૫' તરીકે ગુજરાતી લેક્સિકોન દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો.

જાન્યુઆરી ૨૦૨૫માં અમેરિકાના પ્રમુખપદે ડોનલ્ડ ટ્રમ્પે બીજી વાર શપથ ગ્રહણ કર્યા બાદ તેઓ અવારનવાર ટેરિફ અંગે નવી નવી જાહેરાતો કરી વિશ્વભરના આર્થિક રાજકારણમાં ચડાવ-ઉતાર લાવી રહ્યા છે. આ સંદર્ભમાં આપણે રોજેરોજ 'ટેરિફ' વિશે સાંભળીએ છીએ. ટેરિફ શબ્દ એ માત્ર ભારત કે અમેરિકા જ નહીં પણ વિશ્વના ઘણા દેશોને રાજકીય અને આર્થિક રીતે અસર કરી ગયો છે. છેલ્લા ઘણા વખતથી 'ટેરિફ'ના સંદર્ભમાં અમેરિકન રાષ્ટ્રપતિએ ઘણાં ફેરફારો કર્યા છે જે વિશ્વના ઘણા દેશોની આયાત-નિકાસને અસર કરી ગયા છે. ■

# અમદાવાદમાં સુભાષ બ્રિજની બન્ને બાજુ નવા બબ્બે લેનના પુલ બનશે

## ૨૫૦ કરોડ રૂપિયાના ખર્ચે રિસ્ટોરેશન અને વિસ્તરણ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના પૂર્વ તેમ જ પશ્ચિમને જોડતા અને સૌથી વ્યસ્ત ગણાતા એવા સુભાષ બ્રિજમાં તિરાડ પડી હતી. ત્યાર બાદ હરકતમાં આવેલા અમદાવાદ મનપા તંત્ર દ્વારા ૨૫ ડિસેમ્બર સુધી બ્રિજ બંધ કરવામાં આવ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બ્રિજ નિષ્ણાતોની એજન્સીઓ પાસે કરાવેલો રિપોર્ટ રાજ્ય સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશનને સોંપવામાં આવ્યો હતો. એને પગલે ૨૬ ડિસેમ્બર શુક્રવારના રોજ બ્રિજનું આખું સુપરસ્ટ્રક્ચર તોડવાનું તેમજ બન્ને બાજુ બે-બે લેન બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

સાબરમતી નદી પર આવેલા સુભાષ બ્રિજના રીસ્ટોરેશન તથા હાલના બ્રિજની બન્ને બાજુ નવા ૨-૨ લેનના બ્રિજના નિર્માણ માટે રાજ્ય સરકારના માર્ગદર્શનમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વ્યાપક યોજના તૈયાર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત વર્તમાન બ્રિજની સલામતી, ભવિષ્યની ટ્રાફિક માગ અને લાંબા ગાળાની ઉપયોગિતા ધ્યાનમાં રાખીને બે ફેઝમાં કામગીરી હાથ ધરવામાં આવશે.

સુભાષ બ્રિજને થયેલા નુકસાન અંગે એમ્પેનલ્ડ કન્સલ્ટન્ટ્સ ઉપરાંત આઈઆઈટી રૂડકી અને એસવીએનઆઈટી સુરતના નિષ્ણાતો દ્વારા વિગતવાર તપાસ કરવામાં આવી હતી. નિષ્ણાતોના અભિપ્રાય અનુસાર હાલના બ્રિજના સુપરસ્ટ્રક્ચરને દૂર કરવું જરૂરી હોવાનું નક્કી કરવામાં આવ્યું છે.

શહેરમાં વધતી ટ્રાફિકની માગને ધ્યાનમાં રાખીને, માત્ર રિસ્ટોરેશન સુધી સીમિત ન રહી, હાલના બ્રિજની બન્ને બાજુ વધારાના નવા બ્રિજ બનાવવાની યોજના પણ તૈયાર કરવામાં આવી છે. આ સમગ્ર પ્રોજેક્ટ માટે અંદાજિત ખર્ચ રૂ. ૨૫૦ કરોડ રાખવામાં આવ્યો છે અને કામગીરી ઈપીસી મોડ હેઠળ અમલમાં મૂકવામાં આવશે.

પ્રથમ ફેઝમાં હાલના બ્રિજના સુપરસ્ટ્રક્ચરને સંપૂર્ણપણે દૂર કરી, ૩૮ મીટર સ્પાન મુજબ સ્ટીલ કોમ્પોઝિટ ગર્ડર આધારિત નવું સુપરસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવશે. આ કામગીરી માટે હયાત પિયરને માઇક્રો કોન્ક્રીટ દ્વારા જેકેટિંગ કરીને મજબૂત બનાવવામાં આવશે, જેથી નવી રચનાને પૂરતો આધાર મળી રહેશે.

બીજા ફેઝમાં હાલના બ્રિજની બન્ને બાજુ એકજ લેવલે નવા ૨-૨ લેનના બ્રિજનું નિર્માણ કરવામાં આવશે. આ માટે ફાઉન્ડેશનથી લઈને સુપરસ્ટ્રક્ચર સુધીની સમગ્ર કામગીરી નવેસરથી કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે.

બન્ને ફેઝની કામગીરી માટે ઊર્જા મોડ હેઠળ સંયુક્ત ટેન્ડર મગાવવાનું આયોજન છે. તે મુજબ સમગ્ર કામ માટે ઊર્જા ટેન્ડરની બેઝિક કોસ્ટ અંદાજિત રૂ. ૨૫૦ કરોડ રાખવામાં આવી છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ શહેરના ઉત્તર અને મધ્ય વિસ્તારો વચ્ચેનું ટ્રાફિક દબાણ ઘટશે અને ભવિષ્યની ટ્રાફિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે સક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ બનશે.

આગામી સોમવારે આ બ્રિજ માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવશે. આ બ્રિજ આઇકોનિક ઊભો થાય તેના માટે પ્રયાસ કરાશે. બ્રિજના તમામ સુપર સ્ટ્રકચરને તોડી પાડવામાં આવશે. બ્રિજના પિલ્લરને તોડવામાં નહીં આવે માત્ર તેને મજબૂત કરવામાં આવશે. જોકે આ રિસ્ટોરેશનની એટલે કે બ્રિજ તોડી સરખો કરવાની કામગીરી નવ મહિનામાં પૂરી કરવામાં આવશે. બ્રિજ માટે નવા સાત પિલ્લર ઊભા કરવામાં આવશે. આમ બ્રિજ નવ મહિના બંધ રહેશે. પછી વચ્ચેનો બ્રિજ ચાલુ કરી દેશે અને આજુબાજુમાં પછી બે લેન બનશે. નવ મહિનામાં બ્રિજની રિસ્ટોરેશન કામગીરી પૂર્ણ કરી બ્રિજને તમામ વાહનો માટે શરૂ કરી દેવામાં આવશે.

તપાસ દરમિયાન ટ્રકમાંથી માત્ર શાકભાજી મળી આવ્યા હતા, કોઈ ગેરકાયદેસર સામાન મળ્યો નહોતો. હુમલા બાદ દાહોદ પોલીસે આખી રાત કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું હતું. એલસીબી અને એસઓજીની ટીમોએ આરોપીને નજીકના ખેતરમાંથી શોધી કાઢ્યો હતો. ■

# વડોદરાથી નવી મુંબઈ એરપોર્ટની ફ્લાઈટ શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

વડોદરાઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજનના બીજા એરપોર્ટ તરીકે 'નવી મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ' એ ગુરુવારથી તેની કામગીરી શરૂ કરી દીધી છે, જેનાથી ડોમેસ્ટિક કનેક્ટિવિટીમાં મોટો વધારો થયો છે. સંચાલનના પ્રથમ દિવસે જ ઇન્ડિગો અને સ્ટાર એર દ્વારા અમદાવાદ અને નવી મુંબઈ એરપોર્ટ વચ્ચે સીધી ફ્લાઇટ સેવા શરૂ કરી હતી. જે બાદ હવે વડોદરાથી પણ નવી મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ સીધી ફ્લાઈટ શરૂ થશે.

ઈન્ડિગો દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ, ૩૦ ડિસેમ્બર ૨૦૨૫થી વડોદરા અને નવી મુંબઈ અઠવાડિયામાં પાંચ દિવસ ફ્લાઈટ શરૂ થશે. આ સેવા મંગળવાર, બુધવાર, શુક્રવાર, શનિવાર અને રવિવારે ઉપલબ્ધ રહેશે. સોમવાર અને ગુરુવારે ફ્લાઈટ બંધ રહેશે.

ફ્લાઇટ ૬ઈ ૦૮૯૦ નવી મુંબઈથી બપોરે ૩:૦૦ કલાકે ઉપડશે અને ૦૪:૦૫ કલાકે વડોદરા પહોંચશે. ફ્લાઇટ ૬ઊ ૦૮૯૧ (રિટર્ન) વડોદરાથી સાંજે ૪:૪૦ કલાકે ઉપડશે અને ૫:૪૫ કલાકે નવી મુંબઈ ઉતરશે. ■

# ન્યૂ યરઃ અમદાવાદમાં પોલીસે ડ્રગ્સનું સેવન કરનારાને પકડવા સલાઈવા ટેસ્ટ શરૂ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : વર્ષ ૨૦૨૬ શરૂ થવાને હવે ગણતરીના દિવસો જ બાકી છે. અમદાવાદમાં અત્યારથી જ અનેક જગ્યાએ પાર્ટીનાં આયોજનો થવાં લાગ્યાં છે. શહેરમાં છેલ્લા થોડા દિવસોમાં પકડાયેલા ડ્રગ્સના જથ્થા બાદ પોલીસ પણ સજાગ બની છે. પાર્ટીમાં ડ્રગ્સની રેલમછેલ ન થાય તે માટે સલાઈવા (લાળ)નો ટેસ્ટ શરૂ કર્યો છે.

અમદાવાદ શહેર પોલીસે પકવાન ચાર રસ્તા અને સિંધુ ભવન રોડ પર ૧૨૩ લોકોનું રેન્ડમલી ચેકિંગ કર્યું હતું. આ તમામ લોકોનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. એસઓજી દ્વારા બપોરે ૧.૩૦ થી ૪.૩૦ દરમિયાન ઇન્સ્ટન્ટ રિઝલ્ટ સલાઈવા કિટનો ઉપયોગ કરીને ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન માત્ર પુરુષો જ નહીં અનેક મહિલાઓનું પણ સ્ક્રીનિંગ કરાયું હતું. જેને જોઈ ત્યાં હાજર રહેલા લોકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. ઘણા લોકોએ યુવાનોને ડ્રગ્સથી બચાવવા માટે આ પગલાંને જરૂરી ગણાવીને આવકાર્યું હતું. જોકે કેટલાક લોકો આ અચાનક તપાસથી નારાજ પણ જણાયા હતા.સૂત્રોએ જણાવ્યું કે, નવા વર્ષ પહેલા ડ્રગ્સ વિરુદ્ધ શહેરવ્યાપી ઝુંબેશના ભાગરૂપે વરિષ્ઠ અધિકારીઓની સૂચના મુજબ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. એક અઠવાડિયામાં એસઓજી અને સિટી ક્રાઈમ બ્રાંચે અનેક સ્થળો પર દરોડા પાડીને આશરે પચીસ જેટલા ડ્રગ પેડલર્સ અને સપ્લાયર્સની ધરપકડ કરી હતી. ડ્રગ્સની સપ્લાય ચેઈન સુધી પહોંચવા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી સાથે મળીને આ સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું.

ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની ટીમ ૨૬ સલાઈવા કિટ લઈને આવી હતી. આ કિટ વ્યક્તિએ ડ્રગ્સનું સેવન કર્યું છે કે નહીં તે માત્ર મિનિટોમાં જ નક્કી કરી શકે છે. ટેસ્ટિંગ દરમિયાન ઋજ્ઞ ના નિષ્ણાતોએ સ્વચ્છતા અને હાઈજીનનું પૂરતું ધ્યાન રાખ્યું હતું. સલાઈવા કિટની સાથે ટીમ દ્વારા દરેક વ્યક્તિના મોં અને નાકમાંથી સેમ્પલ લેવા માટે પ્લાસ્ટિક સ્ટ્રીપ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સ્ટ્રીપ્સને કિટમાં નાખતા જ ગણતરીની મિનિટોમાં પરિણામ મળી જાય છે. આ કિટ એમફેટામાઇન, બેન્ઝોડાયઝેપાઈન્સ, કેનાબીસ (ગાંજો), કોકેઈન, મેથામ્ફેટામાઈન અને ઓપિયોઈડ્સની હાજરી શોધી શકે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં અલગ-અલગ સ્થળોએ આ પ્રકારનું ચેકિંગ ચાલુ રહેશે. જ્યાં ડ્રગ્સ વેચાતું હોય અને સેવન થતું હોય તેવા ઘણા હોટસ્પોટ્સ શોધી કાઢવામાં આવ્યા છે. શહેરના કોઈપણ વિસ્તારમાં ગમે ત્યારે ચેકિંગ હાથ ધરવામાં આવી શકે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે પોલીસનો હેતુ લોકોને પરેશાન કરવાનો નથી, પરંતુ ડ્રગ યુઝર્સની ઓળખ કરીને આખા નેટવર્કને તોડવાનો છે. અમારો હેતુ યુવાનોને આ વ્યસનથી બચાવવાનો છે. નવા વર્ષની પાર્ટીઓ અને મોડી રાતની ઉજવણીઓમાં ડ્રગ્સના ફેલાવાનું જોખમ વધી જાય છે. ■

# ચાઈનીઝ દોરી-તુક્કલના વેપારીઓ સામે કાર્યવાહી કરવા હાઈ કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તરાયણ પર્વમાં વેપારીઓ દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ દોરી અને તુક્કલનું બેફામ વેચાણ થઈ રહ્યું છે. જો કે આ મુદ્દે ગુજરાત હાઇ કોર્ટે આકરું વલણ અખત્યાર કર્યું છે. હાઈ કોર્ટે નાયલોન અને ચાઇનીઝ માંઝામાંથી બનેલા પ્રતિબંધિત પતંગ ઉડાવવાના દોરા પર પ્રતિબંધ લાગુ કરવાના રાજ્યના પ્રયાસોની સમીક્ષા કરી હતી. જેમાં હાઈ કોર્ટ દ્વારા ચાઈનીઝ દોરી અને પ્રતિબંધિત તુક્કલ જેવી જીવલેણ વસ્તુઓનું વેચાણ, સંગ્રહ કે વપરાશ કરનાર સામે કડકમાં કડક પગલાં લેવાનો આદેશ અપાયો હતો. કોર્ટે તમામ જિલ્લા પોલીસ વડાઓને નિર્દેશ કર્યો હતો કે પ્રતિબંધિત વસ્તુઓના વેચાણ અંગેનો ડે-ટુ-ડે (રોજિંદો) રિપોર્ટ રજૂ કરવાનો રહેશે. ગુજરાતના ગૃહ વિભાગના મુખ્ય સચિવ દ્વારા ગુજરાત હાઈ કોર્ટમાં સોગંદનામુ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં તંત્ર દ્વારા ચાઇનીઝ માંઝા, નાયલોન, કૃત્રિમ કોટિંગવાળા પ્લાસ્ટિકના દોરા, કાચથી કોટેડ નાયલોન અથવા કૃત્રિમ દોરા (પરંપરાગત માંઝા સિવાય) અને ચાઇનીઝ સ્કાય ફાનસ(તુક્કલ) સહિતના ખતરનાક દોરાનો ઉપયોગ કરવા સામે તેની અમલીકરણ ઝુંબેશ અને જનજાગૃતિ ઝુંબેશની વિગતવાર માહિતી આપી હતી.

હાઈ કોર્ટમાં રજૂ કરવામાં આવેલા સોગંદનામા મુજબ, ૨૧ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન, પોલીસે આ પ્રતિબંધિત વસ્તુઓના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અથવા ઉપયોગ સંબંધિત ૫૯ ગુના નોંધ્યા હતા. અધિકારીઓએ ૧૨,૦૬૬થી વધુ પ્રતિબંધિત દોરા અને સંબંધિત સામગ્રી - જેમ કે રીલ, સ્પૂલ, બોબિન્સ અને ટેલર, કટ દોરા જપ્ત કર્યા છે જેની કિંમત આશરે રૂ. ૩૬.૮૦ લાખ છે. વધુમાં, રાજ્યભરમાં ૭૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ અલગ-અલગ સોગંદનામામાં નોંધવામાં આવ્યું છે કે પોલીસ કમિશનરો અને જિલ્લા મેજિસ્ટ્રેટને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ હેઠળ વાર્ષિક સૂચનાઓ જારી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, જેમાં ઉત્તરાયણ દરમિયાન પતંગ ઉડાવવા માટે પ્રતિબંધિત વસ્તુઓનો ઉપયોગ, વેચાણ, સંગ્રહ અને કબજો રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ૨૦૨૬ માટે એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. આ મામલાની વધુ સુનાવણી ૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ થશે. ■

# પાલિકાની મંજૂરી હશે તોય બાંધકામ માટે સોસાયટીનું એનઓસી જોઈશેઃ હાઈ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે વધુ એક મોટો ચુકાદો આપ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજૂરી હોય તો પણ બાંધકામ માટે સોસાયટીનું એનઓસી ફરજિયાત જોઈશે તેમ કહી કોર્ટે વડોદરામાં ૧૦ માળ સુધી બંધાઈ ગયેલી એક બિલ્ડિંગના બાંધકામ પર રોક લગાવી દીધી હતી. કોર્ટે તેના ચુકાદમાં જણાવ્યું કે, ભલે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને ડેવલપમેન્ટની પરવાનગી આપી હોય પરંતુ સહકારી હાઉસિંગ સોસાયટીના પેટા નિયમોનું ઉલ્લંઘન કરીને અને સોસાયટીનું એનઓસી મેળવ્યા વગર કરવામાં આવેલું બાંધકામ ગેરકાયદેસર છે.

આ વિવાદ વડોદરાની ૬૦ વર્ષ જૂની 'અલ્કા કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ' નો છે. અહીં ચાર પ્લોટના માલિકોએ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી પરવાનગી મેળવીને ૨૦૨૪માં બાંધકામ શરૂ કર્યું હતું. સોસાયટીએ આનો વિરોધ કરતા આક્ષેપ કર્યો હતો કે, આ બાંધકામ સોસાયટીના રોડ પર દબાણ કરે છે અને પ્લોટનો ઉપયોગ માત્ર રહેણાંક હેતુ માટે જ કરવાના સોસાયટીના પેટા-નિયમોનું ઉલ્લંઘન કરે છે. સોસાયટીએ વડોદરાની સિવિલ કોર્ટમાં દાવો માંડી સ્ટે માગ્યો હતો, પરંતુ ત્યાંથી કોઈ રાહત મળી નહોતી. ત્યારબાદ સોસાયટીએ હાઈ કોર્ટ અરજી કરી હતી.

કોર્ટે કહ્યું કે, ભલે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને ૨૦૨૨માં મંજૂરી આપી હોય, પણ બાંધકામ સોસાયટીના નિયમો વિરુદ્ધ છે અને ફરજિયાત એનઓસી વગર કરવામાં આવ્યું છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજૂરીમાં પણ સોસાયટીનું એનઓસી મેળવવાની શરત સ્પષ્ટપણે લખેલી હતી. ચાર પ્લોટ માલિકોએ ૧૯૮૦ના સોસાયટીના એક ઠરાવનો હવાલો આપી દલીલ કરી હતી કે તેમને મરજી મુજબ બાંધકામની છૂટ અપાઈ હતી. કોર્પોરેશને જણાવ્યું કે આ વિવાદ સોસાયટી અને તેના સભ્યો વચ્ચેનો છે, જોકે તેમણે સ્વીકાર્યું હતું કે મંજૂરી આપતી વખતે સોસાયટીનું એનઓસી મેળવવાની શરત રાખવામાં આવી હતી.

કોર્ટે મંજૂરી પત્રમાં આપેલી શરતોને ધ્યાને લેતા જણાવ્યું હતું કે, સોસાયટીમાં એનઓસી વગર ચાલી રહેલું આ બાંધકામ કાયદેસરની પરવાનગી વગરનું ગણાય, તેથી કેસનો નિકાલ ન આવે ત્યાં સુધી તેને ચાલુ રાખવાની મંજૂરી આપી શકાય નહીં. આ ઉપરાંત કોર્ટે સ્પષ્ટ કર્યું કે, કોઈપણ સહકારી હાઉસિંગ સોસાયટીની અંદર કરવામાં આવતું બાંધકામ સોસાયટીના પેટા-નિયમો મુજબ જ હોવું જોઈએ અને તે શરૂ કરતા પહેલા સોસાયટીની પરવાનગી કે સંમતિ મેળવવી જરૂરી છે. ■

# બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચારઃ સુરત ગારમેન્ટ ઉદ્યોગનો નિકાસ રોકવા નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતનો કાપડ ઉદ્યોગ દર વર્ષે બાંગ્લાદેશ સાથે આશરે ૧૦૦૦ કરોડથી વધુનો સીધો વેપાર કરે છે. જોકે, વર્તમાન પરિસ્થિતિ એટલી ગંભીર છે કે આ વિશાળ આર્થિક હિતોને બાજુ પર મૂકીને વેપારીઓએ રાષ્ટ્રવાદ અને ધર્મના રક્ષણને પ્રાધાન્ય આપ્યું છે. ફેડરેશન ઓફ ટેક્સટાઇલ ટ્રેડર્સ એસોસિએશન (ફોસ્ટા)ના પ્રમુખ કૈલાશ હકીમે જણાવ્યું હતું કે, ભારતીયતા અને સનાતન સંસ્કૃતિને લલકારનાર કોઈપણ શક્તિ સામે સુરતનો વેપારી ઝૂકશે નહીં અને આર્થિક નુકસાન વેઠીને પણ વેપાર બંધ રાખશે.

સુરતમાં આવેલી કુલ ૨૪૦ જેટલી ટેક્સટાઇલ માર્કેટો અને તેની સાથે સંકળાયેલા અંદાજે ૧૭,૦૦૦થી વધુ વેપારીઓ આ બહિષ્કારના આહવાનમાં જોડાયા છે. ફોસ્ટા દ્વારા તમામ વેપારીઓને અપીલ કરવામાં આવી છે કે જ્યાં સુધી બાંગ્લાદેશમાં હિન્દુઓની સુરક્ષા સુનિશ્ચિત ન થાય અને અત્યાચારો બંધ ન થાય, ત્યાં સુધી કોઈએ પણ નવા ઓર્ડર લેવા નહીં કે માલની સપ્લાય કરવી નહીં. આ નિર્ણયને કારણે બાંગ્લાદેશના ગારમેન્ટ ઉદ્યોગને મોટી અસર થવાની શક્યતા છે, કારણ કે તે સુરતના કાપડ પર નિર્ભર છે.

બાંગ્લાદેશનો ટેક્સટાઇલ ઉદ્યોગ કાચા માલ અને ફિનિશ્ડ ફેબ્રિક માટે મોટાભાગે સુરત પર આધાર રાખે છે. સુરતથી મોટા પાયે પ્રિન્ટેડ અને ડાઈડ ગારમેન્ટ ફેબ્રિકની નિકાસ થાય છે. વેપારીઓએ કહ્યું હતું કે જો આપણે આપણો માલ આપવાનું બંધ કરીશું, તો ત્યાંના ઉદ્યોગ પર તેની સીધી અસર પડશે. જે સુરતના વેપારીઓ બાંગ્લાદેશની સરકાર અને ત્યાંના કટ્ટરપંથી તત્ત્વોને પર આ એક પ્રકારનો આર્થિક તમાચો છે.

સુરતના વેપારી સંગઠનોએ સ્પષ્ટ કર્યું હતું કે, ભારતની અસ્મિતા અને હિન્દુ સમાજની સુરક્ષા સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. 'પહેલા દેશ અને ધર્મ, પછી વેપાર'ના સૂત્ર સાથે સુરતના વેપારીઓ એકજૂથ થયા છે. આ ઐતિહાસિક નિર્ણય આગામી દિવસોમાં ભારત-બાંગ્લાદેશના વ્યાપારી સમીકરણો પર મોટી અસર કરી શકે છે, પરંતુ સુરતનો વેપારી અત્યારે માત્ર ન્યાય અને સન્માનની માગ કરી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશમાં સર્જાયેલી અસ્થિરતાને કારણે સુરતના વેપારીઓના અંદાજે ૧૦૦ કરોડથી વધુનું પેમેન્ટ હાલમાં અટવાયેલું છે. પેમેન્ટ અટવાયું હોવા છતાં વેપારીઓનો નિર્ણય મક્કમ છે. વેપારીઓનું માનવું છે કે રૂપિયા કરતા માનવીય મૂલ્યો અને પોતાની આસ્થાનું સન્માન વધુ મહત્ત્વનું છે. આથી જ, આર્થિક જોખમ હોવા છતાં બાંગ્લાદેશ સરકારને પાઠ ભણાવવા માટે સુરતના કાપડ બજારોએ નિકાસ અટકાવવાનો કડક નિર્ણય લીધો છે. ■

# સુરતમાં સ્પોર્ટ બાઇકની અડફેટે બે મિત્રોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં સ્પોર્ટ્સ બાઇકની ઓવરસ્પીડે બે મિત્રોનો જીવ લીધો હતો. ૨૬ ડિસેમ્બરના રોજ શહેરના પુણાગામ વિસ્તારમાં આવેલા શિવનગર પાસે મોડી રાત્રે સર્જાયેલા એક દર્દનાક અકસ્માતમાં બે આશાસ્પદ યુવકોનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતાં. મૃતક દિવ્યેશ કોટડિયા અને રોનક સોલંકી બંને મૂળ ગીર સોમનાથ જિલ્લાના હતા.

ઘટનાની વિગતો અને બેદરકારીનો આતંક

ઘટનાની વિગતો મુજબ, સુરતના રંગઅવધૂત સોસાયટીથી રેશમા ચાર રસ્તા તરફ જતા રોડ પર શિવનગર નજીક આ અકસ્માત સર્જાયો હતો. એક કેટીએમ સ્પોર્ટ્સ બાઈક પર સવાર બે યુવકો પ્રતિબંધિત એવામાં ફૂલ સ્પીડમાં બાઈક હંકારી રહ્યા હતા.

ઓવરસ્પીડના કારણે ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હોવાનું મનાય છે, જેના પરિણામે બાઈક સીધું જ રૂટની બાજુમાં આવેલા ઝાડ સાથે જોરદાર રીતે અથડાયું હતું. ટક્કર એટલી ભીષણ હતી કે બાઈક ચાલક અને તેના મિત્રને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા બંનેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. રસ્તા પર માંસના લોચા પણ વિખરાયેલા જોવા મળ્યા હતા.

પોલીસ તપાસ અને કાર્યવાહી ઘટનાની જાણ થતા જ પુણા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે બંને યુવકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા હતા અને અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# પોલીસ પર જીવલેણ હુમલો કરનારો ટ્રક ડ્રાઈવર ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના દાહોદ જિલ્લામાં શુક્રવારે એક આંતરરાજ્ય ચેકપોસ્ટ પરથી ભાગવાનો પ્રયાસ કરતી વખતે પોલીસ ઇન્સ્પેક્ટરની હત્યાનો પ્રયાસ કરવા બદલ ટ્રક ડ્રાઇવરની ધરપકડ કરવામાં આવી હતી. દાહોદ જિલ્લા પોલીસે જણાવ્યું કે, આ ઘટના રાત્રે એક વાગ્યાની આસપાસ ખંગેલા આંતરરાજ્ય ચેકપોસ્ટ પર બની હતી. આ ચેકપોસ્ટ ગુજરાતમાં દારૂ જેવી ગેરકાયદેસર વસ્તુઓની હેરાફેરી રોકવા માટેનું મુખ્ય પ્રવેશદ્વાર છે. કતવારા પોલીસ સ્ટેશનની ટીમે એક ટ્રકને ઊભી રાખવાનો ઈશારો કર્યો ત્યારે ડ્રાઇવરે તે અવગણીને ટ્રક ભગાવી મૂકી હતી, જેથી પોલીસે તેનો પીછો કર્યો હતો.

પોલીસે લગભગ બે કિલોમીટર સુધી પીછો કરીને ટ્રકને આંતરી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ડ્રાઇવરે શરૂઆતમાં પોલીસ સાથે દલીલ કરી હતી અને તેના સોશ્યલ મીડિયા પરના લાખો ફોલોઅર્સ હોવાની બડાશ મારી હતી. જ્યારે પોલીસે ટ્રકની તલાશી લેવાનો પ્રયાસ કર્યો, ત્યારે ભાગવા લાગ્યો હતો. તેણે કતવારા પોલીસ ઇન્સ્પેક્ટર ઉમેશ ગાવિત પર પથ્થરથી હુમલો કર્યો હતો. જેમાં ઇન્સ્પેક્ટરની જમણી આંખમાં ગંભીર ઇજા થઈ હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે, જ્યારે ડ્રાઇવરે ચેકપોસ્ટ પરથી ભાગવાનો પ્રયાસ કર્યો, ત્યારે પેટ્રોલિંગ ટીમને શંકા ગઈ કે ટ્રકમાં કોઈ પ્રતિબંધિત સામાન હોઈ શકે છે. જ્યારે ઇન્સ્પેક્ટર તથા અન્ય ચાર જવાનો આરોપીનો પીછો કરી રહ્યા હતા, ત્યારે ડ્રાઇવરે પાછળ ફરીને તેમના પર પથ્થરમારો કર્યો. ■

# રાજકોટમાં ₹ ૯૨.૭૧ કરોડનું બોગસ આઈટીસી કૌભાંડ પકડાયું

અમદાવાદઃ સેન્ટ્રલ જીએસટી વિભાગે અસ્તિત્વ ધરાવતી ન હોય તેવી બોગસ પેઢીઓ દ્વારા આચરાતું ₹૯૨.૭૧ કરોડનું નકલી ઇનપુટ ટેક્સ ક્રેડિટ કૌભાંડ પકડી પાડ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, માત્ર કાગળ પર જ અનેક શેલ કંપનીઓ ઊભી કરવામાં આવી હતી, જેનો મુખ્ય હેતુ બોગસ ઇન્વોઇસ જનરેટ કરી ગેરકાયદેસર રીતે આઈટીસી મેળવવાનો હતો, જેનાથી સરકારી તિજોરીને કરોડોનું નુકસાન થયું હતું

તપાસમાં જાણવા મળ્યું છે કે, વ્યવહારોના બનાવટી દસ્તાવેજો તૈયાર કરવા અને ઇન્વોઇસને રોટેટ કરીને આખું નેટવર્ક પૂર્વ આયોજિત રીતે ચલાવવામાં આવતું હતું. સીજીએસટીના અધિકારીઓએ આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરીને તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યા હતા. ■

# મુખ્ય પ્રધાન દ્વારા સુરતમાં ૮૫૮ કરોડનાં વિકાસ કામોને લીલી ઝંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સુરત જિલ્લામાં માર્ગ મકાન વિભાગ દ્વારા રૂ. ૮૫૮ કરોડનાં વિવિધ વિકાસ કામોના ઈ-ખાતમુહૂર્ત અને ઇ-લોકાર્પણ સંપન્ન કર્યા હતા. આ પ્રસંગે નાણાં અને શહેરી વિકાસ પ્રધાન કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ પ્રધાન નરેશભાઈ પટેલ અને રાજ્યપ્રધાન ડો.જયરામ ગામીત પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તેમણે સુરત જિલ્લાના નવરચિત અંબિકા તાલુકાના વસરાઈમાં ત્રિદિવસીય રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળાનો પ્રારંભ પણ કરાવ્યો હતો.

આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, વડા પ્રધાનએ વિકસિત અને આત્મનિર્ભર ભારતનું જે વિઝન આપ્યું છે તેમાં આદિવાસી ઉદ્યોગો, પરંપરાગત કલા કસબ અને ખજખઊ દ્વારા યોગદાન આપવામાં આ મેળો નવી દિશા આપશે. આ વિઝનને ગુજરાત સુપેરે પાર પાડે છે તેની ભૂમિકાની સફળતા વર્ણવતા કહ્યું કે, રાજ્ય સરકારે સ્વ સહાય મહિલા જૂથો, સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન અને કૌશલ્ય વર્ધન કેન્દ્રોથી યુવાઓને જોબ સીકરમાંથી જોબ ગિવર બનાવ્યા છે.

તેમણે સદીઓથી પરિશ્રમ, પ્રામાણિકતા અને સ્વાભિમાન સાથે જીવતા ગુજરાતના આદિવાસી સમાજના સર્વગ્રાહી વિકાસ માટે વડા પ્રધાનએ શરૂ કરાવેલી રૂ. ૨ લાખ કરોડની જનજાતિય કલ્યાણ યોજના દેશમાં આદિવાસીઓના વિકાસ માટે દિશાદર્શક બની છે તેનું પણ ગૌરવ કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમસ્ત આદિવાસી સમાજના આ ટ્રાઈબલ ટ્રેડ ફેર દ્વારા રાજ્ય સરકાર સ્વદેશી અપનાવવા આગળ આવી છે, ત્યારે આ ટ્રાઈબલ ફેરમાં ૪૦૦ જેટલા સ્ટોલ્સ છે. ખાસ કરીને વોકલ ફોર લોકલ, પ્રાકૃતિક ખેતી, આદિવાસી ખાના ખજાના પ્રોત્સાહિત કરી સાહસિકો સ્વરોજગારી મેળવે તેવો આશય રહેલો છે. ■

### હાઇ કોર્ટે શિલ્પા શેટ્ટીના મોર્ફ ફોટાને અત્યંત આંચકાજનક ગણાવ્યા

# સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પરથી બધી લિંક્સને ડિલિટ કરવાના નિર્દેશ આપ્યા

મુંબઈઃ બોમ્બે હાઇ કોર્ટે શુક્રવારે બોલીવૂડની અભિનેત્રી શિલ્પા શેટ્ટીના આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) દ્વારા જનરેટ કરાયેલા અને મોર્ફ કરેલા ફોટાને અત્યંત આંચકાજનક તેમ જ વિચલિત કરનારા ગણાવ્યા હતા અને આવી બધી લિંક્સ તથા વેબસાઇટ્સ તુરંત ડિલિટ તથા દૂર કરવા માટે અનેક સોશિયલ મીડિયા પ્લેટફોર્મને નિર્દેશ આપ્યા હતા.

અભિનેત્રીએ તેના વ્યક્તિગત અધિકારોના રક્ષણ માટે અને અને તેના મોર્ફ તથા ચેડાં કરેલા ફોટા તથા વીડિયો વાયરલ કરનારી વેબસાઇટ્સ અને એઆઇ-જનરેટેડ કન્ટેન્ટ સામે આદેશ જારી કરવા માટે હાઇ કોર્ટમાં અરજી કરી હતી.

જસ્ટિસ અદ્વૈત સેઠનાની વેકેશન બેન્ચે આદેશમાં અવલોકન કર્યું હતું કે વેબસાઇટ્સ પર અપલોડ કરવામાં આવેલી સામગ્રીઓ પ્રથમદર્શી રીતે જોતાં અત્યંત વિચલિત કરનારી છે અને કોઇ પણ હસ્તી, વ્યક્તિ અથવા મહિલાને ગોપનીયતાના તેના સૈદ્ધાંતિક અધિકારોને અસર કરી શકે તે રીતે અને તે પણ તેના જ્ઞાન અથવા સંમતિ વિના પ્રદર્શિત નહીં કરી શકાય. અરજીમાં શિલ્પા શેટ્ટીએ આરોપ કર્યો હતો કે તેની અધિકૃતિ તેની ઇમેજીસ, પુસ્તકો અને અન્ય મર્ચેન્ડાઇઝન મોર્ફ કરીને તેના અવાજ તથા વર્તનનું ક્લોનિંગ કરવા માટે એઆઇ ટૂલ્સનો ઉપયોગ કરાયો છે.

શેટ્ટીએ આવી બધી વેબસાઇટ્સને કન્ટેન્ટ તુરંત હટાવવા માટે અને તેની પરવાનગી વિના તેનું નામ, અવાજ કે ઇમેજનો ઉપયોગ કરવાથી તેમને રોકવા માટે પણ દાદ ચાહી હતી. આ તસ્વીરો પ્રથમદર્શી રીતે જોતા આંચકાજનક છે, એમ જસ્ટિસ સેઠનાએ અવકોલન કર્યું હતું.

અભિનેત્રી શેટ્ટી જાણીતી હસ્તી છે અને વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ સક્રિય છે. યુએલઆર થકી તેને આવી ઇમેજીસ પ્રદર્શિત કરવાથી તેની છબિ અને પ્રતિષ્ઠા ખરડાશે અને તે સહન નહીં કરી શકાય, એમ કોર્ટે ઉમેર્યું હતું.

આથી ન્યાયના હિતમાં હાઇ કોર્ટે તમામ પ્રતિવાદીઓને તેમના સંબંધિત પ્લેટફોર્મ પરથી તુરંત યુએલઆઇઆર ડિલિટ કરવાના નિર્દેશ આપ્યા હતા. (પીટીઆઇ)

# મઢ-વર્સોવા વચ્ચેનો પ્રવાસ ફક્ત ૧૦ મિનિટમાંઃ નવો બ્રિજ પૂર્ણ કરવાનું ટાર્ગેટ ૨૦૨૯

મુંબઈઃ મુંબઈમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર દિવસેને દિવસે ડેવલપ થઈ રહ્યું છે, જેને કારણે કલાકોનું અંતર મિનિટોમાં કાપી શકાય છે. આવો જ એક વધુ પ્રોજેક્ટ મુંબઈગરાનો કલાકોનો પ્રવાસ મિનિટોમાં પૂરો કરવા માટે રજૂ કરવામાં આવ્યો છે. મુંબઈ મહાનગર પાલિકા મઢ અને વર્સોવા વચ્ચે એક બ્રિજ બાંધવામાં આવશે, જેને કારણે ૨૦ કિલોમીટરનું અંતર ઘટીને ૨.૬ કિલોમીટર થઈ જશે. આ બ્રિજને કારણે ૯૦ મિનિટનો ટ્રાવેલ ટાઈમ ઘટીને ૧૦ મિનિટ થઈ જશે.

આ મઢ-વર્સોવા જોડતાં બ્રિજને કારણે મુંબઈગરાનો ખાસ્સો એવો સમય બચાવશે. ૨૦ કિલોમીટરનું આ અંતર કાપવા માટે મુંબઈગરાને હાલમાં ૯૦ મિનિટનો સમય લાગે છે. પરંતુ એક વખત આ બ્રિજ ખુલ્લો મૂકાશે ત્યાર બાદ આ અંતર ઘટીને ૨.૬ કિલોમીટરનું થઈ જશે અને તે ૧૦ મિનિટનો સમયમાં મઢથી વર્સોવા પહોંચી શકાશે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે ૨ ૩૯૫ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. ૨૦૨૯ સુધીમાં આ પ્રોજેક્ટ પૂરો કરવાનું ટાર્ગેટ રાખવામાં આવ્યું છે.

### મઢ જેટ્ટી રોડ-ફિશરીઝ યુનિવર્સિટી, વર્સોવાને જોડશે બ્રિજ

વર્સોવા ખાડી પર મઢ-વર્સોવા બ્રિજ મઢ જેટ્ટી રોડ પરથી પસાર થશે અને વર્સોવામાં ફિશરીઝ યુનિવર્સિટી રોડ પાસે કનેક્ટ થશે. આ બ્રિજ બંધાઈ જશે ત્યાર બાદ મઢ અને વર્સોવા વચ્ચેનું અંતર ઘટી જશે. હાલમાં આ પ્રોજેક્ટ માટે સર્વે, માટીનું પરિક્ષણનું કામ શરૂ થઈ ગયું છે. આગામી બે મહિનામાં નિર્માણ કાર્ય શરૂ થઈ જશે. મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી અને કોસ્ટલ રેગ્યુલાઈઝેશન ઝોન પાસેથી મંજૂરી પણ મળી ચૂકી છે.

### મહારાષ્ટ્ર નગરપાલિકા ચૂંટણી

# રેવંત રેડ્ડી, અઝહરુદ્દીન કોંગ્રેસના સ્ટાર પ્રચારક

મુંબઈઃ તેલંગણાના મુખ્ય પ્રધાન રેવંત રેડ્ડી અને ક્રિકેટરમાંથી પ્રધાન બનેલા મોહમ્મદ અઝહરુદ્દીનને મહારાષ્ટ્રની ૨૯ નગરપાલિકાની ચૂંટણી માટે જાહેર થયેલી કોંગ્રેસની ૪૦ સ્ટાર પ્રચારકની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર કોંગ્રેસ તરફથી મંગળવારે જાહેર કરવામાં આવેલા એક નિવેદન અનુસાર અઝહરુદ્દીન, એઆઈસીસીના મહાસચિવ સચિન પાયલટ, પક્ષના નેતા કન્હૈયા કુમાર અને જિગ્નેશ મેવાણી અગ્રણી પ્રચારક છે. મહારાષ્ટ્રના પક્ષના નેતાઓ પણ રાજ્યના કેટલાક ભાગોમાં પ્રચાર કરશે.

મુંબઈ અને અન્ય ૨૮ શહેરોમાં ૧૫ જાન્યુઆરીએ સ્થાનિક ચૂંટણી યોજાશે અને બીજા દિવસે પરિણામ જાહેર કરવામાં આવશે.

બે હજાર ૮૬૯ બેઠકો અને ત્રણ કરોડ ૪૮ લાખ કરોડથી વધુ મતદારોની આ ચૂંટણીમાં ભાજપ, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજીત પવારની આગેવાની હેઠળની એનસીપી અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી), કોંગ્રેસ અને એનસીપી (એસપી)ના વિપક્ષી એમવીએ ગઠબંધન વચ્ચે નિર્ણાયક રાજકીય મુકાબલાનો તખ્તો તૈયાર થશે. (પીટીઆઈ)

# નિર્ધારિત ન હોય એવા વિસ્તારમાં શ્વાનને ખવડાવતા રોકવું ગેરકાયદે નથીઃ હાઈ કોર્ટ

મુંબઈઃ નિયુક્ત ન કરવામાં આવ્યા હોય એ વિસ્તારમાં કોઈ વ્યક્તિને રખડતા શ્વાનને ખવડાવતા અટકાવવી ભારતીય ન્યાય સંહિતા હેઠળ અયોગ્ય અટકાવ અથવા અવરોધ ગણી ન શકાય એવી સ્પષ્ટતા હાઈ કોર્ટે કરી છે. ન્યાયમૂર્તિ રેવતી મોહિતે ડેરે અને ન્યાયમૂર્તિ સંદેશ પાટીલની ખંડપીઠે પુણેના ૪૨ વર્ષીય વ્યક્તિ વિરુદ્ધ એક મહિલા અને તેના મિત્રોને તેમની હાઉસિંગ સોસાયટીના દરવાજા પર રખડતા શ્વાનને ખવડાવતા રોકવા બદલ નોંધવામાં આવેલા ફોજદારી કેસને રદ કર્યો હતો.

૧૮ ડિસેમ્બરે આપવામાં આવેલા ચુકાદાની નકલ મંગળવારે ઉપલબ્ધ કરવામાં આવી હતી. ચુકાદામાં કહેવામાં આવ્યું હતું કે ફૂટપાથ, હાઉસિંગ સોસાયટીના પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળો અને સ્કૂલ બસ સ્ટોપ પર શ્વાનને ખવડાવતા કોઈને અટકાવવું એ સ્વૈચ્છિક અવરોધ અથવા અયોગ્ય અટકાવ કહી શકાય નહીં.

હાઈ કોર્ટે નોંધ્યું હતું કે આરોપીએ ફરિયાદી અને તેના મિત્રોને જાણ કરી હતી કે જ્યાં તેઓ શ્વાનને ખાવાનું આપી રહ્યા હતા એ જગ્યા ખવડાવવા માટેની જગ્યા નથી. રખડતા શ્વાનના મુદ્દે સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓ અને એનિમલ બર્થ કંટ્રોલ રૂલ્સનો ઉલ્લેખ કરી અદાલતે કહ્યું હતું કે 'નિયુક્ત કરવામાં ન આવ્યા હોય એ વિસ્તારમાં રખડતા શ્વાનને ખવડાવતા અટકાવવા અયોગ્ય ન ઠેરવી શકાય.'

કથિત અવરોધનો કોઈ ગુનાહિત ઇરાદો ન હતો, પરંતુ હાઉસિંગ સોસાયટીમાં રહેતા બાળકોની સલામતી સુનિશ્ચિત કરવાનો હતો એમ અદાલતે જણાવ્યું હતું. એફઆઈઆર રદ કરવાની માંગ કરતા આરોપીએ જણાવ્યું હતું કે સોસાયટીમાં ૪૦ થી વધુ રખડતા શ્વાન છે જે રહેવાસીઓ માટે મુશ્કેલી ઉભી કરી રહ્યા છે અને પરિસરમાં શ્વાન લોકોને કરડ્યા હોવાના ઘણા કિસ્સા બન્યા છે. (પીટીઆઈ)

## છેલ્લા પાનાનું ચાલુ

### કાકા-ભત્રીજો સાથે આવે તો...

જૂથ વચ્ચે જોડાણ અંગેની ગતિવિધિઓ હવે વેગ પકડી રહી છે. પુણેમાં રાષ્ટ્રવાદી અજિત પવાર જૂથ અને રાષ્ટ્રવાદી શરદ પવાર જૂથ વચ્ચે જોડાણ થવાની શક્યતા છે. આ પૃષ્ઠભૂમિમાં રાષ્ટ્રવાદી શરદ પવાર જૂથના પદાધિકારી અંકુશ કાકડે અને વિધાન સભ્ય બાપુ પઠારે અજિત પવારને મળ્યા છે. આ બેઠકમાં જોડાણ અંગે ચર્ચા થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનો આગ્રહ છે કે જો બંને એનસીપી હાથ મિલાવે તો પાલિકા ચૂંટણી ઘડિયાળના ચિહ્ન પર લડવી જોઈએ.

દરમિયાન એવી શક્યતા છે કે અજિત પવારની આ માંગણી નવી મૂંઝવણ ઊભી કરશે. શું શરદ પવાર જૂથ આ માગણી સ્વીકારશે? એનસીપીમાં ભાગલા પડ્યા પછી ઘડિયાળનું પ્રતીક અજિત પવાર જૂથને મળ્યું. શરદ પવાર જૂથને તુતારીનું પ્રતીક મળ્યું. એટલે શરદ પવાર જૂથ હવે ઘડિયાળના પ્રતીક પર આ ચૂંટણી લડશે કે કેમ એ જોવું મહત્વપૂર્ણ રહેશે.

### સાત વર્ષની બાળકી

ટોકન મની તરીકે ટોળકીને ૨૦ હજાર રૂપિયા યુપીઆઈ મારફત ચૂકવવામાં આવ્યા હતા. બાકીના ૫.૮૦ લાખ રૂપિયા રોકડમાં ભરવાનું કહેવામાં આવ્યું હતું. ટોળકી બાળકી વેચવા તૈયાર હોવાની ખાતરી થતાં બોગસ ખરીદદારે પોલીસને ઇશારો કર્યો હતો, જેને પગલે પોલીસે પાંચેય આરોપીને તાબામાં લીધા હતા.

પકડાયેલા આરોપીઓની ઓળખ શંકર સંભાજી મનોહર (૩૬), રેશમા શાહબુદ્દીન શેખ (૩૫), ઈગતપુરીના એજન્ટો નીતિન સંભાજી મનોહર (૩૩) અને શેખર ગણેશ જાધવ (૩૫) સહિત મુંબઈના માનખુર્દ વિસ્તારમાં રહેતા એજન્ટ આસિફ ચાંદ ખાન (૨૭) તરીકે થઈ હતી. આરોપી રેશમાએ બાળકીની વ્યવસ્થા કરી હતી, જ્યારે શંકરે રૂપિયા સ્વીકાર્યા હતા.

આ કેસમાં છઠ્ઠી આરોપી સબિના ફરાર હોવાથી પોલીસ તેની શોધ ચલાવી રહી છે.

બદલાપુર (વેસ્ટ) પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતું કે પકડાયેલી ટોળકી છ લાખ રૂપિયામાં બાળકીને વેચવાની હતી.

પકડાયેલી ટોળકી બાળકોનું અપહરણ કરીને નિઃસંતાન દંપતીને વેચવાના સ્કૅમનો એક ભાગ હોવાની શક્યતા જણાય છે. પોલીસ બાળકીની માતાને શોધવાનો પ્રયાસ કરી રહી છે. બાળકીને હાલમાં ચાઈલ્ડ કૅર સેન્ટરમાં રાખવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

### મુંબઈ મહાનગરપાલિકા

ડાબેરી મોરચા સાથે પણ વાતચીત કરી છે. એનસીપીના શરદ પવાર જૂથે પણ કોંગ્રેસ સમક્ષ પોતાની બેઠકોની દરખાસ્ત રજૂ કરી છે.

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં વિક્રોલી-ભાંડુપ વિસ્તારમાં ઠાકરે બંધુઓ અને એનસીપી (શરદ પવાર જૂથ) વચ્ચે બેઠક વહેંચણીનો મુદ્દો ગૂંચવાઇ ગયો છે. અહીં ફક્ત બે વૉર્ડ પર જોડાણની વાતચીત અટકી ગઈ છે.

વિક્રોલી-ભાંડુપમાં ચાર વૉર્ડ (૧૧૧, ૧૧૯, ૧૨૪ અને ૧૬૮) પરનો વિવાદ ઠાકરે બંધુઓ અને રાષ્ટ્રવાદી શરદ પવાર જૂથ વચ્ચે જોડાણના માર્ગમાં સૌથી મોટો અવરોધ સાબિત થઈ રહ્યો છે.

### બધી બેઠક જીત્યા

બેઠક વહેંચણીના આ ફોર્મ્યુલા ફાઈનલ ગણીએ તો ભાજપને ફાળે ૧૪૦ બેઠકો આવી છે. શિંદે સેના ૮૭ બેઠકો પર ચૂંટણી લડશે. ૨૨૭ બેઠકો ધરાવતી મુંબઈ મહાનગરપાલિકામાં બહુમતી માટે ૧૧૪ બેઠક મેળવવી પડશે. બેઠક વહેંચણીમાં ભાજપ સૌથી મોટો પક્ષ છે તે સ્વીકારવામાં આવ્યું છે. એટલે જો શિંદે સેના બધી બેઠકો પર વિજય મળે તો પણ મેયર ભાજપનો જ રહેશે એ નક્કી છે. રાજકીય વિશ્લેષકો માને છે કે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં શિંદે સેનાને મેયર પદ નહીં મળે. આ ગોઠવણ થાણે અને નવી મુંબઈમાં ફાયદાકારક રહેશે? આ વાત એક અઠવાડિયામાં પ્રકાશમાં આવશે.

### ઉદ્ધવ-રાજની યુતિ

વહેંચણીના મુદ્દા પર મનસે અને શિવસેના ઠાકરે જૂથ વચ્ચે ખેંચતાણ થઈ હોવાના અહેવાલ છે. માહિમ વિધાનસભા મતવિસ્તારમાંથી મનસે અને શિવસેના (અભંગ) બંનેના વિધાન સભ્યો ચૂંટાયા છે. એક વર્ષ પહેલા યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ઠાકરે જૂથે જીત મેળવી હતી.

ઠાકરે જૂથ અને મનસે વચ્ચે બેઠકોની વહેંચણી અંગેની ચર્ચામાં દાદર-માહિમ બેઠકો મહત્વપૂર્ણ બની ગઈ છે. શિવસેના ભવન અને રાજ ઠાકરેનું નિવાસસ્થાન 'શિવતીર્થ' જેવા મહત્વપૂર્ણ સ્થળ આ વિસ્તારમાં આવે છે. બેઠક વહેંચણીમાં શિવસેનાના ફાળે ચાર બેઠક આવી છે અને બે બેઠકો પર મનસેના ઉમેદવાર હશે એમ સૂત્રોએ જણાવ્યું હતું. મનસે માટે બે મતવિસ્તાર, ૧૯૦ અને ૧૯૨ છોડી દેવામાં આવ્યા છે. જોકે, એવા સંકેતો છે કે આ મુદ્દે હવે ઠાકરે બંધુઓ માટે માથાનો દુખાવો વધશે.

### ઘાટકોપરમાં શસ્ત્રના

અંગત દુશ્મનાવટને લઇ મહિલાની હત્યા કરવામાં આવી હોવાની શંકા પોલીસ તપાસી રહી છે.

મૃતકની ઓળખ અમિના ઇબ્રાહિમ સિદ્દીકી તરીકે થઇ હોઇ તે પતિ અને સંતાનો સાથે ઘાટકોપરના કામરાજનગર વિસ્તારમાં રહેતી હતી. બુધવારે સાંજે અમિનાની ભાભી તેના ઘરે આવી હતી અને બંને જણ બાદમાં કોઇ કામ અર્થે બહાર ગઇ હતી. અમિનાની ભાભી બાદમાં પોતાના ઘરે પહોંચી ગઇ હતી, પણ અમિના ઘરે પાછી ફરી નહોતી. અમિનાની શોધ ચલાવ્યા છતાં તેનો કોઇ પત્તો ન લાગતાં પતિએ પોલીસનો સંપર્ક સાધીને મિસિંગની ફરિયાદ નોંધાવી હતી.

દરમિયાન ગુરુવારે સવારે કામરાજનગરમાં ઝાડીઝાંખરામાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યા બાદ પંતનગર પોલીસને જાણ કરવામાં આવી હતી. આથી પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. મૃતદેહ અમિનાનો હતો અને તેના શરીર પર ઇજાના નિશાન મળી આવ્યા હતા. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટ હોસ્પિટલમાં મોકલ્યા બાદ પંતનગર પોલીસે હત્યાનો ગુનો દાખળ કર્યો હતો. અમિનાની કોઇ સાથે દુશ્મનાવટ હતી કે કેમ તે જાણવા માટે તેના સંબંધીઓની પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર અમને આ કેસમાં કેટલાક પુરાવા મળ્યા છે અને ટૂંક સમયમાં આરોપીની ધરપકડ કરવાની અપેક્ષા છે.

### મુંબઈ-અમદાવાદ હાઈવે

એક જ લેનમાંથી પસાર થવા દેવામાં આવી રહ્યો છે, જેની સીધી અસર ટ્રાફિક વ્યવસ્થા પર પડી છે.

ગુરુવારે મધરાતથી ઘોડબંદર રોડ પરના ટ્રાફિક જામને કારણે શુક્રવાર સવાર સુધી પરિસ્થિતિમાં સુધારો થયો ન હતો. મુંબઈ-અમદાવાદ રૂટ પર થાણેના ગાયમુખ ચોપાટીથી ફાઉન્ટેન હોટેલ અને ભાયંદરના વસઈ ક્રીક બ્રિજથી નવઘર સુધી વાહનોની કતારો લાગી ગઈ હતી.

### ૩૧ ડિસેમ્બરઃ મ.રેલવે

ડબલ કરી દેશે...

મધ્ય રેલવે દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર પ્રવાસી અને પર્યટકોની સુવિધા માટે ૩૧મી ડિસેમ્બરના રોજ ચાર વધારાની લોકલ દોડાવવાની જાહેરાત મધ્ય રેલવે દ્વારા કરવામાં આવી છે. આ લોકલ સ્લો લોકલ તરીકે દોડાવવામાં આવશે.

પહેલી સ્પેશિયલ લોકલ ૩૧મી ડિસેમ્બરના રાતે ૧.૩૦ કલાકે સીએસએમટીથી રવાના થશે અને ૩ વાગ્યે કલ્યાણ પહોંચશે. બીજી સ્પેશિયલ લોકલ ટ્રેન ૧.૩૦ કલાકથી કલ્યાણ સ્ટેશનથી રવાના થશે અને રાતે ૩ વાગ્યે સીએસએમટી સ્ટેશન પહોંચશે. ત્રીજી સ્પેશિયલ લોકલ ૧.૩૦ કલાકે સીએમએમટીથી દોડાવવામાં આવશે અને ૨.૫૦ કલાકે પનવેલ સ્ટેશન પહોંચશે. ચોથી સ્પેશિયલ લોકલ બુધવારે રાતે ૧.૩૦ કલાકે પનવેલ સ્ટેશનથી રવાના થશે અને ૨.૫૦ કલાકે સીએસએમટી રેલવે સ્ટેશન પહોંચશે.

બહારગામથી મુંબઈ ન્યુ યર સેલિબ્રેટ કરવા માટે પર્યટકો સાંજથી જ મુંબઈના મરીન ડ્રાઈવ, દાદર ચૌપાટી, ગિરગાંવ ચોપાટી, ગેટવે ઓફ ઈન્ડિયા, બેન્ડસ્ટેન્ડ જેવા જાણીતા સ્થળો પર ઉમટી પડે છે. પરંતુ રાતના ટ્રેનો બંધ થતાં પર્યટકોને અસુવિધાનો સામનો કરવો પડે છે. આવી સ્થિતિમાં મુંબઈગરા અને પર્યટકોની સુવિધા માટે રેલવે દ્વારા વિશેષ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરવામાં આવતાં પર્યટકોમાં ઉત્સાહ અને આનંદની લહેર દોડી ગઈ છે.

### રાજ્ય સરકારે લાંબા

સુધારો કરવાનો છેલ્લો જીઆર મહેસૂલ અને વન વિભાગ દ્વારા ૧૨ ડિસેમ્બર, ૨૦૧૨ના દિવસે જારી કરવામાં આવ્યો હતો જેમાં જમીનની કિંમતની ગણતરી કરવા માટેની મૂલ્યાંકન પદ્ધતિ પ્રવર્તમાન રેડી રેકનર દરો પર આધારિત હતી.

બોમ્બે હાઈ કોર્ટના તાજેતરના નિર્ણયને ધ્યાનમાં લેતા અપનાવવામાં આવેલ મૂલ્યાંકન હવે એક ફોર્મ્યુલા પર આધારિત છે જ્યાં જમીનની કિંમતના ૨૫ ટકા સરકારનો હિસ્સો અને ૭૫ ટકા લીઝ ધારકનો હિસ્સો ગણવામાં આવે છે. લીઝ ભાડું હવે સરકારના ૨૫ ટકા હિસ્સા પર જ ચોક્કસ દરે વસૂલવામાં આવશે. આ નિર્ણય ૧૧ ડિસેમ્બરે રાજ્યના પ્રધાન મંડળમાં લેવામાં આવ્યો હતો અને ત્રણ દિવસ પછી જીઆર જારી કરવામાં આવ્યો હતો.

### પદ્મશ્રી, પદ્મભૂષણ સન્માન

અદાલતની ફરજ છે. તેવી જ રીતે સુપ્રીમ કોર્ટે આ ચુકાદામાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે પદ્મશ્રી અને ભારત રત્ન જેવા નાગરિક પુરસ્કારો એ 'પદવી' નથી અને પુરસ્કાર વિજેતાઓના નામની આગળ કે પાછળ તેનો ઉપયોગ થવો જોઈએ નહીં, તે બાબત પર પણ તેમણે ભાર મૂક્યો હતો.

સાર્વજનિક ટ્રસ્ટની બેઠક સંબંધિત વિવાદના સંદર્ભમાં ડેપ્યુટી ચેરિટી કમિશનર દ્વારા આપવામાં આવેલા આદેશને ડો. ત્ર્યંબક દાપકેકરે પડકાર્યો હતો. તેમાં ડો. હાર્ડીકરના નામની આગળ એવોર્ડનું વર્ણન કરવામાં આવ્યું હોવાથી સિંગલ બેન્ચે ઉપરોક્ત અવલોકનો નોંધ્યા હતા.

## હિન્દુ મરણ

પાલીતાણા નિવાસી હાલ ઘાટકોપર, ખુશાલદાસ ગીરધરલાલ મહેતાના સુપુત્ર સ્વ. હસમુખભાઇના ધર્મપત્ની અરુણાબેન (ઉં. વ. ૮૨) અવસાન પામેલ છે. તે કલ્પેશભાઇ, સેજલબેનના માતુશ્રી. રૂપલબેનના સાસુ. રાજના દાદી. દેવાંશી તથા ખુશના નાની. વલ્લભીપુરવાળા જયાબેન વૃજલાલ નાનાલાલ મહેતાની દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૪૯, કૈલાસ મેન્શન, તીલક રોડ, ઘાટકોપર, મુંબઇ-૭૭.

રેણુ રમેશ ભીમાણી (ઉં. વ. ૮૯) તે સ્વ. દામોદર હંસરાજના સુપુત્રી. તે સ્વ. રમેશ કરસનદાસ ભીમાણીનાં પત્ની. તે તૃપ્તિ સુનીલ સંપટ, નીનાદના માતા. યુતિ, નિયતીના દાદી. પૂજા, કરણ, સૌમ્યના નાની. કરણ મેનન અને કરીશમાના નાની સાસુ તા. ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૧૨-૨૫ના શનિવારે સાંજે ૫થી ૬.૩૦. ઠે. ઇન્ડિયન મેડિકલ એસોસીયેશન હોલ, મ્હાત્રે માર્ગ, જેવીપીડી સ્કીમ, જુહુ.

**કચ્છી ભાટીયા**

અનસુયાબેન તે દિલીપસિંહ રામૈયાના પત્ની. સ્વ. કૃષ્ણાબાઇ તથા સ્વ. હંસરાજ રામૈયાના પુત્રવધૂ. સ્વ. કાન્તાબેન તથા સ્વ. દામોદર કાપડિયા (ચપ્પર)ના પુત્રી. બૈજુ-રૂપલ, સૌ.નીવિયા-ઝોરૂના માતા. મિશાલ, તાન્યાના નાની. તા. ૨૩ ડિસેમ્બરના ૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૮ ડિસેમ્બર સાંજે ૬થી ૭. ઠે. લક્ષ્મીનગર હોલ, ૧૦મો રસ્તો, ખાર (પશ્ચિમ), મધુ પાર્ક પાસે, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડ સત્તર તાલુકા સહસ્ત્ર ઔદિચ્ય બ્રાહ્મણ**

સાયલા નિવાસી હાલ નાશિક સ્વ. શાંતિલાલ લક્ષ્મીરામ ભટ્ટના સુપુત્ર દિલીપ શાંતિલાલ ભટ્ટ (લાબેલાવાળા) (ઉં. વ. ૮૧) તા. ૨૩-૧૨-૨૫ના સ્વર્ગવાસી થયા છે. તે રમણીકલાલ મણીશંકર રાવલના જમાઇ. સ્વ. સંધ્યાબેનના પતિ. આકાશ અને રૂપલના પિતાશ્રી. શ્રદ્ધા અને કિરણના સસરા. સ્વ. હરિપ્રસાદ, સ્વ. હસમુખરાય, ચંદ્રશેખર, સ્વ. કિશોર, ભરતના ભાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઘોઘારી મોઢ વણિક**

સોનગઢ નિવાસી હાલ ઘાટકોપર ચંદ્રકાન્ત વલ્લભદાસ મહેતા તે સ્વ. વલ્લભદાસ ચુનીલાલ મહેતા અને સ્વ. ઉષાબેનના સુપુત્ર. સ્વ. ચંદ્રીકાબેનના પતિ. તે જીગર અને હરીનના પિતાશ્રી. નંદીની અને રીકીતાના સસરાજી. રક્ષાબેન પંકજભાઇ મણીયારના મોટાભાઇ. આર્યા અને નિયોશીના દાદાજી. તા. ૨૩-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

નાગેશ્રીવાળા હાલ દહિસર, સ્વ. રમણબેન તથા સ્વ. મગનલાલ દામોદરદાસ સંઘવીના પૌત્રી તથા અ.સૌ. માલતીબેન નરેન્દ્રભાઈ સંઘવીના પુત્રી કુ નિશાબેન (ઉં.વ. ૫૮) ૨૫/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ચંદ્રેશ તથા મયંકના બહેન. ભાવના તથા શીતલના નણંદ. મોસાળપક્ષે ચાવંડવાળા હાલ ધમતરિ, સ્વ. કમળાબેન તથા સ્વ. મુળજીભાઈ રામજીભાઈ મહેતાના દોહિત્રી. બંનેપક્ષની પ્રાર્થનાસભા ૨૮/૧૨/૨૫ના ૫ થી ૭. રાધા ક્રિષ્ના એસી બેન્કવેટ હોલ, કેસેડિલા રેસ્ટોરન્ટની પાસે, પૂનમ સાગર કોમ્પ્લેક્સ સ્ટેશન રોડ, મીરા રોડ ઈસ્ટ.

**વીરપુર દશા નીમા વણિક**

મલાડ નિવાસી, સ્વ. દેસાઈ અશોક શાંતિલાલના ધર્મપત્ની નિર્મલાબેન (ઉં.વ. ૭૪) ૨૩/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે વર્ષા તથા પૂજાના માતુશ્રી. રાજુ કડકીયાના સાસુ. અજય તથા રાજુના ભાભી. કલ્પના તથા કનૈયાલાલના ભાભી. તેમની પ્રાર્થનાસભા ૨૭/૧૨/૨૫ના ૪ થી ૭. સરાફ હોલ, પહેલે માળે, પોદાર સોસાયટીની સામે, મલાડ ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા સોરઠીયા વણિક**

બોસનવાળા હાલ વિરાર, શાહ કેશવલાલ હરિદાસના ધર્મપત્ની કોકિલાબેન (ઉં.વ. ૭૩) ૨૫/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે કોચિનવાળા સ્વ. શાહ વિઠ્ઠલદાસ લક્ષ્મીચંદ તથા સ્વ. નિર્મળાબેનના દીકરી. ઉષા દિનેશભાઇ, સ્વ. કિશોરી, પ્રવીણ, સ્વ. જયેશના મોટાબેન. પ્રિતી હિરેનભાઈ શાહ, જીનલ મિલનભાઈ શાહના માતુશ્રી. રિસીન, હેત્વી વિહાનના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ ભાટિયા**

ચિતરંજન નરોત્તમ નેગાંધી (ઉં.વ. ૭૫) તે સ્વ. ભાનુમતિબેન તથા સ્વ. નરોત્તમદાસ નેગાંધીના પુત્ર. મંગલબેનના પતિ. સ્વ. પ્રતાપસિંહ, સ્વ. યશવંતસિંહ, કિર્તીકુમાર, ઇન્દુબેન ભાટિયા તથા હેમકલા ઉદેશીના ભાઈ. રિતેશ તથા શ્વેતાના પિતા. અમી તથા વિશાલ સંપટના સસરા. ૨૩/૧૨/૨૫ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશાશ્રીમાળી વૈષ્ણવ વણિક**

મહુવા નિવાસી હાલ મુંબઈ, નેહાબેન (ભાવનાબેન) શેઠ (ઉં.વ. ૫૯) તા. ૨૫-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે દીપક અનંતરાય શેઠના પત્ની. હેતલના મમ્મી, સ્વ. રમાબેન અનંતરાય શેઠના પુત્રવધૂ. સ્વ. અરુણભાઇ, ભાનુબેન, સ્વ. પ્રફુલ્લભાઇ, મૃદુલાબેનના નાના ભાઈના પત્ની. સ્વ. ખુશમનબેન રમણિકલાલ મોદીની દીકરી. ભાવનાબેન મુકેશભાઈ શાહના ભાભી. પ્રાર્થનાસભા તા. ૨૮-૧૨-૨૫, રવિવારે ૧૧ થી ૧૨.૩૦. ઇન્ડિયન મેડિકલ એસોસિયેશન, જે.આર. મ્હાત્રે માર્ગ, જે.વી.પી.ડી. સ્કીમ, ચંદન સિનેમાની પાછળ, જૂહુ.

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ મુડેટી, હાલ મુંબઈ, ગં.સ્વ. નિરુપમા ભાલચંદ્ર આચાર્ય (ઉં.વ. ૭૯) ગુરુવાર, તા. ૨૫/૧૨/૨૫ મુંબઈ મધ્યે અક્ષરનિવાસી થયેલ છે. તે સ્વ. ભોગીલાલ ચુનીલાલ શાસ્ત્રી, સ્વ. શારદાબેન ભોગીલાલ શાસ્ત્રીની પુત્રી. સ્વ. ભાલચંદ્ર જયશંકર આચાર્યના પત્ની. સ્વ. અમિષ અને અનિશના માતા. પ્રીતિ અમીષ આચાર્યના સાસુ. આતિશ અને દિતીશાના દાદી. સ્વ. ગિરીશભાઈ અને શૈલેષભાઈના ભાભી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા ગુર્જર વણિક જ્ઞાતિ સમાજ**

સ્વ. દિનેશભાઇ વિનાયકભાઇ દેસાઇ (ઉં. વ. ૭૪) પ્રાંતિજ નિવાસી હાલ મુંબઇ ગુરુવાર તા. ૨૫-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. વિનાયકભાઇ તથા સ્વ. પ્રેમલતાબેનના પુત્ર. સ્વ. પીનાબેનના પતિ. પ્રદીપભાઇના મોટાભાઇ. સ્વ. કૃપા અને રિદ્ધિના પિતા. હાર્દિક અને કૃષાંગીના કાકા. પ્રાર્થનાસભા તા. ૨૭-૧૨-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. ચટવાની બાગ, ગોખલે રોડ, નવપાડા વિલેપાર્લે (પૂર્વ).

**કપોળ**

લાઠીવાળા હાલ કાંદિવલી અ. સૌ. કોકિલાબેન શેઠ (ઉં. વ. ૭૬) તા. ૨૫-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે વિનોદરાય જમનાદાસ શેઠના ધર્મપત્ની. તે નિશિતાબેન જૈમિષભાઇ મોદી, રચનાબેન બિમલભાઇ પારેખ, કુંજલબેન ભાવિનભાઇ સંઘવીનામાતુશ્રી. સાસરા પક્ષે : જ્યોતિબેન, સ્વ. જયંતિલાલ જમનાદાસ શેઠ, અરુણાબેન, સ્વ. રસિકલાલ જમનાદાસ શેઠ, સ્વ. રમાબેન, સ્વ. કાંતિલાલ મહેતા, સ્વ. પુષ્પાબેન, સ્વ. નલિનચંદ્ર સંઘવી, મધુબેન, સ્વ. નટવરલાલ મોદીના ભાભી. તે પિયરપક્ષે (પાલીતાણાવાળા) સ્વ. વનીતાબેન, સ્વ. ધીરજલાલ પારેખના પુત્રી. તે સ્વ. મનીષભાઇ, રાજેશભાઇ, નીલાબેન યોગેશભાઇ મહેતા, મયૂરીબેન (દક્ષાબેન), અરુણભાઇ દેસાઇ, વર્ષાબેન રમેશભાઇ મહેતાનાં બહેન. પ્રાર્થનાસભા અને લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

## પારસી મરણ

નરગીશ એરચ વાંકડીયા તે મરહુમો એરચ વાંકડીયાના વિધવા. તે મરહુમો ગુલબાઇ તથા હોશંગ ભરૂચાના દીકરી. તે મરહુમો મીનુ, દીના, દાલી, ખોરશેદ, રૂસી, ને શાવકના બહેન. તે ગેવ ને સામીના માસી. તે બીનાઇફર ને પેનઝાનના મોટા માસી. તે મહારૂખ, ડેઝી, હુફરીશ, જીમી ને આદિલના ફૂઇજી. તે આરમયતી ને કેરમીનના માસીસાસુ. (ઉં. વ. ૯૫) રે. ઠે. કાશીનાથ બિલ્ડિંગ નં.૨, ફ્લેટ નં-૭, કાશીનાથ કોલોની, તારદેવ, મુંબઇ-૪૦૦ ૦૩૪.

## જૈન મરણ

**ક. દ. ઓ. જૈન**

ગામ કચ્છ તેરાના માતુશ્રી ખેતબાઇ ટોકરશી લોડાયાના સુપુત્ર દિલીપભાઇ (ઉં. વ. ૭૧) ગુરુવાર તા. ૨૫-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે જયશ્રીબેનના પતિ. ધીરેન તથા જીજ્ઞા પંકજ સાવલાના પિતાશ્રી. જુઇ તથા પંકજભાઇના સસરા. સ્વ. પ્રેમીલા, કલ્પના શાંતિલાલ ધરમશી, સ્વ. ગીતા અવિનાશ મહેતા અને ગુણવંતી નવીન જીવાનીના ભાઇ. સામા પક્ષે માતુશ્રી નિર્મળાબેન ચંદ્રકાંત કોઠારી ગામ ભુજના જમાઇ. પ્રાર્થનાસભા બન્ને પક્ષ તરફથી સાથે રાખેલ છે. શનિવાર, તા. ૨૭-૧૨-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. દેશાસ્થા મરાઠા ભવન, સેકટર ૮, કેમિસ્ટ ભુવનની પાછળ, સાનપાડા, નવી મુંબઇ, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રતાડીયા (ગણેશ) હાલે બેંગ્લોર શ્રી ચુનીલાલ રાઘવજી હંસરાજ છેડા (ઉં.વ. ૯૨) તા. ૨૩-૧૨ના દેહ પરિવર્તન કરેલ છે. માતુશ્રી જેતબાઈ રાઘવજી હંસરાજ છેડાના સુપુત્ર. નિર્મળાબેન (બાઈઆબાઈ)ના પતિ. સુનિલ, અમિષ, રંજનના પિતાશ્રી. જાદવજી, ટોકરશી, તલકશી, મેઘેશ, શાંતિલાલ, મુકેશ, જવેરના મોટા ભાઈ. દેશલપરના લાછબાઈ રતનશી કચરા ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અમિષ છેડા, ૨૦૪, સપ્તગીરી રેસિડેન્સી, બનસંકરી, બેંગ્લોર (કર્ણાટક)-૫૬૦૦૫૦.

ગોધરા હાલે કારાઘોઘાના શાંતાબેન ખેતશી છેડા (ઉં.વ. ૭૭) તા. ૨૫-૧૨-૨૫ના અવસાન પામેલ છે. મેઘબાઈ જેઠાલાલના પુત્રવધૂ. ખેતશીના ધર્મપત્ની. ઈલેશ, નિખીલના માતુશ્રી. કારાઘોઘા રતનબેન વાઘજી આસમલ સાવલાની સુપુત્રી. લાલજી, તેજબાઈ, ઝવેરના બેન. પ્રા. : તા. ૨૭-૧૨-૨૫ ના, ૩ થી ૪.૩૦. કે.ડી. અગ્રવાલ હોલ, માનપાડા રોડ, ડોંબિવલી(ઈ).

કપાયાના યતિન પ્રેમજી દેઢિયા (ઉં.વ. ૫૩) તા. ૨૫-૧૨ના અવસાન પામેલ છે. શાંતાબેન પ્રેમજીના સુપુત્ર. બીનાના પતિ. હેલીશાના પપ્પા. નિલેશ, રાજેશ, સંગીતાના ભાઈ. જયાબેન પ્રેમજી મોરારજી ભેદાના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. યતિન દેઢિયા, ૭/૪૧, ગુરૂદર્શન, જગડુશાનગર, ઘાટકોપર (વે.).

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી હાલ વિલેપાર્લે, સ્વ. ચીમનલાલ ઉજમશીભાઈ શાહના ધર્મપત્ની શ્રીમતી મધુરીબેન (ઉં.વ. ૯૧) તે વાંકાનેર નિવાસી સ્વ. સમજુબેન હરખચંદ શાહની દીકરી. સ્વ. સુરજબેનના બહેન. સ્મિતાબેન તથા દિપકભાઈના માતુશ્રી. સ્વ. મયુરભાઈ નટવરલાલ નેમચંદ કાપડિયા તથા ચંદ્રાબેનના સાસુ. પ્રિયંકા, પ્રિયેશ, વિધિના દાદી- નાની. સોમવાર, તા. ૨૨-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી જૈન**

બોટાદ નિવાસી હાલ કાંદિવલી, મુકેશભાઈ (ઉં.વ. ૭૩) તે સ્વ. કાંતાબેન નટવરલાલ ગાંધીના સુપુત્ર. પ્રીતિબેન (જસુ)ના પતિ. ધવલ, દિશા, પૂજા, તુષારના પિતાશ્રી. ચાહના નિયોમીના દાદા. સ્વ. વાડીલાલ મોહનલાલ શાહ (પેરેડાઝ)ના જમાઈ. સ્વ. નવીનભાઈ શાહ, કિરીટભાઈ શાહના વેવાઈ, તા. ૨૬ ડિસેમ્બર ૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. દેહદાન, ચક્ષુદાન, ત્વચા દાન કરેલ છે. ઠેકાણુંઃ સી/૪૦૪, રત્નાકર એપાર્ટમેન્ટ, જૈન દેરાસર સામે, મહાવીરનગર, કાંદિવલી પશ્ચિમ.

**ઝાલાવાડી સ્થા. જૈન**

ગામ ગણદેવી નિવાસી હાલ ભાયંદર અરવિંદ અમૃતલાલ સંઘવીના પત્ની સ્વ. સૌ. શારદાબેન સંઘવી (ઉં. વ. ૭૬) તા. ૨૪-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. મેહુલ, આશિષ, નીરજના માતુશ્રી. તે કવિતા, ટીના, દિવ્યાના સાસુમા. પ્રિન્સી, આદિત્ય, યુગના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધારી નિવાસી હાલ અંધેરી ગં. સ્વ. મંજુલાબેન નિરંજનભાઇ ઝાટકીયાના પુત્ર રાજેશ (ઉં. વ. ૫૯) મંગળવાર તા. ૨૩-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે નીપાબેનના પતિ. સ્વ. કૈવીનના પિતાશ્રી. અ. સૌ. જયશ્રીબેન રાજેશભાઇ પાડલીયા તથા પરીમલ અને પરેશના ભાઇ તથા ગં. સ્વ. વાસંતીબેન હસમુખલાલ કોઠારીના જમાઇ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઝાલાવાડ શ્વેતાંબર જૈન**

વડોદ નિવાસી હાલ દહીંસર સ્વ. ગિરધરલાલ ગાંગજી કુવાડિયાના ધર્મપત્ની વિમળાબેન કુવાડિયા તા. ૨૬-૧૨-૨૫ના અરિહંતશરણ થયેલ છે (ઉં. વ. ૧૦૨) દિકરો. સ્વ. અરવિંદભાઇ, સ્વ. ભરતભાઇ, હર્ષદભાઇ, દિકરી-નીરુબેન રાજેશકુમાર, કલ્પનાબેન મુકેશકુમાર, સ્વ. અલકાબેન કેતનકુમાર, વહુ-સ્વ. સુધા અરવિંદભાઇ, સ્વ. છાયા હર્ષદભાઇ, પૌત્ર - નીરવ, પિયર પક્ષઃ ઝીઝુવાડા નિવાસી હાલ જલગાંવ-ભાઇ સ્વ. ચંપકલાલ ઠાકરશી વોરા, ભાભી-કોકિલાબેન ચંપકલાલ ઠાકરશી વોરા, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

વીક એન્ડ

સ્પોર્ટ્સમેન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ચારેકોર વૈભવની વાહ-વાહઃ ટીમ ઈન્ડિયામાં એનો પ્રવેશ બહુ દૂર નથી

**ટીનેજ વયે ક્રિકેટના મેદાન પર નવા-નવા રેકૉર્ડ કરી રહેલો ૧૪ વર્ષનો સૂર્યવંશી ટૉક ઑફ ધ ટાઉન છે... ભારતીય ટીમમાં એને સમાવી લેવા જોરદાર માગણી થઈ રહી છે**



દિલ્હીમાં વૈભવ સૂર્યવંશીને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યો હતો.

૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીને શુક્રવારે પાટનગર નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના શુભહસ્તે બાળ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યો હતો, પણ ખરું કહીએ તો તેના પરાક્રમો સ્ટાર પ્લેયર અને પીઢ ખેલાડીઓ જેવા છે અને એટલે જ તેને વહેલાસર ભારતની મુખ્ય ક્રિકેટ ટીમમાં સમાવી લેવાની જોરદાર માગણીઓ થવા લાગી છે.

બિહારના ટેણિયા વૈભવે હજી માંડ નવમું ધોરણ પૂરું કર્યું છે. બિહારના તેજપુર વિસ્તારની ડૉ. મુક્તેશ્વર સિંહા મૉડેસ્ટી સ્કૂલમાં ભણતા આ વૈભવે ક્રિકેટમાં ધમાકાભેર કરીઅર શરૂ કરી હોવા છતાં ભણવા પરથી તેણે એકાગ્રતા ગુમાવી નથી. તે ક્રિકેટ મૅચોને કારણે સ્કૂલમાં રાબેતામુજબ જઈ નથી શક્તો એટલે જ તેની સ્કૂલ તેને પૂરો સપોર્ટ કરી રહી છે.

વૈભવ ક્રિકેટના મેદાન પર સરેરાશ દર અઠવાડિયે કંઈકને કંઈક ધમાકા કરે છે. જુઓને, બુધવારે તેણે ડોમેસ્ટિક ક્રિકેટના ઇતિહાસમાં એવું પર્ફોર્મ કર્યું જે દાયકાઓથી દેશના દિગ્ગજો નહોતા કરી શક્યા. તેણે ૮૪ બૉલની ઇનિંગ્સમાં ૧૫ સિક્સર અને ૧૬ ફોરની મદદથી ૧૯૦ રનનો ઢગલો કરી દીધો જેના થકી જ બિહારની ટીમ ડોમેસ્ટિક ક્રિકેટના લોકપ્રિય લિસ્ટ-એ વન-ડે ફૉર્મેટમાં ૬/૫૭૪નો વર્લ્ડ રેકૉર્ડ ટોટલ નોંધાવી શકી હતી. વૈભવે એમએસ ધોનીના રાંચી શહેરના મેદાન પર સિક્સર-ફોરનો વરસાદ વરસાવ્યો હતો. તેણે ૧૯૦ રનમાંથી ૯૦ રન છગ્ગામાં અને ૬૪ રન ચોક્કામાં બનાવ્યા હતા.



બીજી રીતે કહીએ તો તેણે કુલ મળીને ૧૫૪ રન બિગ શૉટ્સમાં જ બનાવીને સ્ટેડિયમ ગજાવી નાખ્યું હતું. આ પહેલાં પણ વૈભવે ક્રિકેટના ગ્રાઉન્ડ પર અન્ડર-૧૯ ટીમ વતી અને આઇપીએલમાં ઘણા કારનામા કર્યા છે.

વૈભવની ઉંમર વિશે થોડા વિવાદ થઈ ચૂક્યા છે, પણ આઇપીએલમાં પણ તેણે કેટલાક વિક્રમ પોતાના નામે કર્યા છે. તે આ વર્ષની ૧૯મી એપ્રિલે રાજસ્થાન રૉયલ્સ વતી ૧૪ વર્ષ, ૩૨ દિવસની ઉંમરે રમીને આઇપીએલનો સૌથી નાની ઉંમરનો ખેલાડી બન્યો હતો. આ સિદ્ધિના નવ દિવસ બાદ તેણે બીજો રેકૉર્ડ પોતાના નામે લખાવ્યો હતો. ૨૦૨૫ની ૨૮મી એપ્રિલે તેણે ગુજરાત ટાઇટન્સ સામે માત્ર ૩૫ બૉલમાં સેન્ચુરી પૂરી કરી એ સાથે તેનું નામ ક્રિસ ગેઇલ પછી બીજા નંબરે લખાઈ ગયું હતું. વૈભવ આઇપીએલમાં ભારતનો ફાસ્ટેસ્ટ સેન્ચુરિયન બન્યો હતો. એટલું જ નહીં, તે ક્રિકેટ જગતની આ સૌથી લોકપ્રિય ટૂર્નામેન્ટનો યંગેસ્ટ સદીકર્તા પણ બન્યો હતો.

આ ઉપરાંત બીજા ઘણા નાના-મોટા રેકૉર્ડ સાથે પોતાની વિક્રમ-પોથી વજનદાર બનાવનાર વૈભવની મૂછનો માંડ દોરો ફૂટ્યો છે ત્યાં તેને ભારતની ટીમમાં સમાવી લેવાની ડિમાન્ડ થવા લાગી છે. આગામી કોઈ ટી-૨૦ સિરીઝની ટીમમાં કે ફેબ્રુઆરીના ટી-૨૦ વર્લ્ડ કપની ટીમમાં તેને જોશો તો નવાઈ નહીં પામતા. વાત એવી છે કે સાતમી ફેબ્રુઆરીએ શરૂ થનારા ટી-૨૦ વિશ્વ કપની ટીમ તો જાહેર થઈ ચૂકી છે, પણ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના નિયમ અનુસાર ટૂર્નામેન્ટનો કોઈ પણ દેશ પોતાની ટીમમાં હજી ફેરફાર કરી શકે છે. હજી લગભગ એક મહિના દરમ્યાન ભારત સહિત જો કોઈ દેશ પોતાની વર્લ્ડ કપની ટીમના કોઈ ખેલાડીને ઈજા ન થઈ હોય તો પણ તેના સ્થાને અન્ય કોઈ પ્લેયરને ટીમમાં સમાવી શકે છે અને એ માટે આઇસીસીની અગાઉથી પરવાનગી પણ નહીં લેવામાં આવશે તો પણ ચાલશે.

વૈભવ સૂર્યવંશી બે વર્ષમાં ડોમેસ્ટિક સ્તરે અને આઇપીએલમાં કુલ ૪૦ મૅચમાં ૧૧૪ સિક્સર અને ૧૩૧ ફોર ફટકારી ચૂક્યો છે.

વૈભવ માટે ૨૦૨૫નું વર્ષ બહુ સારું રહ્યું છે. ભૂતપૂર્વ ભારતીય કૅપ્ટન કૃષ્ણમાચારી શ્રીકાંતે સોશ્યલ મીડિયા મારફત બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ને સંદેશ મોકલ્યો છે કે જો ૧૯૮૯માં સચિન તેન્ડુલકર ૧૬ વર્ષની ટીનેજ વયે ભારતીય ટીમમાં સ્થાન મેળવી શક્યો તો ૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી કેમ સિલેક્ટ ન થઈ શકે? કૉંગ્રેસ પક્ષના નેતા શશી થરૂરે તો વૈભવની તુલના સચિન તેન્ડુલકર ટીનેજ વયે જે પરાક્રમ કરતો હતો એની સાથે કરી છે અને બીસીસીઆઇને તેમ જ હેડ-કોચ ગૌતમ ગંભીર અને ચીફ સિલેક્ટર અજિત આગરકર માટે મીડિયામાં લખ્યું છે કે વૈભવ સૂર્યવંશીને વહેલાસર ભારતીય ટીમમાં સ્થાન આપવામાં જરાય અચકાતા નહીં.

ભારત પાસે મર્યાદિત ઓવર્સની ક્રિકેટમાં ઘણા સારા ઓપનિંગ બૅટ્સમેન છે. એમાંથી અભિષેક શર્મા હાલમાં વર્લ્ડ નંબર-વન છે. શુભમન ગિલ ઈજાગ્રસ્ત છે અને વર્લ્ડ કપની ટીમમાં તેને જગ્યા પણ નથી મળી, પરંતુ સંજુ સૅમસન, ઇશાન કિશન જેવા સ્ટાર ઓપનર્સ ભારતીય ટીમને વર્લ્ડ કપમાં ગૌરવ અપાવવા તૈયાર થઈ રહ્યા છે. જોકે વૈભવની ચારે બાજુએ જે વાહ-વાહ થઈ રહી છે એ જોતાં સિલેક્ટરો પર તેમ જ ગૌતમ ગંભીર પર વૈભવને ટીમમાં સમાવવાનું પ્રેશર વધશે તો નવાઈ નહીં લાગે.

આમેય વૈભવ પાસે હજી ક્રિકેટમાં ઘણી લાંબી કરીઅર બાકી પડી છે. આ વખતે તેને ટીમ ઇન્ડિયામાં જગ્યા નહીં મળે તો ૨૦૨૬ની આઇપીએલમાં (રાજસ્થાન રૉયલ્સ પાસેથી સતત બીજી સીઝનમાં ૧.૧૦ કરોડ રૂપિયાની કમાણી કર્યા બાદ) પણ ઝળકીને ૨૦૨૬ના મે-જૂન મહિનાથી ટીમ ઇન્ડિયામાં જોવા મળી શકશે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ


પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# હિમેજીમાં તૈયાકી - લોકલ આર્ટ ને ગ્રીન ટીની મજા...









જાપાનનાં એક પછી એક શહેર બાકીની દુનિયાથી જ નહીં, ખુદ જાપાનનાં જ બીજાં શહેરોથી કેટલાં અલગ છે તે સતત જોવા મળ્યા કરતું હતું. તેમાંય ઓસાકામાં પહેલા બે દિવસ પછી તો માત્ર પ્રતીકાત્મક જાપાનીઝ ફીવર જ નહીં, ખરો તાવ જ ચઢી ચૂક્યો હતો. જોકે ખરા ગુજરાતી ઓન સરવાઈવલ-મોડ બનીને મેં મર્યાદિત સમયનો પૂરતો ઉપયોગ કર્યો. બે દિવસ નાઇટલાઇફ જતી કરી, સાંજે ઇન્ડિયન રેસ્ટોરાંનાં દાળ-ભાત ખાધાં, ગ્રીન ટીનો નાસ લીધો અને જાપાનીઝ કફ સીરપ ગટગટાવ્યું, પણ જાપાનમાં મળેલા તે મર્યાદિત સમયને તે પરિસ્થિતિમાં પણ મજેદાર બનાવ્યો. ટૂરિસ્ટ તરીકે માંદાં પડો તો શું કરવું તે બે દશકમાં પહેલીવાર અનુભવાઈ રહ્યું હતું. જોકે હજી સુધી ટ્રાવેલ હેલ્થ ઇન્શ્યોરન્સ વાપરવાની નોબત નથી આવી તેની રાહત છે. જાપાનમાં પણ બે દિવસના કપરા તાવમાં જ વધુ પડતાં એક્ઝોસ્ટ ન થવાનો પાઠ અમે ભણી ચૂક્યાં હતાં. જાપાન બાકીની દુનિયા કરતાં કેટલું અલગ છે તે માટે હું કદાચ પહેલી વાર માટે મેન્ટલી તૈયાર ન હતી. હવે ફરી જ્યારે જવાનું થશે ત્યારની આઇટનરરી પણ અલગ જ હશે તે નક્કી છે. જોકે સાથે ઉંમર અને ક્ષમતાને પણ ધ્યાનમાં લેવી જરૂરી છે. તે સમયે સવારે પેરાસિટામોલના જોરે તાવને અવગણીને અમે હિમેજી તરફ નીકળી પડ્યાં.

ઓસાકા અત્યાર સુધીનાં શહેરોમાં અમારું મનપસંદ સાબિત થઈ રહ્યું હતું. તેને સ્પ્રિંગબોર્ડની જેમ વાપરીને આસપાસમાં ઘણા અનુભવો માટે જવાનું શક્ય બન્યું હતું. હજી ખુદ ઓસાકાને તો સારી રીતે જોવાનું બાકી જ હતું. તે સવારે અમે આરામથી હળવે પગલે હિમેજીની ટ્રેન લીધી. હિંમત હતી, કારણ કે ત્યાં માત્ર એક કિલ્લો જ છે, બાકી કોઈ મજેદાર કાફેમાં બેસીને જલસા કરીશું અને મને રિકવર થવાનો મોકો મળશે એ પ્લાન હતો. ત્યારે હજી ખબર ન હતી કે આ કિલ્લો આખો દિવસ એક્સ્પ્લોર કરો તો પણ સમય ઓછો પડે એવો મજેદાર છે. એક ઓપ્શન હોટલ પર રહીને રેસ્ટ કરવાનો હતો જ, પણ તે પંદર જ મિનિટમાં રિજેક્ટ થઈ ગયો. તે પછીની પહેલી નેપ ઓસાકાથી હિમેજી વચ્ચેની ટ્રેન પર લીધી. રસ્તામાં આવતાં ગામ જોવામાં ક્યાં આંખો બંધ થઈ ગઈ ખબર પણ ન પડી. સ્ટેશન પર પહોંચીને ગરમ ગ્રીન ટી લીધી. અહીં ઠંડાં પીણાંની બોટલોની



બાજુમાં જ ગરમ પીણાંઓની બોટલોને ગરમ રાખતું હીટર પણ રહેતું. બરાબર ચુસ્કી લઈ શકાય એટલી ગરમ ચા, કોફી, દૂધ અને હોટ ચોકલેટનું વૈવિધ્ય પણ ભાવી ગયું હતું. આ રીતે પીણાં ગરમ રાખવાની ટેક્નોલોજી કંઈ અઘરી કે એક્સક્લુઝિવ નહોતી લાગતી, તો પણ કોણ જાણે કેમ બીજા દેશોમાં તે ક્યાંય જોવા નથી મળી.


ગરમ ગ્રીન ટીની બોટલ હાથમાં લઈને બહાર નીકળ્યાં કે સ્ટેશન પરથી જ હિમેજીનો કિલ્લો દેખાવા લાગ્યો હતો. તે પછી મોટાભાગનો દિવસ તાવ સાવ ભુલાઈ જ ગયો હતો. હિમેજીના કિલ્લાના સૌંદર્યનું જાણે મારી ઇમ્યુનિટી સાથે પણ સીધું કનેક્શન હોય તેવું લાગતું હતું. બંને તરફ ભીડ માટે બનેલી પહોળી ફૂટપાથ પર થઈને હિમેજીના કિલ્લા સુધી જવાતું હતું. તે સમયે, ચાલુ દિવસે, લંચ ટાઈમ પર ત્યાં પ્રવાસી મુલાકાતીઓની સંખ્યા ઘણી મર્યાદિત હતી. અમને આવા ખાલી રસ્તા પણ જાપાનમાં પહેલી વાર મળેલા. તેમાં રોડસાઇડ વિન્ડો શોપિંગ અને સ્ટ્રીટ ફૂડની પણ મજા લેવાનો મોકો મળી ગયેલો.

પહેલાં તો અમે ઇન્સ્ટાગ્રામની ફેવરિટ 'તૈયાકી' ખાવા માટે તેની રેકડી પર ઊભાં રહ્યાં. આમ તો તેને ફૂડ ટ્રક જ કહી શકાય પણ તેને તૈયાકીની રેકડી કહીને બોલાવવામાં જ અમને જમવાનો સંતોષ મળી ગયો. સ્વીટ પેસ્ટવાળી આ સ્ટફ્ડ પેન કેક ખાઈને અમે એટલું ધરાઈ ગયાં કે તે દિવસે જમવાની પણ જરૂર ન લાગી. તૈયાકીની હિસ્ટ્રી વિષે હજી આગળ વધુ જાણવા મળવાનું હતું. આ વાનગી પણ જાપાનની બહાર ભાગ્યે જ ક્યાંય જોવા મળે છે. તૈયાકી બની રહી હતી ત્યાં સુધીમાં મેં બાજુમાં એક સુવિનિયર સ્ટોરમાં આંટો માર્યો. અને એ નાનકડું ચક્કર જાણે તે દિવસની હાઈલાઇટ જ બની ગયો. હિમેજીએન નામની એ દુકાનમાં તે શહેર અને તેની સાથે જોડાયેલી લોકવાયકાઓ સંબંધિત આર્ટ હતું. એટલું જ નહીં, તે ચિત્રો દરેક પ્રકારનાં સુવિનિયર પર જોવા મળી ગયાં. ઉપરાંત ત્યાં મને તૈયાકી શેપનું પેન્ડન્ટ અને કિચેઈન પણ મળ્યાં. તે ટિપિકલ સુવિનિયર નહીં, પણ ત્યાંના કલાકાર યુકી માત્સુઓકોએ હાથે બનાવેલી ડિઝાઇનનાં હતાં.

દુકાનના થડે બેઠેલા યુવાન સાથે વાત કરી તો જાણવા મળ્યું કે તે ખુદ યુકી હતો. અને તે આ દુકાન તો ચલાવે જ છે, સાથે દુનિયાભરમાં ફેશન શોઝમાં અને આર્ટ એક્ઝિબિશનમાં ભાગ પણ લે છે. તે એટલો નમ્ર અને મળતાવડો હતો કે માન્યામાં નહોતું આવતું કે આટલો વ્યસ્ત કલાકાર ટૂરિસ્ટ સાથે ગપશપ કરવામાં આટલો સમય વિતાવે. યુકીએ એમને તેની દુકાનની બહાર મળતી પોતાની મનગમતી તૈયાકી લેવરની પણ વિગતે વાત કરી. વળી તેની લોકપ્રિયતા અને તેનાં કલેક્શનની ક્વોલિટીના પ્રમાણમાં ભાવ ઘણા વાજબી હતા. તેની સાથે જાણે વાત કરવામાં કોઈ જૂના મિત્ર સાથે વાતો કરી હોય તેવી અનુભૂતિ થતી હતી. એકબીજાના ઇન્સ્ટા ફોલો કરવાની વાતોમાં અમે ત્યાંથી બહાર નીકળ્યાં. હવે તો જાણે અમે હિમેજીમાં સોશ્યલ વિઝિટ માટે જ આવી ગયાં હોઈએ એવું લાગતું હતું.

યુકીને અલવિદા કરી અમે કિલ્લા તરફ કૂચ આગળ વધારી. રસ્તામાં ગટર પરનાં મેટલનાં ઢાંકણાં પણ કલાત્મક હતાં. આખાય વાતાવરણમાં હળવાશ હતી. ભીડનો સ્ટ્રેસ ન હોવાના કારણે હિમેજીમાં જરા વધુ રિલેક્સ્ડ રહી શકાયું હતું. હિમેજીમાં હજી ત્યાંનું મખ્ય આકર્ષણ જોવાનું તો બાકી જ હતું. ■

# ભૂલ



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

**ટીના દોશી**

શ્રીકાંત અને શ્રીલેખાનાં લગ્નને પાંચ વર્ષ થઇ ગયાં હતાં, પણ બંને વચ્ચેનો પ્રેમ જોઇને કોઈને પણ એવું જ લાગે કે જાણે ગઈ કાલે જ પરણ્યાં હોય! પરસ્પર આદર, વિશ્વાસ અને સમર્પણના સિંચનથી દાંપત્યબાગને મઘમઘતો રાખ્યો હતો એમણે. બંને એકમેક સાથે સ્નેહસાંકળથી સજ્જડ રીતે જોડાયેલાં હતાં, છતાં એકબીજાને પૂરતી મોકળાશ પણ આપી હતી. પાંચ વર્ષમાં બેયમાંથી કોઈએ એકમેક સાથે ઊંચાં અવાજે બોલવાની નોબત આવી નહોતી. કલહકંકાસ કોને કહેવાય એ એમને ખબર જ નહોતી. બેય પરસ્પરને સારી રીતે સમજતાં. કશું બોલ્યા વિના પણ પરસ્પરનો ચહેરો વાંચીને, આંખો વાંચીને વિચારો જાણી શકતાં. જુગત જોડી હતી એમની. બંને એકબીજા માટે જ સર્જાયા હતાં જાણે. બેયનું લગ્નજીવન કોઈ બંધિયાર કૂવા જેવું નહોતું, પણ ખળખળ વહેતી નદી જેવું હતું. કોઈને પણ ઈર્ષ્યા આવે એવું!

શ્રીકાંતનો પોતાનો બિઝનેસ હતો. ખૂબ મહેનત કરીને જમાવેલો બિઝનેસ.એ સવારે વહેલો નીકળી જતો અને મોડી સાંજે ઘેર પાછો ફરતો. ક્યારેક મીટિંગ હોય કે અન્ય કોઈ કારણ હોય તો રાત પડી જતી. શ્રીકાંતને ખાતરી હોય કે શ્રીલેખા દરવાજે ઊભી રહીને રાહ જોતી હશે. એમ જ હોય. શ્રીકાંતે અનેક વાર કહેલું કે, પોતાને આવતાં મોડું થાય તો શ્રીલેખાએ જમીને સૂઈ જવું. પણ શ્રીલેખા આ સલાહ ક્યારેય કાને ન ધરતી. એ બારણે ઊભી રહીને શ્રીકાંતને હસતે મુખે આવકાર આપતી. શ્રીલેખાના હોઠે રમતું હાસ્ય જોઇને શ્રીકાંતનો દિવસભરનો થાક ગાયબ થઇ જતો. શ્રીલેખા ક્યારેય નાકનું ટેરવું ન ચડાવતી. અણગમો ન દાખવતી. કોઈ ખોટો પ્રશ્ન પૂછીને કે નાહકની શંકા વ્યક્ત કરીને શ્રીકાંતને આરોપીના કઠેડામાં ઊભો ન કરતી.

શ્રીકાંત ઘણી વાર કહેતો કે, શ્રી, હું ખરેખર ભાગ્યશાળી છું કે તું મને મળી છે. જો બીજું કોઈ હોત તો કેટલાયે સવાલો કરત. અને હું જવાબ આપી આપીને થાકી જાત. સામે શ્રીલેખા કહેતીઃ ‘ભાગ્યશાળી તો હું છું શ્રી, કે તમે મને મળ્યા. મેં પાંચે આંગળીએ પરમેશ્વરને પૂજ્યા હશે એટલે જ તમે મને મળ્યા. તમારી જગ્યાએ બીજું કોઈ હોત તો મને મનગમતી પ્રવૃત્તિઓ કરવા દેત ખરું?’

શ્રીલેખાની વાત સાચી હતી. પોતે કુશળ ગૃહિણી હતી. સાથે જ અપ્રતિમ બુદ્ધિપ્રતિભા ધરાવતી હતી. ઘર સારી રીતે સંભાળતી. પણ ઘરની સાથે બહારની ઈતર પ્રવૃત્તિઓ પણ એને ગમતી. કિટી પાર્ટીઓમાં સમય વેડફવાને બદલે એ વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પરોવાયેલી રહેતી. શ્રીકાંતે ક્યારેય એને આ કાર્યો કરતાં રોકીટોકી નહોતી. ક્યારેક સામાજિક સંદેશો આપતાં નૃત્યનાટિકાઓમાં એ પોતે પણ ભાગ લેતી. દહેજપ્રથા, બેટી બચાવો અને કન્યાશિક્ષણનો બોધ આપતી કાવ્યપંક્તિઓ પણ લખતી. શ્રીકાંત પોતાના કામમાં ખૂબ જ વ્યસ્ત રહેતો, પણ શ્રીલેખાની નાટિકાઓ અને કાવ્યકણિકા સાંભળવા અચૂક જતો અને એને પ્રોત્સાહિત કરતો. શ્રીલેખા સાચું જ કહેતી હતી કે, શ્રીકાંતના સહકારને કારણે જ પોતે મનપસંદ પ્રવૃત્તિઓ કરી શકતી હતી. આમ બંને પરસ્પરને સાથસહકાર આપતાં અને એકમેકની વ્યક્તિગત સ્વતંત્રતાનો આદર કરતા. ક્યારેક બંને એકબીજાને ગાલે મેશનું કાળું ટપકું લગાવતા અને હસીને પરસ્પરને તાળી દઈને કહેતા, જોજો, ક્યાંક કોઈની નજર ન લાગી જાય આપણા હર્યાભર્યા સંસારને! પણ બૂરી નજર લાગી જ ગઈ!

બન્યું એવું કે, એક દિવસ શ્રીલેખાનો સામાજિક સંદેશો આપતો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવાનો હતો. કાર્યક્રમની વધુ ટિકિટો વેચાય એ હેતુથી શ્રીલેખાએ ગુજરાતી ધારાવાહિકોના ખૂબ જ લોકપ્રિય અભિનેતા ગૌરવકુમારને મુખ્ય અતિથિ તરીકે આવવાનું આમંત્રણ આપ્યું. ગૌરવકુમારે આમંત્રણ સ્વીકાર્યું અને કાર્યક્રમમાં હાજરી આપી. શ્રીલેખાની પ્રતિભાથી પ્રભાવિત થયા. અને વાતવાતમાં કહ્યું કે, તમારે તો સિરિયલોમાં કામ કરવું જોઈએ. ક્યારેક આવો તો વાત કરીએ...’

ગૌરવકુમાર તો ચાલ્યા ગયા, પણ શ્રીલેખાના મનમાં અભિનયનું બીજ રોપતા ગયા. શ્રીલેખાના મનમાં અત્યાર સુધી એવી કોઈ મહેચ્છા નહોતી, પણ ગૌરવકુમારની વાતે એને વિચારતી કરતી કરી દીધી. એ રાત્રે સ્વપ્નમાં એણે પોતાને ટીવી સ્ક્રીન પર અભિનય કરતી, અભિનય માટે પુરસ્કૃત થતાં અને લોકોને વાહવાહી કરતાં જોયા. સવારે જાગી ત્યારે મનમાં રોપાયેલા બીજમાંથી અંકુર ફૂટી ચૂક્યા હતા. એણે નક્કી કરી લીધું કે પોતે સિરિયલોમાં જરૂર કામ કરશે.

આ એક કમભાગી નિર્ણય હતો, જે કાળ બનીને ત્રાટકવાનો હતો, શ્રીલેખાને એની જાણ નહોતી!

શ્રીલેખાએ શ્રીકાંતને કહ્યું કે, ‘શ્રી, ગૌરવકુમાર કહેતા હતા કે મારે સિરિયલમાં કામ કરવું જોઈએ. મને પણ લાગે છે કે...’

‘જો શ્રીલેખા...’ એકમેકને કાયમ શ્રી નામે વહાલથી સંબોધતાં પતિપત્નીમાં પાંચ વર્ષે પહેલી વાર એવું થયું કે શ્રીકાંતે નારાજગી વ્યક્ત કરતાં પત્નીને શ્રી ને બદલે નામથી સંબોધી. ને કહ્યુંઃ ‘મેં તને ક્યારેય રોકટોક કરી નથી. તું જે ઈચ્છે એ કરવામાં મેં આડા હાથ દીધા નથી. તું સામાજિક કાર્યો કરે એ સારી બાબત છે, પણ સિરિયલોમાં કામ કરવું આપણને શોભે નહીં. ત્યાં તો કેવા કેવા લોકો હોય છે અને સ્ત્રીઓ સાથે કેવો વહેવાર થતો હોય છે એ તું જાણે જ છે ને?’

પણ ગૌરવકુમાર... શ્રીલેખા બોલીઃ ‘એ તો કહેતા હતા કે હવે તો કેટલી બધી સ્ત્રીઓ ટીવી પર કામ કરે છે, તો હું પણ કામ કરું એમાં ખોટું શું છે?’

‘ના, શ્રીલેખા, જેણે કામ કરવું હોય એ કરે પણ તારે ટીવીમાં કામ કરવાનું નથી...’ શ્રીકાંતે એક એક શબ્દ અને શબ્દના એક એક અક્ષર પર ભાર મૂકતાં કહ્યુંઃ ‘આ તારો ગૌરવકુમાર છે ને એ કેવો છે એ સાંભળ. મારા મિત્ર સુનીલની બહેન સોનાલીને પણ ટીવીમાં કામ અપાવવાનું કહીને ભોળવેલી અને પછી કેરીનો રસ ચૂસીને ગોટલો ફેંકી દઈએ એમ ફેંકી દીધેલી. બીજી કેટલીયે છોકરીઓને પણ ફસાવેલી. સિરિયલમાં કામ આપવાની લાલચ આપીને છોકરીઓને ફસાવવાનો ધંધો છે એનો. હવે તું સમજીને કે હું તને શા માટે ના પાડું છું?’

શ્રીકાંત, ટીવી સિરિયલોમાં કામ કરનારાઓની સૌથી મોટી મુસીબત એ હોય છે કે એમના વિશે અફવાઓ ઊડ્યા જ કરતી હોય છે. પણ એનો અર્થ એવો નથી થતો કે બધી અફવાઓ સાચી હોય. એ તો લોકપ્રિય થવાની કિંમત ચૂકવવી પડતી હોય છે. શક્ય છે કે ગૌરવકુમાર વિશે પણ અફવાઓનું બજાર ગરમ હોય... શ્રીલેખાની દલીલ પરથી સ્પષ્ટ થઈ ગયું કે એ કોઈ પણ ભોગે ટીવીસ્ટાર બનીને જ રહેશે.

‘શ્રીલેખા, મારી તો તને ચોખ્ખી ના છે. શું હું ખોટું કહેતો હોઈશ?’ શ્રીકાંતના સ્વરમાં તેજાબની ધાર હતી.

‘એમ તો તું પણ રાત્રે મોડો આવતો હોય છે. મેં કોઈ દિવસ તારા પર સંદેહ કર્યો?’ શ્રીલેખાએ શબ્દની છૂરી ચલાવી. અને ઓછું હોય એમ બળતામાં ઘી હોમ્યુંઃ ‘ક્યાંક એવું તો નથી ને કે તને મારી જલન થાય છે?’

‘શેની જલન, બોલ શેની જલન, હં?’ શ્રીકાંતને પોતે જે સાંભળ્યું તેના પર વિશ્વાસ ન બેઠો. શું આ એ જ શ્રી છે જેને પોતે દિલોજાનથી ચાહતો હતો!

‘હું ટીવીસ્ટાર બની જાઉં, મારી એક ઝલક મેળવવા, મારી સાથે ફોટો પડાવવા અને મારો ઓટોગ્રાફ લેવા પડાપડી કરે, અને તને કોઈ ઓળખે પણ નહીં., એ વાતની જલન!’ શ્રીલેખાએ શ્રીકાંતના જખમ પર મીઠું ભભરાવ્યું.

શ્રીકાંત સડક થઇ ગયો. ખરેખર આ શ્રી બોલી રહી છે? આ મારી શ્રીલેખા જ છે કે બીજું કોઈ! શ્રીનું આ રૂપ તો કોઈ દિવસ જોયું જ નહોતું. શ્રી આવી તો નહોતી. કે પછી આવી જ હતી? અથવા તો કદાચ આ જ એનો અસલી ચહેરો હતો!

એ દિવસે સંબંધોમાં તડ પડી અને જોતજોતામાં એ તિરાડ પહોળી થઈને ખાઈ બની ગઈ. શ્રીકાંતે શ્રીલેખાને સમજાવવાના ભરચક પ્રયત્નો કરી જોયા હતા, પણ પથ્થર પર પાણી! જોકે હવે પાણી માથા પરથી વહેવા લાગ્યું હતું. શ્રીલેખાએ ગૌરવકુમાર સાથે ટીવી સિરિયલમાં કામ કરવાનું નક્કી કરી લીધું અને પાત્રને સમજવા બંને વારંવાર મળવા પણ લાગ્યા. જેમને કલેશ એટલે શું એ ખબર નહોતી એ પતિપત્નીના જીવનમાં માત્ર કંકાસ જ રહ્યો. વિશ્વાસ, પ્રેમ, સમર્પણ અને સ્નેહ જેવા શબ્દોએ એમના ઘર અને જીવનમાંથી વિદાય લઇ લીધી. આદર્શ પતિપત્ની તરીકે જાણીતાં શ્રીકાંત અને શ્રીલેખાના શબ્દ કોશમાંથી આદર્શ શબ્દ ઊભી પૂંછડીએ નાઠો. પાછળ રહ્યાં માત્ર અવિશ્વાસ, નફરત, અનાદર અને ગુસ્સો!

શ્રીકાંતે તો હવે શ્રીલેખાને સમજાવવાનું પણ માંડી વાળ્યું હતું. ધીમે ધીમે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું કે જેમને એકબીજા વિના ઘડીભર પણ ગોઠતું નહોતું એ પ્રેમીપંખીડાં એકમેક સામે આવવાનું જ ટાળવા માંડ્યા. બે અજનબી એક છત નીચે રહેતાં હતાં બસ. છેલ્લે બંનેએ ક્યારે વાત કરેલી કે સાથે ચા પીધેલી એ બેમાંથી એકેયને યાદ નહોતું. યાદ કરવા પણ માગતાં નહોતાં. ગૌરવકુમાર સાથેના શ્રીલેખાના સંબંધો દિવસે દિવસે ગાઢ બનતા જતા હતા. શ્રીકાંતને કાને શ્રીલેખા વિશેની બેહૂદી વાતો પડતી, પણ એ સમસમીને રહી જતો. જે શ્રીકાંત ટટ્ટાર, ગર્વભેર ચાલતો, એની નજર ઝૂકી ગઈ હતી. એ કોઈની સાથે આંખ મિલાવવાની હિંમત કરી શકતો નહોતો. એને એવું લાગતું કે સામે સૌ કોઈ એની દયા ખાય છે અને પીઠ પાછળ પોતાની ઠેકડી ઉડાડે છે! પણ બસ, હવે બહુ થયું. કંઈક ફેંસલો કરવો પડશે. શ્રીલેખાને ધક્કા મારીને કાઢી મૂકું કે પછી...આવતી કાલે સવારે વાત!

પણ, શ્રીકાંતની આવતી કાલ ન પડી. સૂરજ ઊગ્યો ત્યારે શ્રીકાંત આથમી ચૂક્યો હતો. એનું મૃત્યુ થઇ ગયું હતું. કોઈએ મોડી સાંજે એના માથા પર લોખંડના દસ્તા કે એવી કોઈ ભારે ચીજથી જોરજોરથી પ્રહાર કરીને એને મોતને ઘાટ ઉતારી દીધો હતો!

ઇન્સ્પેક્ટર કરણ બક્ષીએ તપાસ શરૂ કરી. પૂછપરછ દરમિયાન પાડોશીઓ પાસેથી શ્રીલેખા અને ગૌરવકુમારના ચર્ચાના ચકડોળે ચડેલા સંબંધો વિશે ખબર પડી. એ કડી પકડીને કરણ બક્ષીએ કેસ સોલ્વ કરવાની કેડી કંડારી. એમણે શ્રીલેખા અને ગૌરવકુમારની ઊલટતપાસ લીધી. ગૌરવકુમારે કહ્યું કે, ‘હું તો એક નવી ધારાવાહિક પર કામ કરી રહ્યો છું. અને શ્રીકાંતને હું ઓળખતો સુધ્ધાં નથી. એનું ખૂન કરવાની વાત તો દૂરની છે! તમે ક્યાંક મારા પર શંકા તો નથી કરતા ને?’

‘તમારા સંબંધો અંગે...’ બક્ષીએ વાક્ય અધૂરું મૂક્યું.

‘એ તો એવું છે ને કે ટીવીની દુનિયામાં લોકો વિશે અફવા ઊડ્યા કરે છે. એનાથી ટીઆરપી વધે છે...’ શ્રીલેખાએ ગૌરવકુમાર સાથેના ચર્ચાસ્પદ સંબંધોનો છેદ ઉડાડી દીધો. પછી મગરનાં આંસુ સારતાં કહ્યુંઃ ‘શ્રીકાંતના મૃત્યુનું મને પણ દુઃખ છે. આખરે તો હું તેની પત્ની હતી. પ્રાણપ્રિયા હતી. વન મિનિટ, ક્યાંક તમે મારા પર તો શંકા નથી કરતા ને? તો હું તમને કહી દઉં કે ત્રણ દિવસથી હું શ્રીકાંતને મળી જ નથી.’

કરણ બક્ષી નફ્ફટાઈના આ નમૂનાને જોઈ રહ્યો. પછી જેમ બિલાડી ઉંદર પર તરાપ મારે એમ શિકારને સાણસામાં લીધોઃ ‘ગઈ કાલે મોડી સાંજે શ્રીકાંતની હત્યા થઇ છે. એ સમયે તમે બંને ક્યાં હતા?’

ગઈ કાલે ને... બંનેએ હડપચી પર આંગળી ટેકવીને યાદ કરવાનો ડોળ કર્યો. આગલા દિવસે કોઈ ફિલ્મમાં જોયેલા દૃશ્યનું સ્મરણ થયું. માથા પર ટકોરા મારીને શ્રીલેખાએ ઠોકી દીધું : ‘અરે હા, ગઈ કાલે તો સુવિધા સ્પેશિયલમાં મુસાફરી કરી રહેલા એક ટીવી કલાકારને અમદાવાદ સ્ટેશને મળવા ગયા હતા. અમે અમારી નવી ધારાવાહિકમાં એને રોલ આપવા માગતા હતા.’

‘હા, હા...હવે મને યાદ આવ્યું.’ ગૌરવકુમારે હા માં હા ભણી.

‘સુવિધા સ્પેશિયલ, હં... એ તો કોલકાતા મુંબઈ ટ્રેન છે ને?’ કરણ બક્ષીએ પોતાની પાણીદાર નજર બંનેના ચહેરા પર ટેકવી.

‘અ, હા....અમે કોલકાતાથી મુંબઈ જઈ રહેલા કલાકારને મળવા જ ગયાં હતાં.’ શ્રીલેખા અને ગૌરવકુમારે કક્કો ઘૂંટે રાખ્યો.

‘તો તો તમે કાલે શ્રીકાંતને કેવી રીતે મળ્યાં હો?’ કરણ બક્ષીએ બંનેની વાત માની લીધી હોય એમ લાગ્યું. એટલે સ્વાભાવિક જ બેય ગુનેગારો મનોમન ખુશ થયા. કરણ બક્ષીને ભોળો કહેવો કે મૂર્ખ એવું વિચારતાં સ્વગત બબડ્યા પણ ખરાઃ ‘હાશ બચી ગયા!’

કરણ બક્ષીએ તાબડતોબ સ્ટેટમેન્ટ તૈયાર કરાવ્યું. બંનેની સહી લીધી. બંનેના ચહેરા ખીલી ઊઠ્યા, ત્યાં તો કરણ બક્ષીએ એમની સામે હાથકડી લંબાવીને કહ્યુંઃ ‘શ્રીકાંતની હત્યા કરવાના આરોપ હેઠળ હું તમારા બંનેની ધરપકડ કરું છું. યુ આર અન્ડર એરેસ્ટ!’

બંનેની આંખમાં પડકાર જોઇને કરણ બક્ષીએ સૂચક સ્મિત સાથે કહ્યુંઃ ‘તમે કહો છો કે કોલકાતાથી મુંબઈ જતી ટ્રેનમાં સફર કરી રહેલા કલાકારને મળવા અમદાવાદ સ્ટેશને ગયા હતા, ખરું ને? પણ કોલકાતાથી મુંબઈ જતી ટ્રેનના રૂટમાં અમદાવાદ સ્ટેશન આવતું જ નથી, સમજ્યા? હવે ગુનો કબૂલ કરો છો કે પછી...’

બંનેએ ગુનો કબૂલ કરી લીધો. શ્રીલેખાએ કહ્યુંઃ ‘મને ખબર પડી ગયેલી કે શ્રીકાંત મને ઘરમાંથી કાઢી મૂકવાનો હતો. અમને બહુ જ ગુસ્સો આવ્યો. અને અમે આવેશમાં આવીને મેં ખાંડણિયાથી એનું માથું ફોડી નાંખ્યું.’ કહીને શ્રીલેખા ચૂપ થઇ ગઈ અને મનોમન વસવસો કરવા લાગીઃ ‘ટ્રેનનું ટાઇમટેબલ જોઈ લીધું હોત તો...’

એક જ ભૂલ બંનેને ભારે પડી હતી! ■

**આવતા અઠવાડિયે નવી કથા**

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

# ફન વર્લ્ડ

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પાટજોગી | તોલડી |
| પાટઘર | રાજધાની |
| પાટનગર | શિષ્ય |
| પાટબંધ | યોગીશ્વર |
| પાટરડી | તાલબંધ |

## જાણવા જેવું

અવકાશી દોડ માટે શરૂ થયેલા શીત યુદ્ધમાં યુએસ પછી સોવિયેત રશિયા સામેલ થયું હતું અને ૧૯૫૭માં સ્પુટનિક - ૧ તરતું મૂક્યા પછી લાઈકા નામના શ્વાનને અંતરિક્ષમાં મોકલી આપ્યો હતો. પહેલી વાર જીવીત પ્રાણી સ્પેસમાં મોકલવામાં આવ્યું હતું. અલબત્ત, શ્વાન સ્પેસમાં ઝાઝું જીવ્યો નહીં, પણ અંતરિક્ષમાં ટકી રહેવા માટે મનુષ્યના માર્ગની જાણકારી આપતો ગયો.

## ગુજરાત મોરી મોરી રે

અનેક યાદગાર ગુજરાતી નાટકોનું નિર્માણ કરી ખ્યાતનામ થયેલા કાંતિ મડિયાએ કઈ ગુજરાતી ફિલ્મનું દિગ્દર્શન કર્યું હતું એ ખબર છે?

અ) માનવીની ભવાઈ
બ) કંકુ
ક) કાશીનો દીકરો
ડ) કાદુ મકરાણી

## નોંધી રાખો

પહેલા બે ઝઘડતા તો ત્રીજો છોડાવવા આવતો,આજે ત્રીજો વીડિયો ઉતારે છે. સાચે જ દુનિયા ખૂબ જ મોડર્ન બની ગઈ લાગે છે.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | | ૬ | ૭ |
| ૮ | | | ૯ | ૧૦ | | | | ૧૧ | |
| ૧૨ | | ૧૩ | | ૧૪ | | | ૧૫ | | |
| | | ૧૬ | | | | ૧૭ | | | |
| ૧૮ | ૧૯ | | | | | ૨૦ | ૨૧ | ૨૨ | |
| | ૨૩ | | ૨૪ | | ૨૫ | | ૨૬ | | |
| ૨૭ | | | | | ૨૮ | | | | |
| ૨૯ | ૩૦ | | | ૩૧ | | | | ૩૨ | ૩૩ |
| ૩૪ | | | ૩૫ | | | ૩૬ | | | ૩૭ |
| ૩૮ | | | | | | ૩૯ | | | |

### આડી ચાવી

૧. શંકરનું મંદિર (૪)
૪. દાખલ થવા માટેની રજાચીઠ્ઠી (૫)
૮. સત્ત્વ, સાર (૨)
૯. દાનેશરી (૪)
૧૧. --- ધર્મનું મૂળ છે, પાપ મૂળ અભિમાન (૨)
૧૨. ભજન (૩)
૧૪. વિના, વગર (૨)
૧૫. નવું (૩)
૧૬. --- તેવી બરકત (૩)
૧૮. અવશ્ય, અલબત્ત (૩)
૨૦. કાળજી (૩)
૨૩. હિંમતે મર્દા તો --- ખુદા (૩)
૨૬. --- આપવા=બાંયધરી આપવી (૩)
૨૮. ભાવુક, રસજ્ઞ, રસીયું (૩)
૨૯. મોટો અવાજ (૩)
૩૧. પ્રમાણ, વિસ્તાર (૨)
૩૨. એક જાતનાં તેજાનાનું ઝાડ (૩)
૩૪. પોકાર, બરાડો (૨)
૩૫. સમારકામ (૪)
૩૭. જેલ, કેદ (૨)
૩૮. પૃથ્વીને ધારણ કરનાર, શેષનાગ (૫)
૩૯. કોઈ કામ શરૂ કરવાનો શુભ સમય (૪)

### ઊભી ચાવી

૧. હાર (૩)
૨. ઈન્દ્ર, દેવોનો રાજા (૩)
૩. જ્યારે (૨)
૪. કુશળ (૩)
૫. દ્વેષ, શત્રુવટ (૨)
૬. હોદ્દો, દરજ્જો (૩)
૭. ત્રણ મુખવાળા દત્તાત્રેય (૪)
૧૦. નવું (૪)
૧૩. કંઈ જ નહીં (૪)
૧૭. વાણી, બોલી (૨)
૧૯. --- રાખે તેને કોણ ચાખે (૨)
૨૧. નાજુકાઈ (૪)
૨૨. ઊણપ, ઓછપ (૨)
૨૪. મંદિર (૨)
૨૫. હંમેશા (૪)
૨૭. સાનભાન (૪)
૩૦. કોલટાર (૩)
૩૧. કબૂલાત, ઠરાવ (૩)
૩૩. જાણકાર, માહિતગાર (૩)
૩૫. મીઠું --- જેવું (૨)
૩૬. તમે, તમારું (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મુ | ૨ કા | બ | ૩ લો | | ૪ ક | ટિ | ૫ મે | ખ | ૬ લા |
| ૭ દ્ર | વ્ય | | ૮ ભી | ૯ ત | ર | | ળા | | ય |
| ણા | | ૧૦ ભા | યા | ત | | | ૧૧ પ | ૧૨ લ | ક |
| ૧૩ લ | ગ | ણ | | ૧૪ ડિ | લ | | | ક્ષ | |
| ય | | ૧૫ કી | ૧૬ મિ | યો | | ૧૭ મા | | ણ | |
| | ૧૮ સા | | ત્ર | | ૧૯ આ | યા | ૨૦ ત | | ૨૧ પ |
| | ર | | | ૨૨ રા | વ | | ૨૩ લ | શ્ક | ર |
| ૨૪ ઉ | પ | ૨૪અ ર | | | ૨૫ ર | ૨૬ જ | ક | | મે |
| દે | | જ | | ૨૭ ના | દા | રી | | ૨૮ અ | શ્વ |
| ૨૯ શ | ર | ત | ના | મું | | ૩૦ ક | સ | દા | ર |

## ઓળખાણ પડી?

ટેસ્ટ ક્રિકેટની એક ઈનિંગ્સમાં દસેદસ વિકેટ મેળવનારા આ બોલરની ઓળખાણ પડી? બહુ ઓછા ખેલાડીઓને સિદ્ધિ મળી છે.

અ) રિચર્ડ હેડલી
બ) અનિલ કુંબલે
ક) નેથન લાયન
ડ) એજાઝ પટેલ



## સુડોકુ-૯૧૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | | ૬ | | | | | |
| ૯ | | | | | ૧ | | | |
| | ૭ | | | ૪ | ૯ | ૬ | | ૩ |
| | | ૬ | | ૭ | | | | ૯ |
| | ૩ | ૯ | | ૧ | | ૪ | ૬ | |
| ૭ | | | | ૮ | | ૩ | | |
| ૩ | | ૧ | ૫ | ૬ | | | ૨ | |
| | | | ૩ | | | | | ૪ |
| | | | | | ૮ | | ૩ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૧૭૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | ૯ | ૮ | ૨ | ૩ | ૭ | ૬ | ૪ |
| ૩ | ૮ | ૬ | ૪ | ૭ | ૯ | ૨ | ૫ | ૧ |
| ૨ | ૭ | ૪ | ૧ | ૬ | ૫ | ૯ | ૩ | ૮ |
| ૬ | ૨ | ૭ | ૩ | ૮ | ૧ | ૫ | ૪ | ૯ |
| ૮ | ૫ | ૩ | ૯ | ૪ | ૨ | ૬ | ૧ | ૭ |
| ૪ | ૯ | ૧ | ૬ | ૫ | ૭ | ૮ | ૨ | ૩ |
| ૯ | ૪ | ૮ | ૨ | ૩ | ૬ | ૧ | ૭ | ૫ |
| ૧ | ૬ | ૫ | ૭ | ૯ | ૪ | ૩ | ૮ | ૨ |
| ૭ | ૩ | ૨ | ૫ | ૧ | ૮ | ૪ | ૯ | ૬ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પટ | વિસ્તાર |
| પટરી | ઘોડાનું પલાણ |
| પટવારી | તલાટી |
| પટોળું | વસ્ત્ર |
| પટોપટ | ઝપાટાબંધ |

**ગુજરાત મોરી મોરી રેઃ** મહેન્દ્ર જોશી

**ઓળખાણ પડી?** ટેડ ડેક્સ્ટર

**માઈન્ડ ગેમ :** ૩૦૪

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** હૈદરાબાદ

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

પશ્મિના શાલ તેમ જ ફૂલકારી જેવાં વસ્ત્રોની વરાયટી માટે આપણા દેશનું કયું શહેર જાણીતું છે એ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) ચંદીગઢ બ) લુધિયાણા ક) અમૃતસર ડ) ઈમ્ફાલ

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૩૮, ૫૩, ૭૨, ૯૫, ૧૨૨... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૨૨ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૪૫ બ) ૧૫૩ ક) ૧૫૮ ડ) ૧૬૨

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) નિશબ્ધ દેસાઈ (૬) ભારતી બુચ (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) હર્ષા મહેતા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) પુષ્પા પટેલ (૧૨) પ્રવીણ વોરા (૧૩) અમીશી બંગાળી (૧૪) નિખિલ બંગાળી (૧૫) મીનળ કાપડિયા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) નિતીન જયંતિલાલ બજરિયા (૨૦) મહેશ સંઘવી (૨૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૨) જયવંત પદમશી ચિખલ (૨૩) ભરત કજરિયા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) તાહેર ઔરંગાબાદવાલા (૨૬) શીરીન ઔરંગાબાદવાલા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) ખુશરૂ કાપડિયા (૨૯) કિરીટ છેડા (૩૦) ભાવના કર્વે (૩૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૨) નયના ગિરીશ મિસ્ત્રી (૩૩) ડાયના સંતોકે (૩૪) શિલ્પા શ્રોફ (૩૫) પુષ્પા ખોના (૩૬) વિજય આસર (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) ઈનાક્ષીબેન દલાલ (૪૦) હિનાબેન દલાલ (૪૧) રમેશભાઈ દલાલ (૪૨) અરવિંદ કામદાર (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) પ્રતિમા પમાણી (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) મહેશ દોશી (૪૭) કમલ માતલિયા (૪૮) દીપિકા દોશી (૪૯) ચેતના છેડા (૫૦) વિણા સંપટ (૫૧) દેવેન્દ્ર સંપટ (૫૨) અલકા વાણી (૫૩) કલ્પના આશર (૫૪) અંજુ ટોલિયા (૫૫) ઝખંના કડકિયા

## એક નજર ઈધર ભી...

# બ્રોકન ચેર... કિસ્સા એક કુર્સી કા!

## રાજકારણી કરતાં કલાકારોની ખુરશીનો મહિમા અનેરો છે

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

ખુરશીની વ્યાખ્યા અઢેલીને બેસી શકાય એવી બેઠક ઉપરાંત માનભર્યું સ્થાન એવો પણ થાય છે. ખુરશી આરામ આપે છે તો અમર્યાદ સત્તા પણ આપે છે. ખુરશીમાં બેસી શરીરનો થાક ઉતારી શકાય છે તો એમાં બેઠા બેઠા મગજને પાંખો આવી અનોખા સર્જનમાં પણ એ નિમિત્ત બને છે.

વિશ્વના ઈતિહાસમાં રાજકારણીઓ સિવાયની કેટલીક ખુરશી અનોખું સ્થાન ધરાવે છે. એની દુનિયામાં એક લટાર મારીએ...

**બ્રોકન ચેર:**

આલ્પ્સ અદ્ભુત પર્વતમાળા યુરોપના આઠ દેશમાંથી પસાર થાય છે. તાજેતરમાં આપણે ત્યાં અરવલ્લી પહાડો મીડિયામાં ખાસ્સા ગાજ્યા એટલે યુરોપ ટૂર વખતે આલ્પ્સના દર્શનનો રોમાંચ યાદ આવી ગયો. આ પર્વતમાળા જે આઠ દેશનો સમાવેશ કરે છે એમાં એક છે સ્વિટ્ઝર્લેન્ડ. સ્વિટ્ઝર્લેન્ડનો ઉલ્લેખ થતાની સાથે આલ્પ્સ પર્વતમાળા ઉપરાંત સ્વિસ વોચ (રોલેક્સ, ઓમેગા, ટેગ હ્યુવર વગેરે) આંખ સામે તરવરવા લાગે અને ચોકલેટ્સ - ચીઝ યાદ આવતા મોઢામાં પાણી આવી જાય.

સ્વિટ્ઝર્લેન્ડનું જીનિવા શહેર સ્વિસ વોચ ઉપરાંત યુરોપિયન યુનાઈટેડ નેશન્સનું હેડ ક્વાર્ટર્સ, રેડ ક્રોસ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન અને હા, વર્લ્ડ બેન્ક માટે ખ્યાતિ ધરાવે છે. જોકે આ બધી જગ્યામાં પ્રવેશ મેળવવો અત્યંત મુશ્કેલ કામ હોવાથી એ ઈમારતોના બાહ્ય દર્શનથી જ આનંદ મેળવી લીધો.



જીનિવા શહેરની બ્રોકન ચેર શાંતિનું પ્રતીક છે

બીજી તરફ, જીનિવા સ્થિત યુએનના કાર્યાલયની બરોબર સામે એક અસાધારણ શિલ્પકૃતિ છે, જે સહેલાણીઓ માટે અચરજનો વિષય છે. 'બ્રોકન ચેર' તરીકે ઓળખાતી આ કમાલ મૂળ યુકેના અને જીનિવામાં સ્થાયી થયેલા શિલ્પી ડેનિયલ બેરસેટની છે. ૧૯૭૭માં એનજીઓ હેન્ડીકેપ ઈન્ટરનેશનલ માટે શિલ્પીએ 'બ્રોકન ચેર'નું નિર્માણ કર્યું હતું. આ ખુરશી તૈયાર કરવા માટે સાડા પાંચ ટન (૫૫૦૦ કિલો) લાકડાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને એની ઊંચાઈ ૧૨ મીટર (આશરે ૪૦ ફૂટ) છે અને છેક ૧૯૯૭થી ટટ્ટાર ઊભી છે. આ કોઇ અલભ્ય ફર્નિચરનો પીસ નથી, પણ એની સાથે એક કથા સંકળાયેલી છે, જેના મૂળમાં શાંતિની ભાવના છે. યુદ્ધના સમયે જમીનની અંદર ગોઠવવામાં આવતા જીવલેણ હથિયારના વિરોધનું પ્રતીક છે. ખુરશીનો આગળનો અડધો તૂટેલો પાયો યુદ્ધના વિનાશનો ભોગ બનેલી જનતાની વ્યથાનું પ્રતીક છે.

વ્યક્તિનો વિનાશ કરતી સુરંગના ઉપયોગનો વિરોધ દર્શાવવા અને એના પર પ્રતિબંધ લાવવાના હેતુથી ૧૯૯૭માં એક વિશિષ્ટ સંધિ કરવામાં આવી હતી. વધુમાં વધુ રાષ્ટ્ર એ સંધિ પર સાઇન કરે અને સુરંગનો ઉપયોગ કરવાનું બંધ કરે એ હેતુથી 'હેન્ડિકેપ ઇન્ટરનેશનલ ઑર્ગેનાઇઝેશન' નામની સંસ્થા દ્વારા આ બ્રોકન ચેર તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. જીવ ગુમાવનારા લોકોની વ્યથા તરફ ધ્યાન ખેંચાય એ આશય સાથે આ ખુરશી ત્રણ મહિના માટે ઊભી રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જોકે, આજે પણ આ બ્રોકન ચેર અડીખમ ઊભી છે.

**સ્ટીફન હોકિંગની વ્હિલચેર:**

બ્રહ્માંડનાં રહસ્યો માનવજાત સુધી પહોંચાડવામાં આયુષ્ય ખર્ચી નાખનારા બ્રિટિશ વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગની વ્હિલચેર તેમના આયુષ્યનું અભિન્ન અંગ હતું. મિસ્ટર હોકિંગની જરૂરિયાત અનુસાર તૈયાર કરવામાં આવેલી ઈલેક્ટ્રિક વ્હિલચેર કમ્પ્યુટર સાથે કનેક્ટેડ રહેતી. એનું કામ માત્ર હલનચલન નહોતું, પણ એક સંપર્ક વ્યવસ્થા બની ગઈ હતી. લખાણને વાણીમાં રૂપાંતરિત કરવા જેવી અદ્યતન સગવડો ધરાવતી આ ચેર સતત અપગ્રેડ કરવામાં આવતી હતી, જેથી શારીરિક ક્ષમતા ઘટી ગયા પછી પણ હોકિંગ લખી શકતા, ઈ-મેઈલ કરી શકતા અને બોલી પણ શકતા. લંડનના સાયન્સ મ્યુઝિયમમાં આ વ્હિલચેર સાચવી રાખવામાં આવી છે.

સ્ટીફન હોકિંગના વ્હિલચેર ચલાવતી વખતે મસ્તીખોર સ્વભાવની કેટલીક રસપ્રદ વાતો જાણીતી છે. કેમ્બ્રિજમાં લટાર મારતી વખતે એક વાત સ્થાનિક ગાઈડે જણાવી હતી. ગાઈડના કહેવા અનુસાર ૧૯૭૭માં હોકિંગ પ્રિન્સ ચાર્લ્સને મળ્યા ત્યારે એ વ્હિલચેરના પૈડાં ચાર્લ્સના પગના અંગૂઠા પર ફરી વળ્યાં હતા. ચાર્લ્સને કેટલી પીડા થઈ હતી એ તો ખબર નથી, પણ ૧૯૭૯થી ૧૯૯૦ દરમિયાન યુકેનાં વડા પ્રધાન રહેલાં માર્ગારેટ થેચરના પગ પરથી પોતે ચેર કેમ ન ફેરવી એનો અફસોસ તેમણે વ્યક્ત કર્યો હતો. હોકિંગ વિષે એવું કહેવાતું હતું કે એમને જો કોઈ વ્યક્તિ પજવે કે જેમના માટે એમને ચીડ જાગે એની સાથે તે વ્હિલચેરનો 'એક્સિડેન્ટ' કરવાનો મોકો ચૂકતા નહીં. આ વાત તેમના કાને પડી ત્યારે હોકિંગ સાહેબે વિનોદી ઉત્તર આપ્યો હતો 'મને બદનામ કરવા આ અફવા ફેલાવવામાં આવી છે. જે કોઈ આ અફવા આગળ ચલાવશે એના પગ પર હું આ વ્હિલચેર ફેરવી દઈશ!'

**સૅક્સોફોનના સર્જકનો બાંકડો:**

ખુરશીની પરંપરાગત વ્યાખ્યામાં ફિટ ન બેસે એવા આ બાંકડાની ખ્યાતિ ખુરશી કરતાં અનેકગણી વધારે છે. ભારતીય ફિલ્મ સંગીતમાં જે પશ્ચિમી વાજિંત્રનો કર્ણમધુર ઉપયોગ થયો છે એમાં સૅક્સોફોનનો પ્રભાવ ખાસ્સો છે. સૅક્સોફોન સુષિર વાદ્ય (વિન્ડ ઈન્સ્ટ્રુમેન્ટ) શ્રેણીમાં આવે છે અને યુએસના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ બિલ ક્લિન્ટન સૅક્સોફોન વગાડવામાં માહેર હતા. બેલ્જીયમના ડિનોં શહેરના રહેવાસી એડોલ્ફ સૅક્સ (Adolphe Sax)એ ૧૮૪૦ના દાયકામાં આ વાજિંત્ર વિકસાવ્યું હતું અને ૧૮૪૬માં એનું પેટન્ટ કરાવ્યું હોવાની એને નોંધ છે. મિસ્ટર એડોલ્ફ પાછળની જિંદગીમાં ફ્રાન્સ સ્થાયી થયા હતા, પણ એમનો ભવ્ય વારસો ડિનોં શહેરના એક નાનકડા મ્યુઝિયમમાં જાળવી રાખવામાં આવ્યો છે. મ્યુઝિયમની બહાર શ્રીમાન ઍડોલ્ફનું કાંસાના પૂતળા સાથેના બાંકડા (એડોલ્ફ સૅક્સ સીટ) પર બેસી અનેક સહેલાણીઓ ફોટા પડાવે છે.




સૅક્સોફોનના સર્જકનો બાંકડો સહેલાણીઓમાં પ્રિય છે

**વિન્સેન્ટ વેન હોફ ચેર:**

બ્રિટિશ ઇંગ્લિશમાં નેધરલેન્ડ્સના વિશ્વવિખ્યાત પેન્ટરના નામનો ઉચ્ચાર વિન્સેન્ટ વેન ગોફ કરવામાં આવે છે, પણ ડચ લોકો 'વિન્સેન્ટ વેન હોફ' બોલે છે. આ કલાકારનું મ્યુઝિયમ એમ્સ્ટર્ડેમમાં છે, પણ તેમની ખુરશીનું તેમણે જ દોરેલું ચિત્ર લંડનની નેશનલ ગેલેરીમાં છે. કોઈ વ્યક્તિની ખુરશીના પેન્ટિંગને વિશ્વમાં ખ્યાતિ મળી હોય એવું આ કદાચ એકમાત્ર ઉદાહરણ હશે. પેઈન્ટિંગમાં ગામડાની લાગે એવી લાકડાની ખુરશી નજરે પડે છે અને એની બેઠક ઘાસ વણાટથી તૈયાર કરાઈ હોય એવી છે. ખુરશી ઉપર એક સ્મોકિંગ પાઈપ અને તમાકુ રાખવાનું પાઉચ નજરે પડે છે. પાછળ એક બોક્સ દેખાય છે જેના પર 'વિન્સેન્ટ' લખેલું છે. આ ચિત્ર વોન હોફની એક અત્યંત લોકપ્રિય કલાકૃતિ બની ગઈ છે અને પછીના વર્ષોમાં એ પેન્ટરની જે કલાકૃતિઓની વિશેષ ચર્ચા થઈ એમાં આ ખુરશીનો સમાવેશ છે.

આ સિવાય વિશ્વવિખ્યાત ખુરશીઓમાં વિલિયમ શેક્સપિયરની 'કોર્ટિંગચેર' જોવાનો પણ લ્હાવો મળ્યો હતો. આ ખુરશી પર બેસી તેમણે 'રોમિયો એન્ડ જુલિયટ' કે 'હેમલેટ' અથવા 'ઓથેલો' કે બીજા કોઈ નાટક કે અન્ય સાહિત્ય સર્જન કર્યું હતું એની કોઈ જાણકારી ઉપલબ્ધ નથી. આ ખુરશી સાથે તો એમના રોમેન્ટિક જીવનનો એક હિસ્સો જોડાયેલો છે. શેક્સપિયરનાં લગ્ન એન હેથવે સાથે થયા એ પહેલા બંને વચ્ચે પાંગરેલા પ્રેમની આ ખુરશી સાક્ષી છે.

આજ રીતે, કિંગ એડવર્ડની ખુરશી ઐતિહાસિક મહત્ત્વ માટે ખ્યાતિ ધરાવે છે. ક્વીન મેરી - બીજાંને બાદ કરતા ૧૪મી સદી પછી ઈંગ્લેન્ડના પ્રત્યેક રાજવીના રાજ્યાભિષેક વખતે ૧૫૦ કિલો વજનની આ ખુરશી ઉપયોગમાં લેવામાં આવી છે. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# એલા AI વાળા, આવું મશીન લાવોને...!



'આવી ગયું છે ધમાકેદાર મશીન. જે તમારા પગ દુખતા હશે, હાથ દુખતા હશે, કે માથું દુખતું હશે તો દબાવી આપશે...

'બોલો બહેન, આ ભાવમાં ફરી નહીં મળે. મોબાઈલના ચાર્જરથી ચાર્જ પણ થઈ જાય... જરાય વધારે ઇલેક્ટ્રિસિટી ન બાળે. બે વર્ષની વોરંટી, વર્ષમાં બે સર્વિસ ફ્રી, આવી શોધ વર્ષોમાં એકાદ વાર થાય છે... રોજ ઘણા મશીન વહેંચાય છે.....કહેશો, તો આપી દઉં?'

'ભાઈ મારા તો લગ્ન થઈ ગયા છે. તમારા ભાઈ ૨૪ કલાક આ સેવા પૂરી પાડે છે. બે ટાઈમ જમવાનું આપીએ એટલે વગર ઇલેક્ટ્રિસિટી એ ચાર્જ થઈ જાય છે. લાઈફ ટાઈમ ગેરંટી, જો મશીન કામ ના કરે તો હું વર્ષમાં ગમે તેટલી વાર ફ્રી 'સર્વિસ' કરી નાખું. ઘણીવાર તો ખાધા પીધા વગર લો બેટરીમાં પણ સારું કામ આપે છે.

બહુ હોંશભેર આ સંશોધન થયું અને પહેલાં જ ગરાગ (ઘરાક)માં કસ્ટમર ફીડબેક એવું આવ્યું કે ભાઈએ બધા મશીન ભંગારમાં આપી દીધા.

મેડિકલ સાયન્સમાં પણ હવે રોબોટિક સર્જરી થાય છે. સર્જન ભૂલથી બીજું કંઈ કામ કરવા જાય કે તરત જ રોબોટ બોલે કે 'મોબાઇલમાંથી માથું ઊંચું કરો, સર્જરીમાં ધ્યાન રાખો, બીજે ડાફોળિયાં મારવા રહેવા દેજો ખોટી કાપા કુપી ન કરશો.'

જોકે, તેમાં પણ એવું મશીન શોધવાની જરૂર છે કે જેવો દર્દીને ભાવતાલમાં સમજાવી અને સુવડાવી દો અને રોબોટ ચાલુ કરો એટલે રોબોટ બોલે કે 'આ દર્દીના તમે જરૂરત કરતાં વધારે પૈસા લીધા છે.' અથવા તો એમ કહે કે 'આને ઓપરેશનની જરૂર જ નથી ખોટા ગાળિયા કરોમાં. તુમારી પરજા નબળી હોગી ઔર તુમ કો હોંહરવા નિકલેગા.'

હા, દર્દીને બેભાન કરતા પહેલાં જો રોબોટ ચાલુ કરી દીધો તો એ દર્દીના કાનમાં પણ બોલે કે 'કાળા બજારમાં બે નંબરના પૈસા કમાણો એમાં તું અહીં હલવાણો.'

૨૦૨૫નું વર્ષ પૂરું થશે અને ૨૬ ચાલુ થશે ૩૧મી તારીખે રાત્રે ૮ વાગ્યા પછી અંગ્રેજી ભાષામાં સંકલ્પ લેવાનું ચાલુ થશે :

ફ્રોમ ટુમોરો આઈ વિલ ગો ફોર ધ વોક , બ્રો... આમાં કોઈ ગ્રામર જોવાની જરૂર નથી ભાવનાઓ કો સમજો. સો ટકા સંકલ્પમાંથી ૯૯.૯૯ ટકા સંકલ્પો પહેલાં જ અઠવાડિયામાં ભ્રષ્ટાચારી નેતા અને ભ્રષ્ટાચારી કોન્ટ્રાક્ટરો દ્વારા નવનિર્મિત પુલની જેમ કડડભૂસ થઈ જાય છે.

સો કિલો આસપાસના દાગીના બિચારા ચાલવા તો માગતા હોય છે, પરંતુ પોતાનું વજન પોતે ઉપાડી શકતા નથી એટલે વાહનમાં જઈ વોકિંગ ટ્રેકની સામે પડેલ બાંકડા ઉપર બેસી વોકિંગ કરતા કે જોગિંગ કરતા લોકોને જોઈ જીવ બાળતા હોય છે.

હવે તો જો કે તેમના માટે પણ મશીન આવી ગયા છે કે મશીન ઉપર સૂઈ જાવ એટલે આપોઆપ હાથ- પગ હલાવી તમને ઘરવાળા ઘઘલાવીને પરાણે કસરત કરાવતા હોય તેના કરતાં સરસ રીતે ફોસલાવીને કસરત કરાવે.... આ મશીન વઢે પણ નહીં. મશીનનું મેન્ટેનન્સ સાવ ઓછું. બગડે તો બીજું લઈ શકાય. આજુબાજુવાળાનું પણ માગી શકાય. ભંગારમાં પણ દઈ શકાય.

પહેલાના જમાનામાં ચટણી બનાવવા માટે ખરલ અને દસ્તો આવતા. ધીમે ધીમે તેમાં અપગ્રેડેશન આવ્યું અને અત્યારે મિક્સર ગ્રાઈન્ડરમાં સરસ મજાની ચટણી થઈ જાય.

હવે તો એ AIવાળાઓને એટલું કહેવાનું કે એવું મશીન શોધો કે આપણા શરીર ઉપર ફીટ કરી દઈએ એટલે ચાલતા ચાલતા નીકળો કે વાહન પર નીકળો તમને ઉઘરાણીવાળાથી એલર્ટ કરે.

ગાડી લઈને જાતા હો તો તરત જ મશીન બોલે 'કોડા,જમણી બાજુ વાળી લે આગળ ચાર ચોક ઉપર તારો લેણિયાત ઊભો છે. ગાડી પાછી વાળીલે જમણી બાજુ વાળીશ તો તરત જ ટ્રાફિક પોલીસ દંડ કરશે તારી પાસે લાયસન્સ નથી.'

અમુક આળસુ તો એવા હોય છે કે 'ખાટલે થી પાટલે અને પાટલેથી ખાટલે' આટલી જ દિનચર્યા હોય. આપણે એમ કહીએ કે તમારે જલસા છે બેઠા બેઠા ખાવાનું આવી જાય છે. કોઈ મહેનત નહીં. તો તરત જ ગુસ્સે થઈ અને કહે 'ચાવે છે કોણ તારો બાપ?' માટે AIવાળા, એવું મશીન બનાવો કે ચાવીને આપો તો સીધેસીધું ગળે ઉતારવા તૈયાર હોય.

લોકો શરીર ઉતારવા માટે સાઈકલ લઈ અને નીકળતા હોય, પરંતુ હવે તેમાં પણ બેટરી ફીટ કરાવવા લાગ્યા છે. ખાલી ઉપર બેસી રહેવાનું ને બેટરીથી વ્હીલ ફરે.

રસોઈ કરવા માટે પહેલાં ચૂલો સળગાવવાથી માંડી ચૂલો ઠારવા સુધી બહેનો જ મહેનત કરતાં. ધીમે ધીમે જમાના પ્રમાણે સુધારો આવતો ગયો અને અત્યારે રોટલી વણવાના મશીન, પૂરી તળવાના મશીન, દાળ- શાક ભાત બધું જ ઓટોમેટિક થઈ જાય તેવાં મશીન બજારમાં ઉપલબ્ધ છે. કચરો- પોતું કરવા માટે પણ રોબોટ આવી ગયા. જોકે બહેનો કાયમ કહે છે કે રોબોટ પતિની તોલે ના આવી શકે. પતિદેવ જેવી સફાઈ નથી થતી.

એક દિવસ માણસ આ મશીનથી એટલો કંટાળ્યો છે કે પડ્યા પડ્યા AI ને એ પ્રાર્થના કરશે કે સુખી થવાનું મશીન શોધો, ભાઈસા'બ...! ■

**વિચારવાયુ:**

***AI ગમે તેટલું આગળ વધે, પરંતુ પ્રેમ, લાગણી, વાત્સલ્ય, મમતા... નો અહેસાસ ન કરાવી શકે. માનવતાના પાઠ ન શીખવી શકે એ વાસ્તવિકતા માનવીએ સ્વીકારવી જ પડશે...***

## ભાત ભાત કે લોગ

# કટ્ટર મુસ્લિમ દેશો પણ શા માટે ખ્રિસ્તી તહેવારો ઉજવે છે?

જવલંત નાયક
feedback@bombaysamachar.com

મોટી સંખ્યામાં ફટાકડા ફોડવાથી વાતાવરણમાં ઠલવાતા બેરિયમ, કોપર, આર્સેનિક, સલ્ફર ડાયોક્સાઇડ અને કાર્બન ડાયોક્સાઇડ આપણી ઇકોસિસ્ટમ માટે હાનિકારક છે. આથી દર દિવાળીએ દેશી સેલિબ્રિટીઝ અને ફિલ્મ સ્ટાર્સ દ્વારા ફટાકડા નહિ ફોડવાની જાહેર અપીલનો મારો શરૂ થઇ જાય છે. કડવું સત્ય એ છે કે આ સેલિબ્રિટીઝને પ્રદૂષણની ખાસ ચિંતા કે સામાજિક નિસ્બત હોતા નથી. એમાંના ઘણા તો પોતે જ ચેઈન સ્મોકર અને પાક્કા નશેડી હોવાની છાપ છે. જાણભેદુઓના કહેવા મુજબ આ પ્રકારની સોશ્યલ અપીલ અને ડાહીડમરી વાતો પાછળનો સેલિબ્રિટીઝ એકમાત્ર હેતુ હોય છે સોશ્યલ મીડિયા પર પોતાની રીચ-પહોંચ જાળવી રાખવાનો કે વધારવાની... બાકી ભારત જેવા અનેકવિધ સંસ્કૃતિ, ધર્મ અને સંપ્રદાય પ્રચૂર દેશોમાં કોઈ પણ પ્રકારની જાહેર સલાહો આપતી વખતે પાણી સો ગળણે ગાળીને પીવું પડે - ખાસ કરીને સોશ્યલ મીડિયાના જમાનામાં. પ્રસિદ્ધિ ભૂખ્યા સેલિબ્રિટીઝ અને એમના પીઆર એજન્ટ્સને આ સત્ય બહુ મોડેથી સમજાઈ રહ્યું છે. ત્યાં સુધીમાં સોશ્યલ મીડિયા પર હજારો લોકો પૂછતાં થઇ ગયા છે કે વાયુ પ્રદૂષણની વાતો માત્ર દિવાળી ઉપર જ કેમ? ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણીમાં કેમ નહિ?

આ પ્રશ્નો પણ વિચારવાલાયક તો ખરા જ.

હવે તદ્દન વિરુદ્ધ દિશાનું સત્ય જાણો. આ વર્ષે કટ્ટર મુસ્લિમ દેશ ગણાતા યુએઈમાં ખ્રિસ્તી તહેવાર નિમિત્તે સૌથી વધુ ફટાકડા ફૂટશે એવો અંદાજ છે. દુબઈ શહેરના બુર્જ ખલીફા અને પામ જુમેરાહ સહિતના ચાલીસ જેટલા આઈકોનિક સ્થળોએ ધૂંઆધાર આતશબાજી થવાની છે. આ ફાયરવર્ક્સ શો નિહાળવા માટે સહેલાણીઓ ખાસ દુબઈની હોટેલ્સ બુક કરાવી રહ્યા છે. વિખ્યાત મીડિયા હાઉસ 'ગલ્ફ ન્યૂઝ'ના પોર્ટલ પર તમને આ તમામ ચાલીસ સ્થળોનું લિસ્ટ જોવા મળશે. બીજી રીતે કહીએ તો ખ્રિસ્તી નવા વર્ષની ઉજવણીને આ ઇસ્લામિક દેશે પર્યટન માટેનું આકર્ષણ બનાવી દીધી છે.




આપણા મનમાં સ્વાભાવિકપણે જ આશંકા જાગે કે આતશબાજીની આવડી મોટી ઇવેન્ટ થવાની હોય તો ક્યાંક કોઈ અકસ્માત તો નહિ થઇ જાય ને? દુબઈનું સરકારી તંત્ર સંભવિત જોખમોને ટાળવા બરાબર જહેમત લે છે. આતશબાજી પ્રદર્શનોની આખી શ્રેણીનું આયોજન સિક્યોરિટી ઇન્ડસ્ટ્રી રેગ્યુલેટરી ઓથોરિટી - SIRAની સીધી દેખરેખ હેઠળ થશે. ખલીફા ઇબ્રાહિમ અલ સુલેસ નામના અધિકારી SIRAના CEO તરીકે કામ કરે છે. એમનું કહેવું છે કે પરમિટ આપવાથી માંડીને સ્થળ પર યોગ્ય દેખરેખ રાખવાની જવાબદારી અમારી સંસ્થા દ્વારા સુપેરે નિભાવવામાં આવશે. ઉજવણી દરમિયાન જાહેર સલામતીને અમે ટોચની પ્રાથમિકતા ગણીને કામ કરીશું.

આવી જ એક અન્ય સરકારી સંસ્થા એટલે દુબઈ ઇવેન્ટ્સ સિક્યુરિટી કમિટી ESC. આ સંસ્થાના ટોચના પદાધિકારીઓ તરીકે મેજર જનરલ અને કમાન્ડર ઇન ચીફ કક્ષાના સૈન્ય અધિકારીઓ છે. ESC પ્રવાસીઓની સલામતી અને ભીડના નિયંત્રણ ઉપર ધ્યાન આપશે. આ લોકો ઉજવણીનાં સ્થળો, પાર્કિંગ લોટ્સ કે પછી આતશબાજીનાં સ્થળોએ ભીડને કાબૂમાં રાખશે અને દિશાસૂચન આપશે. ગત વર્ષની સરખામણીએ આ વખતની ઇવેન્ટનો સ્કેલ મોટો છે એટલે ESCના ખભે મોટી જવાબદારી રહેશે.

યુએઈના શાસકો પણ જાણે છે કે નવા વર્ષને આવકારતી ગ્રાન્ડ ઇવેન્ટના આયોજન દ્વારા આખા વિશ્વના મીડિયામાં દુબઈ-યુએઈના મહત્ત્વનાં સ્થળો છવાઈ જવાના. પરિણામે દુનિયાભરના લોકો યુનાઈટેડ આરબ અમીરાત સાથે જોડાવા ઈચ્છશે અને વેપારમાં તેમ જ ઇન્વેસ્ટમેન્ટમાં વૃદ્ધિ થશે. પર્યટનને લઈને અહીં તો ચાંદી જ ચાંદી જ છે.

જોકે, યુએઈનાં બીજા સ્થળોના જલવા ય કંઈ કમ નથી. ઉત્તરીય ભાગમાં પર્શિયન ગલ્ફને કિનારે વસેલ રાસ અલ ખૈમાહ સુંદર બીચ ધરાવે છે. યુનાઈટેડ આરબ અમીરાતનો સૌથી ઊંચો પર્વત પણ અહીં જ છે. અહીં સિમેન્ટ, સિરામિક્સ અને ફાર્મા ઉદ્યોગની સાથે સાથે પર્યટનના વિકાસ પર ભાર મુકાઈ રહ્યો છે. આ સ્થળ વિશ્વના સૌથી મોટા ફાયર વર્કસ શો માટે જાણીતું છે. નવા વર્ષને આવકારવા માટે અહીં બે હજારથી વધુ ડ્રોન્સ વડે આતશબાજી કરાશે અને આખા આકાશમાં પૂરી પંદર મિનિટ્સ સુધી ઝળહળતી રોશની છવાઈ જશે. એ વખતના આકાશની જરા કલ્પના તો કરો! આ ઇવેન્ટ્સના વીડિયોઝ અને ફોટોગ્રાફ્સ વિવિધ મીડિયા પ્લેટફોર્મ્સ પર વાઈરલ થશે અને આખા વિશ્વમાં યુએઈની એક અલગ કક્ષાની છાપ વિકસશે.

નવા વર્ષના આગમન ટાણે થનારી ધૂંઆધાર આતશબાજીને કારણે કેટલો ધુમાડો હવામાં ભળશે અને પર્યાવરણને આ ફટાકડાથી કેટલું નુકસાન થશે એની ફરિયાદ હજી સુધી કોઈએ નથી કરી. એની પાછળ જવાબદાર છે યુએઈની નીતિઓ. દુબઈની વાત કરીએ તો અહીંની ૫૬ ટકા પ્રજા ઇસ્લામમાં માને છે. ૨૫ ટકા વસતિ ખ્રિસ્તીઓની છે. જ્યારે હિન્દુઓ પણ ૧૬ ટકા જેવી ગણનાપાત્ર સંખ્યામાં છે. સ્વાભાવિક રીતે જ અહીં ધામધૂમપૂર્વક ફટાકડા ફોડીને ક્રિસ્મસ કે દિવાળીની ઉજવણી થાય છે, પણ આપણે ત્યાં ભારતમાં બને છે એમ જાહેર રસ્તાઓ પર આડેધડ ફટાકડા ફોડી શકાતા નથી.

ફટાકડાઓની બનાવટ, વેચાણ અને વપરાશ બાબતે અહીંનું સરકારી તંત્ર અતિશય કડક વલણ દાખવે છે. અહીં સરકારે નક્કી કરેલા સ્થળે જઈને જ ફટાકડા ફોડી શકાય. આવા સ્થળે આયોજકે ફટાકડા ફોડવા માટે લાઈસન્સ લેવું પડે.

જો જરાસરખી ગરબડ થાય તો આયોજકના બાર વાગી જાય. બાળકો પણ માતા-પિતાની જાણબહાર ગમે ત્યાં ફૂલઝડી ફોડી નાખે તો માતા-પિતાએ જેલમાં જવાનો વારો આવે! જી હા, ફાયર વર્કસને લગતા નિયમો ન પાળો તો તમને બે-ત્રણ મહિનાની કેદ અને બે હજાર દિરહામ સુધીનો દંડ થઇ શકે છે. આ બધાને કારણે અહીંની પ્રજા એકદમ નિયંત્રિત અને સુરક્ષિત વાતાવરણમાં આતશબાજી સહિતના ફાયરવર્કસનો ભરપૂર આનંદ માણી શકે છે.

હવે ફરી પાછા ભારતની વાત પર આવીએ. જો કટ્ટર મુસ્લિમ ગણાતા દેશો પર્યટન ઉદ્યોગ માટે થઈને ધામધૂમપૂર્વક ખ્રિસ્તી તહેવાર ઉજવતા હોય તો આપણે ય પર્યાવરણની ચિંતા વગર ધામધુમથી દિવાળી ઉજવાય એવું આયોજન કેમ ન કરી શકીએ? ઓછામાં ઓછું પ્રદૂષણ ફેલાવે એવા જ ફટાકડાઓ બનાવી શકાય અને સુંદર આતશબાજી દ્વારા દિવાળીને પર્યટન પર્વ બનાવી શકાય. કુંભમેળા જેવી વિશ્વની સૌથી મોટી ઇવેન્ટનું આયોજન આપણે પાર પાડી શકતા હોઈએ તો દિવાળીની ઉજવણીને પણ વિદેશી પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર કેમ ન બનાવી શકાય?

આ દિશામાં પણ વિચારવા જેવું ખરું... ■

**મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીનો પહેલો સર્વે**

# ફરી એક વખત ભાજપ મેયરપદથી વંચિત રહી જશે?

## ઉદ્ધવ-રાજ ઠાકરેની યુતિ ચમત્કાર દેખાડશે?



**ચૂંટણીની તૈયારી:** મહાનગરપાલિકાની ચૂંટણી ૧૫મી જાન્યુઆરીએ થવાની છે ત્યારે ચૂંટણી પંચ દ્વારા નિમવામાં આવેલા કર્મચારીઓ-અધિકારીઓ દ્વારા વિવિધ વ્યવસ્થા માટેની કામગીરી શરૂ થઈ ગઈ છે. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી આડે માંડ ૨૦ દિવસ બાકી રહ્યા છે ત્યારે થયેલા સર્વેક્ષણમાં એવી ચોંકાવનારું તારણ આવ્યું છે કે ભાજપ ફરી એક વખત મેયરપદથી વંચિત રહી શકે છે. એકનાથ શિંદે સાથે મળીને પણ માંડમાંડ મેયરપદ મળે એવી સ્થિતિ સર્જાતી જોવા મળી રહી છે એટલે ભાજપના કેમ્પમાં ગભરાટ ફેલાય એવી શક્યતા છે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની આગામી મહિને થનારી ચૂંટણી કોણ જીતશે તે અંગે બધાને ઉત્સુકતા છે, જેણે સમગ્ર રાજ્યનું ધ્યાન ખેંચ્યું છે. રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેએ તાજેતરમાં શિવસેના-મનસે ગઠબંધનની જાહેરાત કરી હતી. આ દરમિયાન, ભાજપ અને શિવસેનામાં એકનાથ શિંદે વચ્ચે બેઠક વહેંચણી પણ અંતિમ તબક્કામાં છે. ગઈ ચૂંટણીમાં શિવસેનાએ મુંબઈમાં ૮૪ બેઠકો જીતી હતી અને ભાજપે ૮૨ બેઠકો જીતી હતી. આઠ વર્ષમાં, મુંબઈમાં ભાજપની તાકાતમાં ભારે વધારો થયો છે. તેથી, ભલે ભાજપ આ વર્ષે મુંબઈ કબજે કરે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે, પરંતુ ઠાકરે ભાઈઓ તેમને ટક્કર આપવા માટે મેદાનમાં ઉતર્યા છે. આ પૃષ્ઠભૂમિમાં, મુંબઈમાં ઠાકરે ભાઈઓ અને મહાયુતિ કેટલી બેઠકો જીતશે તે અંગે રાજકીય વર્તુળોમાં અંદાજ ચાલી રહ્યા છે. આ પૃષ્ઠભૂમિમાં, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના પરિણામોની આગાહી કરતો પહેલો સર્વે આવ્યો છે.

એક ખાનગી સંસ્થા દ્વારા બંને ઠાકરેભાઈઓ દ્વારા ગઠબંધનની જાહેરાત કરવામાં આવ્યા બાદ આ સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું અને તેમાં એવું તારણ કાઢવામાં આવ્યું છે કે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ઠાકરે ભાઈઓ ભાજપને જોરદાર ટક્કર આપશે.

જો ગયા વર્ષની વિધાનસભા ચૂંટણીની મતદાન પેટર્ન ચાલુ રહી તો, એવો અંદાજ છે કે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપ અને શિંદે સેનાને મળીને ૧૧૪ બેઠકો મળી શકે છે. જ્યારે શિવસેના અને મનસેની યુતિ ૭૯ બેઠકો સુધી પહોંચી શકે છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ (અજિત પવાર) પાંચ બેઠકો જીતી શકે છે, જ્યારે કોંગ્રેસને શહેરમાં ૧૯ બેઠકો પર વિજય મળી શકે છે. જ્યારે ૧૦ બેઠકો અન્ય પક્ષોને જઈ શકે છે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૨૨૭ વોર્ડ હોવાથી, સરકાર બનાવવા માટેનો જાદુઈ આંકડો ૧૧૪ છે.

આમ તો જે સંસ્થા દ્વારા આ સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું છે તેને કોઈ બહોળી માન્યતા છે નહીં કે આધારભૂત તરીકે માનવામાં આવતું નથી, પરંતુ તેમના અંદાજ મુજબ ઠાકરે બંધુઓ ભાજપને ટક્કર આપવાની સ્થિતિમાં હોય તો મહાયુતિ જેમ તેમ આ મેયરપદ સુધી પહોંચતી દેખાય છે. પરિણામોમાં પાંચ ટકા ઉપર-નીચેની ગણતરી પકડવામાં આવે તો ભાજપ ફરી એક વખત મેયરપદથી વંચિત રહી જાય એવી શક્યતા પણ જોવામાં આવી રહી છે. બીજી તરફ એવી પણ શક્યતા વ્યક્ત થઈ રહી છે કે બંને ઠાકરે ભેગા મળીને ૧૦૦નો આંકડો મેળવી શકે છે. આમ ભાજપને ભારે સંઘર્ષ પાકો છે.

બીએમસીની વસ્તી વિષયક પ્રોફાઇલ મુજબ, મુંબઈમાં ૨૮ ટકા મરાઠી, ૧૮ ટકા મુસ્લિમ અને ૫૪ ટકા અન્ય (ગુજરાતી, ઉત્તર ભારતીય, દક્ષિણ ભારતીય) સમુદાયો છે. કાગળ પર, ભાજપ-શિંદે-શિવસેના ગઠબંધન હાલમાં ૧૧૪ બેઠકોની બહુમતી ધરાવે છે, પરંતુ ઠાકરે બંધુઓના એકત્ર થવાથી સર્જાયેલી 'ભાવનાત્મક લહેર' અને મરાઠી-મુસ્લિમ મતોના એકત્રીકરણથી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મોટી ઉથલપાથલ જોવા મળી શકે છે. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં મુસ્લિમ મતદારોએ મહા વિકાસ આઘાડી (એમવીએ)ને ટેકો આપ્યો હતો. જોકે, હવે કોંગ્રેસ સ્વતંત્ર રીતે ચૂંટણી લડશે, તેથી આ મતો વિભાજિત થવાની શક્યતા છે. આ બધા છતાં ઠાકરે બંધુઓએ જીતેલી બેઠકોની સંખ્યાનો આધાર શિંદેની શિવસેના કેટલા મરાઠી મતો મહાયુતિ તરફ વાળવામાં સફળતા મેળવી શકે છે તેના પર પણ આધાર રાખે છે.




# દક્ષિણ મુંબઈમાં કોનું પલડું ભારે રહેશે? મરાઠી મતો કોની તરફ વળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાજપ અને શિંદેની સેનાની યુતિ હોવા છતાં દક્ષિણ મુંબઈમાં મોટા પ્રમાણમાં મરાઠી ભાષીઓની વસતિ હોવાનો ફાયદો શિંદે સેનાને બદલે ઉદ્ધવની સેનાને મળી શકે છે. શહેરમાં મરાઠીઓનું પ્રભુત્વ હજી પણ કાયમ હોવાથી અને ઉદ્ધવ ઠાકરે પાસે હજી પણ બાવીસ ભૂતપૂર્વ નગરસેવકોનું સમર્થન હોવાથી હાલ તેમનું પલડું ભારે જણાઈ રહ્યું છે. તેની સામે શિંદેસેના પાસે હાલ માત્ર ૧૧ ભૂતપૂર્વ નગરસેવકો છે. શહેરમાં ૧૦ વિધાનસભા વિસ્તાર આવેલા છે, તેમાં ઉદ્ધવ ઠાકરેની સેનાના ચાર વિધાનસભ્ય છે. મુંબઈ મહાનગરપાલિકાની ૨૦૧૭માં થયેલી ચૂંટણીમાં શહેરમાં ૫૬માંથી સંયુક્ત શિવસેનાએ ૨૬ બેઠકો જીતી હતી અને ભાજપે ૧૪ બેઠકો જીતી હતી. તો કોંગ્રેસના ૧૧, મનસેના બે અને સમાજવાદી પાર્ટી અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ તથા અખિલ ભારતીય સેનાનો એક-એક ઉમેદવાર જીત્યો હતો. શિવસેનાના વિભાજન બાદ ઉદ્ધવ ઠાકરે પાસે પક્ષના ૨૦ અને મનસે, કોંગ્રેસના એક-એક એમ કુલ બાવીસ નગરસેવકો છે. પક્ષના ભૂતપૂર્વ નગરસેવકોના બળની સાથે જ ઠાકરે બંધુના પક્ષોની યુતિને કારણે મરાઠી મતો તેમની તરફ વળવાની ભારોભાર શક્યતા છે, તેની સામે શિંદે સેનામાં ઉદ્ધવ સેનાના છ, કોંગ્રેસમાંથી આવેલા ત્રણ, રાષ્ટ્રવાદી અને મનસેના એક-એક એમ કુલ ૧૧ ભૂતપૂર્વ નગરસેવકો છે. હાલ ભાજપ પાસે ૧૪ ભૂતપૂર્વ નગરસેવકો સહિત કોંગ્રેસમાંથી આવેલા બે એમ કુલ ૧૬ ભૂતપૂર્વ નગરસેવકોનું બળ છે. તો કોંગ્રેસ પાસે માત્ર ૧૧ ભૂતપૂર્વ નગરસેવક બચ્યા છે. મનસે અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાસે એક પણ ભૂતપૂર્વ નગરસેવક બચ્યા નથી. એમ તો ઉદ્ધવના ૨૨ નગરસેવક સામે શિંદેના ૧૧ અને ભાજપના ૧૬ એમ કુલ ૨૭ ભૂતપૂર્વ નગરસેવકો છે પણ દક્ષિણ મુંબઈના દાદર, પરેલ, નાયગાંવ, લાલબાગ, શિવડી, ચિંચપોકલી, માહિમ, વરલી ભાયખલા જેવા વિસ્તારોમાં મરાઠીઓનું વર્ચસ્વ વધુ હોવાની સાથે જ વિસ્તારોમાં ઉદ્ધવ અને રાજની યુતિની કારણે બંને પક્ષોના પોતાના પરંપરાગત મતો તેમના ઉમેદવારોને મળવાથી શિંદે સેના સામે ઉદ્ધવ સેનાનું જોર વધવાની શક્યતા જોવામાં આવે છે. તેથી દક્ષિણ મુંબઈમાં મરાઠી મતો પોતાની તરફ કરવા શિંદેસેનાને ઉમેદવારનો ભારે પડકારોનો સામનો કરવો પડી શકે છે. ૨૦૧૭ની ચૂંટણીમાં દક્ષિણ મુંબઈમાં શિવસેના ૨૬ ભૂતપૂર્વ નગરસેવકોથી સૌથી વધુ મત શિવડી, વરલી જેવા વિસ્તારમાંથી મળ્યા હતા. તો ૧૮ હારી ગયેલા ઉમેદવારો પણ કુલ મતને જોતા બીજા નંબરે રહ્યા હતા. ગુજરાતી મતદારોનું વર્ચસ્વ રહેલા સાત વોર્ડમાં ભાજપ તો મુસ્લિમોની બહુમતી ધરાવતા ૧૬ વિસ્તારમાંથી નવ વોર્ડમાં કોંગ્રેસ, ભાજપ ત્રણ અને શિસના બે અને સમાજવાદી પાર્ટી , અખિલ ભારતીય સેના અને રાષ્ટવાદી કોંગ્રેસનો એક-એક ઉમેદવાર જીત્યો હતો. ■

# પાલિકાની ચૂંટણી માટે ૭૫,૦૦૦ કર્મચારીઓ તહેનાત કરાશે

## તાલીમમાં ગેરહાજર રહેનાર સામે ફોજદારી કાર્યવાહી

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે થોડા જ દિવસો બાકી હોવાથી મુંબઈ મહાનગરપાલિકાના વ્યાપ જોતા ચૂંટણીની કામગીરીમાં આશરે ૭૫,૦૦૦ કર્મચારીઓની જરૂર પડશે, જેમાંથી લગભગ ૫૮,૦૦૦ કર્મચારીઓને આદેશ આપવામાં આવ્યા છે અને તેમની તાલીમ ૨૯ ડિસેમ્બરથી શરૂ થશે. ચૂંટણીલક્ષી કામગીરીની તાલીમમાં ગેરહાજર રહેનાર કર્મચારીઓ વિરુદ્ધ મુંબઈ મહાનગરપાલિકા અધિનિયમની કલમ ૨૮ (સી) હેઠળ ફોજદારી કાર્યવાહી કરવાની ચેતવણી વહીવટીતંત્ર દ્વારા આપવામાં આવી હતી.

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે હવે માત્ર ૨૦ દિવસ બાકી રહ્યા છે અને પાલિકા પ્રશાસન ચૂંટણીની કામગીરીમાં વ્યસ્ત છે. મુંબઈ મહાનગરપાલિકાનો વ્યાપ ઘણો મોટો છે અને કુલ ૨૨૭ વોર્ડમાં આ ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણી માટે ૧૦ હજારથી વધુ મતદાન મથકો હશે. વિધાનસભા ચૂંટણી માટે કુલ ૧૦,૧૧૧ મતદાન મથકો હતા. જોકે, મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે મતદાન મથકોની સંખ્યામાં વધારો થશે અને કુલ ૧૧,૧૨૨ મતદાન મથકો તૈયાર કરવા પડશે. જેના કારણે મુંબઈ મહાનગરપાલિકાને મોટા પ્રમાણમાં કર્મચારીઓની જરૂર પડશે.

ચૂંટણીના કામ માટે કુલ ૭૫,૦૦૦ કર્મચારીઓની જરૂર છે, પરંતુ તેમાંથી હાલમાં માત્ર ૧૦,૦૦૦ કર્મચારીઓને જ ચૂંટણીનું કામ સોંપવામાં આવ્યું છે. બાકીના કર્મચારીઓ મતદાનના આગલા દિવસે અને મતદાનના દિવસે કાર્યરત રહેશે. અત્યાર સુધીમાં આશરે ૫૮,૦૦૦ કર્મચારીઓને આદેશ આપવામાં આવ્યા છે અને તેમની તાલીમ ૨૯ ડિસેમ્બરથી શરૂ થશે અને છ દિવસ સુધી ચાલશે, જેમાં દરરોજ અંદાજે ૧૦,૦૦૦ કર્મચારીઓને તાલીમ આપવામાં આવશે. આ કર્મચારીઓ મતદાનના આગલા દિવસે અને મતદાનના દિવસે ફરજ પર રહેશે, તેવી માહિતી પાલિકાના અધિકારીઓએ આપી હતી.

આ કાર્ય માટે દરેક વિભાગના કાર્યાલયમાંથી ૪૦ થી ૪૫ કર્મચારીઓને, મુંબઈ મહાનગરપાલિકાના દરેક વિભાગમાંથી લગભગ ૧૫ થી ૨૦ શિક્ષણ કર્મચારીઓને અને આરોગ્ય વિભાગમાંથી ફક્ત ક્લર્કને લેવામાં આવ્યા હોવાનું મ્યુનિસિપલ અધિકારીઓએ જણાવ્યું હતું. ■

# થાણેમાં રહેણાક સંકુલમાં મતદાન કેન્દ્ર નહીં હોય

થાણે: થાણે મહાપાલિકાની આગામી ચૂંટણી માટે બધી તૈયારી થઈ ગઈ હોઈ થાણેના ૩૩ વૉર્ડમાં કુલ ૨,૦૧૩ મતદાન કેન્દ્ર ઊભાં કરવામાં આવ્યાં છે. આ કેન્દ્રો પર ૧૨,૬૫૦ અધિકારી અને કર્મચારીઓની નિયુક્તિ કરવામાં આવી છે, જેમાં ૬૫ ટકા મહિલા અધિકારી અને કર્મચારી હશે, એવું થાણે મનપાના કમિશનર સૌરભ રાવે જણાવ્યું હતું. મતદાનની ટકાવારી વધે તે માટે ઈમારતો અને રેસિડેન્શિયલ કૉમ્પ્લેક્સમાં મતદાન કેન્દ્ર બનાવવામાં આવે છે, પણ આ વખતે થાણે મનપાની ચૂંટણી માટે ઈમારતો અને રહેણાંક સંકુલમાં મતદાન કેન્દ્ર નહીં બનાવાય, એવું પણ અધિકારીએ જણાવ્યું હતું. ■

# મુંબાદેવી-કોલાબા વિધાનસભા

દક્ષિણ મુંબઈના કોલાબા-મુંબાદેવી વિધાનસભા ક્ષેત્રમાં આવતા 'સી' વૉર્ડમાં મહાપાલિકાની ચૂંટણીના ૨૨૦, ૨૨૧ અને ૨૨૨ વૉર્ડનો સમાવેશ થાય છે. ૨૨૦ નંબરના વૉર્ડમાં અનુક્રમે ૪૭,૪૭૧ મતદારો છે તો ૨૨૧માં ૪૯,૧૪૫ મતદાર છે અને ૨૨૨ વૉર્ડમાં મતદારોની સંખ્યા ૫૨,૦૭૧ જેટલી છે. આગામી ૨૦૨૬માં થનારી મહાપાલિકાની ચૂંટણી માટે એક વૉર્ડ મહિલાઓ માટે જનરલ, બીજો જનરલ અને ત્રીજો ઓબીસી માટે અનામત રાખવામાં આવ્યો છે.

### વૉર્ડ નંબર ૨૨૦ (મહિલા જનરલ)

**વિસ્તાર: સી. પી. ટૅન્ક, કુંભારવાડા, ભિંડીબજાર**

**૨૦૧૭માં આ બેઠકની કેટેગરી**

જનરલ

**૨૦૧૭ માં મળેલા વોટ :**

- ★ અતુલ શાહ ૫,૯૪૬ (ભાજપ)
- ★ સુરેન્દ્ર બાગલકર ૫,૯૪૬ (અવિભાજિત શિવસેના)

સમાન મતોને કારણે ચિઠ્ઠીથી લેવાયેલા નિર્ણયમાં અતુલ શાહનો વિજય થયો હતો.

**ગુજરાતી મતદારોનો પ્રભાવ કેટલો?**

આ વિસ્તારમાં મરાઠી, ગુજરાતી, મારવાડી સાથે મુસ્લિમ મતદારોની સંખ્યા વધુ હોવાથી ભારે રસાકસી થાય છે, પણ ગુજરાતી-મારવાડી મતો નિર્ણાયક સાબિત થશે.

**વિસ્તારની મૂળ સમસ્યા:**

જૂની બિલ્ડિંગો અને તેમની વચ્ચેની સાંકડી ગટરો મોટી સમસ્યા છે. ગટરોની સફાઈમાં મુશ્કેલી પડે છે. વળી, સાંકડી ગલીઓમાં કચરાનું પ્રમાણ વધુ રહે છે અને પાણીની સમસ્યા તો ખરી જ.

**ઈચ્છુક ઉમેદવારો:**

- ★ અલ્પા રાંદેરિયા, દીપાલી માલુસરે (ભાજપ)
- ★ સોનલ મહેશ પરમાર (કૉંગ્રેસ)

### વૉર્ડ નંબર ૨૨૧ (જનરલ)

**વિસ્તાર: ભુલેશ્વર, કાલબાદેવી, ઝવેરીબજાર, ગુલાલવાડી**

**૨૦૧૭માં આ બેઠકની કેટેગરી**

જનરલ

**૨૦૧૭ માં મળેલા વોટ :**

- ★ આકાશ પુરોહિત ૬,૭૨૨ (ભાજપ)
- ★ જનક સંઘવી ૪,૮૫૩ (કૉંગ્રેસ)

**ગુજરાતી મતદારોનો પ્રભાવ કેટલો?**

કાલબાદેવી, ભુલેશ્વર અને લોહાર ચાલ જેવા પરિસરમાં મોટે ભાગે ગુજરાતી રહેવાસીઓ હોવાથી આ વૉર્ડમાં ગુજરાતીઓનું પ્રભુત્વ વધુ હોવાનું કહી શકાય.

**વિસ્તારની મૂળ સમસ્યા:**

આ વૉર્ડમાં રસ્તા ખરાબ છે અને ઓછા પ્રેશરે આવતું પાણી મોટી સમસ્યા છે. એ સિવાય સાંકડી ગટરો અને કચરાની સમસ્યા તો છે જ.

**ઈચ્છુક ઉમેદવારો:**

- ★ જનક સંઘવી, આકાશ પુરોહિત (ભાજપ)
- ★ મહેશ કદમ (કૉંગ્રેસ)
- ★ અભિજિત ગુરવ (યુબીટી)

### વૉર્ડ નંબર ૨૨૨ (ઓબીસી)

**વિસ્તાર: ચિરાબજાર**

**૨૦૧૭માં આ બેઠકની કેટેગરી**

ઓબીસી (મહિલા)

**૨૦૧૭ માં મળેલા વોટ :**

- ★ રીટા મકવાણા ૧૦,૩૬૫ (ભાજપ)
- ★ મીના કાંબળી ૮,૩૬૨ (અવિભાજિત શિવસેના)

**ગુજરાતી મતદારોનો પ્રભાવ કેટલો?**

આ વિસ્તારમાં ગુજરાતી-મારવાડી રહેવાસીઓની બહુમતી હોવાથી તેમના મત નિર્ણાયક રહેશે.

**વિસ્તારની મૂળ સમસ્યા:**

જર્જરિત ઈમારતો અને સાંકડી ગટરો તો ખરી જ, પણ ટ્રાફિકની સમસ્યા માથાનો દુખાવો બની રહી છે. આમાં ગેરકાયદે ફેરિયા અને વાહનોનું આડેધડ પાર્કિંગ સમસ્યામાં ઉમેરો કરે છે.

**ઈચ્છુક ઉમેદવારો:**

- ★ રીટા મકવાણા, શૈલેષ ચૌહાણ અને દીપક રાવ (ભાજપ)
- ★ શિવસેના (યુબીટી)ના ઇચ્છુક ઉમેદવારની હજુ જાહેરાત થઈ નથી

# ૧૦ હજાર મતદાર પાછા મૂળ વૉર્ડમાં સમાવિષ્ટ

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી નજીક આવી ત્યારે જે મતદારોનાં નામ બીજા વૉર્ડનાં લિસ્ટમાં જતાં રહ્યાં હતાં તેમને ફરી મૂળ વૉર્ડમાં સમાવવામાં આવ્યાં છે. આવા ૧૦ હજાર મતદારને પાછા મૂળ વૉર્ડમાં સમાવિષ્ટ કરાયા છે.

વૉર્ડ અનુસાર યાદી માટે મહાપાલિકાને ૧૧ હજાર ૪૯૭ વાંધાવચકા પ્રાપ્ત થયા હતા. તેમાંથી અન્ય વૉર્ડની યાદીમાં નામ જતા રહેનારા મતદારોની ફરિયાદો પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી. આમાં સૌથી વધુ એમ ઈસ્ટ (ગોવંડી, માનખુર્દ) પરિસરના વિવિધ વૉર્ડના ૩,૫૭૯ મતદારોને મૂળ વૉર્ડમાં સમાવી લેવાયા છે.

મતદાર યાદીને સુધારવા માટે વૉર્ડના આસિસ્ટન્ટ કમિશનરની અધિકૃત અધિકારી તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. આ અધિકારીઓએ લીધેલા નિર્ણય અનુસાર, ફાઈનલ વૉટર લિસ્ટને આધારે 'કન્ટ્રોલ ચાર્ટ' તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

તપાસમાં રહેલી ખામી અથવા કન્ટ્રોલ ચાર્ટ અપલોડ કરતી વખતે થયેલી ભૂલને કારણે મતદાર યાદીમાં ગરબડ થઈ હશે. ચાલના પુનર્વિકાસ બાદ નવી ઈમારતની હદ સંબંધે નજરચૂકને કારણે પણ આવું બન્યું હશે, એવી ચોખવટ અધિકારીએ કરી હતી. ■

# ઉદ્ધવ ઠાકરેની નવી રણનીતિ: ૭૦% નવા ચહેરાઓને તક

મુંબઈ: રાજ્યમાં ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીઓની સત્તાવાર જાહેરાત થયા બાદ હવે રાજકીય પક્ષો દ્વારા વ્યૂહરચના ઘડવાની શરૂઆત થઈ ગઈ છે અને દિગ્ગજ નેતાઓ પણ મેદાનમાં ઉતર્યા છે. એવા અહેવાલ છે કે ઠાકરેની શિવસેનાએ આ સંદર્ભમાં નવી રણનીતિ ઘડી છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના દ્વારા ઉમેદવારોની ચકાસણી કરતી વખતે ૭૦% નવા યુવા ચહેરાઓને તક આપે, તેવા અહેવાલ છે. દરમિયાન, એવું જાણવા મળ્યું છે કે, ૩૦ થી ૪૫ વર્ષની વયજૂથના મોટાભાગના ઉમેદવારો ઠાકરેની શિવસેના તરફથી મેદાનમાં ઉતારવામાં આવશે. ઉમેદવારી અંગેનો નિર્ણય છેલ્લાં કેટલાંક વર્ષોમાં થયેલાં કામના અહેવાલ, યુવા મહત્ત્વાકાંક્ષી ઉમેદવારના જનસંપર્ક અને વૉર્ડમાં ઉકેલાયેલી સમસ્યાઓ જોયા પછી લેવામાં આવશે. ઉમેદવારી માટે ઘણા યુવા ચહેરાઓ દોડમાં છે. ■

# બાંદ્રા-પશ્ચિમમાં જોવા મળશે રસાકસીભર્યો જંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની આગામી ચૂંટણીમાં બાંદ્રા પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે નજીકનો મુકાબલો થવાની સંભાવના છે. કોંગ્રેસ ખાસ કરીને આ મતવિસ્તારમાં મુસ્લિમ અને મરાઠી મતદારો પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ મતવિસ્તારમાં ફક્ત એક બેઠક પર સમેટાઈ ગયેલી શિવસેનાને પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માટે નોંધપાત્ર પ્રયાસ કરવા પડશે. સ્થાનિક વિધાનસભ્યો પોતપોતાના મતવિસ્તારમાં વધુ બેઠકો જીતીને પોતાના પક્ષનું વર્ચસ્વ વધારવાની તકો શોધશે.

બાંદ્રા પશ્ચિમ વિધાનસભા મતવિસ્તાર ચૂંટણીના દૃષ્ટિકોણથી મહત્વપૂર્ણ છે.

આ મતવિસ્તારમાં મરાઠી, મુસ્લિમ, ઉત્તર ભારતીય અને ખ્રિસ્તીઓની મોટી વસ્તી છે. ભાજપ આ મતવિસ્તારમાં પોતાનું વર્ચસ્વ વધારવા માટે વધુ પ્રયાસ કરશે, જેનો તેને ફાયદો થઈ શકે છે. ભાજપના વિધાનસભ્ય અને મુંબઈ કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ આશિષ શેલાર પોતાના મતવિસ્તારમાં પોતાની તાકાત વધારીને પક્ષમાં પોતાની સ્થિતિ વધુ મજબૂત કરવાનો પ્રયાસ કરશે. બાંદ્રા-પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારમાં છ બીએમસી વોર્ડ છે: ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૧ અને ૧૦૨.

| વૉર્ડ | કુલ મતદારોની સંખ્યા | | વૉર્ડ આરક્ષણ |
|---|---|---|---|
| વર્ષ | ૨૦૧૭ | ૨૦૨૫ | |
| ૯૭ | ૪૮૬૦૬ | ૪૯૩૨૦ | મહિલા જનરલ |
| ૯૮ | ૪૬૪૦૬ | ૪૬૪૭૪ | જનરલ |
| ૯૯ | ૪૭૦૧૧ | ૪૭૦૧૫ | જનરલ |
| ૧૦૦ | ૪૭૩૩૭ | ૪૭૦૦૭ | ઓબીસી મહિલા |
| ૧૦૧ | ૫૨૮૪૮ | ૫૨૦૬૬ | મહિલા જનરલ |
| ૧૦૨ | ૫૧૭૨૨ | ૫૨૪૨૮ | જનરલ |

**૨૦૧૭ના પરિણામો:**

વિભાગ ૯૭ હેતલ ગાલા - ભાજપ - ૯૨૪૪ મત (જીત્યો)
સુનીલ મોરે - શિવસેના - ૪૧૨૪ (હાર્યો)
વિભાગ ૯૮ - અલ્કા કેલકર - ભાજપ - ૧૨૫૮૧ મત (જીત્યો)
અરવિંદ શિષ્ટકર - શિવસેના - ૪૦૦૨ (હાર્યો)
વિભાગ ૯૯ - ગુલાબરાવ અગલદરે - શિવસેના - ૯૩૬૦ મતો (જીત્યા)
ગજેન્દ્ર ભાણજી - ભાજપ - ૭૭૧૨ મતો (હાર્યા)
વિભાગ ૧૦૦ - વીરેન્દ્ર મહતારે - ભાજપ - ૯૭૧૭ મતો (જીત્યા)
કરણ ડી'મેલો - કોંગ્રેસ - ૮૯૭૧ મતો (હાર્યા)
વિભાગ ૧૦૧ - આસિફ ઝકરિયા - કોંગ્રેસ - ૧૦,૫૮૭ મતો (જીત્યા)
ડેરેક માર્ક ટોકર - ભાજપ - ૬૫૬૩ (હાર્યા)
વિભાગ ૧૦૨ - મુમતાઝ રહેબર ખાન - અપક્ષ - ૬૬૧૮ (જીત્યા)
રોડ્રિગ્સ હાર્વે - કોંગ્રેસ - ૬૨૩૦ (હાર્યા)

૨૦૧૭ની બીએમસી ચૂંટણીમાં, બીજેપીએ બાંદ્રા પશ્ચિમ વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવતા છ વોર્ડમાંથી ત્રણમાં વિજય મેળવ્યો હતો. શિવસેના (અવિભાજિત)એ એક બેઠક જીતી હતી, કોંગ્રેસે એક બેઠક જીતી અને એક અપક્ષ ઉમેદવારે જીત મેળવી.

ઉદ્ધવ ઠાકરે અને કોંગ્રેસ બંને મુસ્લિમ મતદારો પર નજર રાખી રહ્યા છે.

બીએમસી ચૂંટણી દરમિયાન મુંબઈનું રાજકારણ બદલાઈ ગયું છે. એકલા ચૂંટણી લડવાની કોંગ્રેસની જાહેરાતથી મહા વિકાસ આઘાડીને ફટકો પડ્યો છે. બાંદ્રા પશ્ચિમમાં જાતિ સમીકરણોને જોતાં, એકલા ચૂંટણી લડવાનો કોંગ્રેસનો નિર્ણય ઉદ્ધવ ઠાકરે જૂથ માટે આંચકો હોઈ શકે છે. ઉદ્ધવ ઠાકરે જૂથ પણ આ મત પર આધાર રાખી રહ્યું છે. ગઈ ચૂંટણીમાં, કોંગ્રેસ પક્ષના અહેમદ ઝકારિયાએ મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં (બાંદ્રા સ્ટેશનથી બેન્ડસ્ટેન્ડ અને માઉન્ટ મેરી સુધી) જીત મેળવી હતી.

જોકે, આ વખતે આ બેઠક સામાન્ય મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. ઉપરાંત, વોર્ડ ૧૦૨માં મુસ્લિમ મતોનો હિસ્સો મોટો છે, જેનો લાભ ગયા વખતે અપક્ષ ઉમેદવાર મુમતાઝ ખાનને મળ્યો હતો. તેથી, ભાજપને આ બે વોર્ડમાં બેઠકો જીતવા માટે સખત મહેનત કરવી પડશે. બધાની નજર મરાઠી મતદારો પર પણ છે. ગઈ ચૂંટણીમાં, વોર્ડ ૯૮ અને ૯૯, બંને મરાઠી પ્રભુત્વ ધરાવતા વિસ્તારો, ભાજપ અને શિવસેનાએ એક-એક બેઠક જીતી હતી. આ વખતે, ત્રણેય પક્ષોની નજર આ મરાઠી મતો પર છે. ■

**બાંદ્રા પશ્ચિમમાં જાતિ સમીકરણો**

બાંદ્રા પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારમાં કુલ મતદારોની સંખ્યા ૩૦૦,૦૦૦ ની આસપાસ છે. તે ૬૪,૫૩૦ મરાઠી મતદારો, ૭૫,૮૨૪ મુસ્લિમ મતદારો, ૪૮,૭૧૫ ઉત્તર ભારતીયો, ૩૩,૯૧૪ ગુજરાતી અને મારવાડી મતદારો, ૨૭,૪૯૯ ખ્રિસ્તી, ૧૧,૯૮૭ દક્ષિણ ભારતીયો અને ૨૪,૧૯૭ અન્ય જાતિના લોકો છે.

## તળોજા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં ભીષણ આગ

પનવેલઃ તળોજા ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં ગુરુવારે રાતે ભીષણ આગ લાગી હતી. એસ્ટેટમાં આવેલી ત્રણ ફેક્ટરીઓમાં એકસાથે આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. રાતે સાડા નવ વાગ્યાની આસપાસ લાગેલી આગ પર કાબૂ મેળવવા માટે ફાયર બ્રિગેડને સવારના સાડા પાંચ વાગ્યા સુધી મહેનત કરવી પડી હતી. સદનસીબે આ આગમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ફેક્ટરીને ઘણું નુકસાન થયું હતું. તળોજા ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં આવેલા પ્લોટ નંબર બી-૪૨ પરની વિઘ્નહર્તા કંપનીમાં અગરબત્તી બનાવવા માટે વપરાતા રસાયણોના આશરે ૧૫૦ ડ્રમ રાખવામાં આવ્યા હતા. ■

## ૨૦૫૧ સુધીમાં મુસ્લિમ વસ્તી ૩૦ ટકા થવાની શક્યતાઃ ચોંકાવનારો રિપોર્ટ

મુંબઈઃ મુંબઈમાં બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરોની સંખ્યામાં વધતી રહી છે, જે ૨૦૫૧ સુધીમાં શહેરના ડેમોગ્રાફીમાં જોરદાર ફેરફાર થઈ શકે છે, જ્યારે એની રફતાર એટલી ઝડપી છે કે ૨૦૫૧ સુધીમાં મુંબઈમાં મુસ્લિમોની વસ્તી ૩૦ ટકાએ પહોંચી જશે.

માયાનગરી મુંબઈમાં સતત વસ્તી વધી રહી છે. જોકે, હિંદુઓની સરખામણીમાં મુસ્લિમોની વસ્તી ઝડપથી વધી રહી છે. તાજેતરમાં દેશની જાણીતી સંસ્થા ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સીસ (ટીસ) દ્વારા એક સર્વે કરવામાં આવ્યો હતો, જેમાં મુંબઈની વસ્તીને લઈને ચોંકાવનારો ખુલાસો થયો છે.

મુંબઈમાં બાંગ્લાદેશી અને રોહિંગ્યાઓની ઘૂસણખોરી સતત વધી રહી છે, જેથી મુંબઈનો નકશો અને સામાજિક માળખું ઝડપથી બદલાઈ રહ્યું છે.

ખાસ કરીને મુંબઈમાં મુસ્લિમ વસ્તીના દર વધી શકે છે. ટીસના સર્વેના રિપોર્ટ અનુસાર વર્ષ ૧૯૬૧ મુંબઈમાં મુસ્લિમ વસ્તી માત્ર ૮ ટકા હતી, જે ૨૦૧૧માં વધીને ૨૧ ટકાએ પહોંચી હતી. જોકે, આ જ ગતિએ વસ્તીમાં વધારો થતો રહ્યો તો ૨૦૫૧ સુધીમાં મુસ્લિમ વસ્તી ૩૦ ટકાએ પહોંચવાની સંભાવના છે, જ્યારે હિન્દુ વસ્તી ઘટીને ૫૪ ટકાથી નીચે રહી શકે છે.

ઉલ્લેખનીય છે કે ટીસના રિપોર્ટ પરથી એ સ્પષ્ટ થાય છે કે બાંગ્લાદેશ અને મ્યાનમારથી આવતા ગેરકાયદે ઇમિગ્રન્ટ્સ મુંબઈની સામાજિક-આર્થિક પરિસ્થિતિ પર દબાણ વધારી રહ્યા છે. આ સ્થિતિ લાંબા ગાળે શહેરની સાંસ્કૃતિક ઓળખ અને સંસાધનોની વહેંચણીમાં મોટા પડકારો ઊભા કરી શકે છે. ■

## ચારકોપમાં નિર્માલ્યને કચરા ગાડીમાં લઈ જવાતા સ્થાનિકોમાં રોષ

મુંબઈઃ કાંદિવલીના ચારકોપમાં મહાનગરપાલિકાના ઘન કચરા વ્યવસ્થાપન વિભાગ દ્વારા નિર્માલ્ય અને અન્ય ધાર્મિક વસ્તુઓનો નિકાલ કચરાની ગાડી દ્વારા કરવામાં આવી રહ્યો છે. નિર્માલ્ય માટે અલગ વાહનોની વ્યવસ્થા હોવા છતાં, તેને અસ્વચ્છ અને દુર્ગંધયુક્ત વાહનોમાં લઈ જવામાં આવતા હોવાથી નાગરિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ બાબતે વારંવાર ફરિયાદ કરવા છતાં પાલિકાના કર્મચારીઓ દ્વારા કોઈ કાળજી લેવામાં આવતી ન હોવાનો આક્ષેપ સ્થાનિકોએ કર્યો હતો.

તેમજ, સંબંધિત મહાનગરપાલિકાના વિભાગીય કાર્યાલયના આસિસ્ટન્ટ કમિશનર વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે તેવી માગણી મ્યુનિસિપલ કમિશનર ભૂષણ ગગરાણી સમક્ષ કરવામાં આવી હતી. ચારકોપમાં ખાડીના વિસ્તારમાં પહેલા મોટા પ્રમાણમાં નિર્માલ્ય ફેંકવામાં આવતું હતું. જળ પ્રદૂષણ રોકવા માટે મહાનગરપાલિકાએ તે જગ્યાએ નિર્માલ્ય કળશ રાખવાનું શરૂ કરાયા બાદ નાગરિકોએ ખાડીને બદલે નિર્માલ્ય કળશમાં ધાર્મિક સામગ્રી અને અન્ય સંબંધિત વસ્તુઓ નાખવાનું શરૂ કર્યું.

નિર્માલ્ય લઈ જવા માટે મહાનગરપાલિકાની અલગ ગાડી આવે છે. જોકે, છેલ્લા કેટલાક દિવસોથી ચારકોપમાં નિર્માલ્ય સીધું કચરા ગાડીમાં જ લઈ જવામાં આવી રહ્યું છે.

મહાનગરપાલિકા દ્વારા એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે નિર્માલ્યનો ઉપયોગ ખાતર અને અગરબત્તી બનાવવા માટે કરવામાં આવે છે. પરંતુ અન્ય કચરાની સાથે નિર્માલ્યને પણ કચરા ગાડીમાં લઈ જવામાં આવતું હોવાથી સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ■

## કોર્ટે કબૂતરોને ચણ નાખવા બદલ દાદરના વેપારીને પાંચ હજારનો દંડ ફટકાર્યો

મુંબઈઃ જાહેર સ્થળે કબૂતરોને ચણ નાખવું તેને 'જીવન માટે ખતરારૂપ રોગોનો ચેપ ફેલાવવાની શક્યતા ધરાવતી કૃતિ' ગણાવીને કોર્ટે દાદરના વેપારીને કસૂરવાર ઠેરવ્યો હતો અને તેને પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કબૂતરોને જાહેર સ્થળે ચણ નાખવું તે જાહેર ઉપદ્રવ છે અને જાહેર આરોગ્યને જોખમ છે, એવું જણાવીને શહેરમાં કબૂતરોને જાહેર સ્થળો ખાતે ચણ નાખવા પર પ્રતિબંધ લાદ્યો છે અને કબૂતરખાનાં પણ બંધ કરી દીધાં છે, જેના થોડા મહિના બાદ આ આદેશ આવી પડ્યો છે.

દાદર વિસ્તારના રહેવાસી નીતિન શેઠ (૫૨) સામે માહિમ વિસ્તારમાં ૧ ઑગસ્ટે બંધ કરવામાં આવેલા કબૂતરખાના ખાતે કબૂતરોને ચણ નાખવા બદલ કાર્યવાહી કરવામાં આવી હતી.

એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વી. યુ. મિસાળ (બાંદ્રા કોર્ટ) દ્વારા ૨૨ ડિસેમ્બરે વેપારીને કસૂરવાર ઠેરવવામાં આવ્યો હતો. વેપારીએ આરોપ સ્વેચ્છાથી કબૂલ કર્યો હતો અને દયાભાવ રાખવાની વિનંતી કરી હતી. તેની વિનંતીને ધ્યાનમાં રાખતાં કોર્ટે પાંચ હજાર રૂપિયાનો દંડ ભરવાની સજા સંભળાવી હતી.

મેજિસ્ટ્રેટ દ્વારા વેપારી પર ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ (બી) હેઠળ માનવી જીવન, આરોગ્ય અથવા સુરક્ષામાં ખતરો પેદા કરવાની કૃતિઓ અને સરકારી આદેશનો ભંગ કરવાનો આરોપ મુકાયો હતો. વેપારી વિરુદ્ધ જીવન સામે ખતરો ઊભો કરતો રોગનો ચેપ ફેલાવવાની શક્યતા ધરાવતી બેદરકારીભરી કૃતિ માટે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૭૧ હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. (પીટીઆઇ) ■

## આશ્રમશાળાની હોસ્ટેલમાં દસમા ધોરણની વિદ્યાર્થિનીની આત્મહત્યા

થાણેઃ થાણે જિલ્લાના મુરબાડમાં સરકાર સંચાલિત આશ્રમશાળામાં દસમા ધોરણની ૧૬ વર્ષની વિદ્યાર્થિનીએ આત્મહત્યા કરી હોવાનું પોલીસે જણાવ્યું હતું. મોરોશી ગામમાં આવેલી આશ્રમશાળાની હોસ્ટેલની રૂમમાં ગુરુવારે સવારના વિદ્યાર્થિની ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. જોકે વિદ્યાર્થિનીએ કરેલી આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.

કેટલાક વાલીઓએ હાલમાં શાળામાં કઠોર શિસ્તની ફરિયાદ કરી હતી. આદિવાસી વિકાસ પ્રધાન અશોક ઉઇકેએ કેટલાક દિવસ અગાઉ પોતાની મુલાકાત દરમિયાન શાળામાં સુવિધાઓના અભાવ વિશે નારાજગી વ્યક્ત કરી હતી. મુરબાડ પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને વધુ તપાસ આદરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■


## 'એસબીઆઇ લાઇફ-ન્યૂ સ્માર્ટ સમૃદ્ધિ' એક પ્લાન બે લાભઃ પ્રોટેક્શન અને ગેરન્ટીડ સેવિંગ્સ

25 YEARS Protecting Lives, Securing Future | SBI Life Apne liye. Apno ke liye.

જેમ જેમ નાણાકીય જવાબદારીઓ વધતી જાય અને લાંબા ગાળાની અનિશ્ચિતતાઓ વધતી જાય તેમ તેમ મનની શાંતિ અને વિશ્વાસ સાથે ભવિષ્યનું આયોજન કરવા સરળ, અને વિશ્વાસુ ઇન્શ્યોરન્સ પ્લાન જરૂરી છે, જે બચત ભેગી કરવામાં મદદ કરે અને નાણાકીય સલામતી પણ આપે. એસબીઆઇ લાઇફ-ન્યુ સ્માર્ટ સમૃદ્ધિ એ ઇન્ડિવિડ્યુઅલ, નોન-લિન્કડ, નોન પાર્ટિસિપેટિંગ લાઇફ ઇન્શ્યોરન્સ સેવિંગ્સ પ્રોડક્ટ છે, જે શિસ્તબદ્ધ રીતે લક્ષ્ય આધારિત બચત કરવાની સાથે નિશ્ચિત લાભ આપે છે અને બેલેન્સ્ડ ફાઇનાન્સિયલ પ્લાનિંગની જરૂર પૂરી કરે છે, સ્થિર બચત કરાવે છે અને વિશ્વાસપાત્ર નાણાકીય રક્ષણ આપે છે.

**મહત્ત્વનાં લાભઃ**

- ગેરન્ટેડ બચતઃ ટૂંકા ગાળાનાં અને લાંબા ગાળાનાં લક્ષ્યોને પહોંચી વળવા પદ્ધતિસરની બચત
- વિશ્વાસપાત્ર રક્ષણઃ લાઇફ કવર અણધાર્યા સંજોગોમાં તમારા પરિવારજનોને નાણાકીય સલામતી સુનિશ્ચિત કરે છે
- બમણા લાભઃ સિંગલ પ્લાન જે રક્ષણ અને બચત બંનેનું મિશ્રણ કરે છે અને નાણાકીય આયોજન સરળ કરે છે
- મનની શાંતિઃ ગેરન્ટીડ વળતર તમને વિશ્વાસપૂર્વક આયોજનમાં મદદ કરે છે

**મહત્ત્વનાં પાસાં અને લાભઃ**

- ગેરન્ટીડ એડિશનઃ દર વર્ષે જમા થાય. વાર્ષિક પ્રીમીયમને આધારે ક્યુમ્યુલેટિવ પ્રિમિયમનાં ૫.૫ ટકા કે છ ટકાનાં સરળ દરે
- એશ્યોર્ડ મેચ્યોરિટી બેનિફિટઃ ઉંમર, વાર્ષિક પ્રિમિયમ અને પ્રિમીયમ ચુકવણી મુદતને આધારે વાર્ષિક પ્રીમિયમનાં ૧૩૩-૨૧૪ ટકા ઓફર કરે છે
- મેડિકલ તપાસની જરૂર નહીઃ લઘુતમ દસ્તાવેજો સાથે સરળ પ્રવેશ
- ફ્લેક્સિબલ પ્રીમિયમ પેમેન્ટ અને પૉલિસી શરતોઃ ૬, ૭ કે ૧૦ વર્ષ પ્રિમીયમ ચુકવણી અને અનુક્રમે ૧૨, ૧૫ કે ૨૦ વર્ષ પૉલિસી મુદત
- પૉલિસી ટર્મ દરમિયાન લાઇફ કવરઃ જેના નામે વીમો હોય તેનું પૉલિસીની મુદત દરમિયાન મૃત્યુ થાય તો પરિવારને નાણાકીય રક્ષણ મળે છે.
- કર લાભઃ પ્રવર્તમાન ઇન્કમટેક્સ કાયદા પ્રમાણે પાત્ર

બાળકોનાં શિક્ષણ માટે ગેરન્ટીડ એડિશન્સ અને મેચ્યોરિટી પેઆઉટ્સ ભાવિ ફન્ડ માટે સ્પષ્ટતા પૂરી પાડે છે. લાંબા ગાળાનાં નાણાકીય આયોજન માટે એશ્યોર્ડ બેનિફિટ સલામતી જાળની ખાતરી આપે છે, જે બજારની હિલચાલની અસર વિના સતત વૃદ્ધિ પામે છે. યુવાનો ટૂંકા પ્રીમિયમ પેમેન્ટ ટર્મ ઓપ્શન દ્વારા લાભ મેળવી શકે છે.

એસબીઆઇ લાઇફે હંમેશાં લોકોને પરિવારજનોનું રક્ષણ કરવાની સાથે પોતાનાં સ્વપ્ન સાકાર કરવા માટે સશક્ત કર્યા છે. એસબીઆઇ લાઇફ-ન્યુ સ્માર્ટ સમૃદ્ધિ આ ફિલોસોફીમાં માને છે અને ગેરન્ટીડ વળતર, ફ્લેક્સિબલ પેમેન્ટ વિકલ્પો અને સરળ પ્રવેશનું મિશ્રણ ધરાવીને રક્ષણ આપે છે. આ એક ભવિષ્યલક્ષી બચત વિકલ્પ છે, જે વ્યક્તિને જીવનના તમામ તબક્કામાં સલામત, પદ્ધતિસર અને વિશ્વાસપૂર્વક સંપત્તિ સર્જન કરવામાં મદદ કરે છે.


### પાયધુની પોલીસની કાર્યવાહી

## ૩૬.૩૩ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્તઃ ત્રણ મહિલા સહિત નવની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાયધુની પોલીસે મસ્જિદ બંદર અને ઓશિવરા વિસ્તારમાંથી ૩૬.૩૩ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડીને ત્રણ મહિલા સહિત નવ જણની ધરપકડ કરી હતી. પોલીસ ટીમે ડ્રગ્સ ઉપરાંત આઠ લાખની રોકડ, કાર અને ૧૨ મોબાઇલ પણ હસ્તગત કર્યાં હતાં.

આરોપીઓની ઓળખ જલારામ નટવર ઠક્કર, વસીમ મઝરુદ્દીન સૈયદ, રૂબીના મોહંમદ સૈયદ, શબનમ શેખ, મુસ્કાન સમરૂલ શેખ, અબ્દુલ કાદિર શેખ, નવાજીસ ગાલી ખાન, સારિક મોહંમદ સલીમ સલમાની અને સમદ ગાલીબ ખાન તરીકે થઇ હતી.

પાયધુની પોલીસે ૧૬ ડિસેમ્બરે મસ્જિદ બંદર પૂર્વમાં પી. ડીમેલો રોડ પર જલારામ નટવર ઠક્કર અને વસીમ સૈયદને ૧.૩૦ કરોડના હેરોઇન સાથે ઝડપી પાડ્યા હતા. બંનેની પૂછપરછમાં રૂબીના સૈયદનું નામ સામે આવતાં તેને પણ તાબામાં લેવાઇ હતી. જલારામ અને વસીમ પાસેથી મળેલું ડ્રગ્સ તેમને શબનમ શેખ નામની મહિલાએ આપ્યું હોવાનું તપાસમાં જાણવા મળ્યા બાદ પોલીસે તેની શોધ આદરી હતી અને તેને રાજસ્થાનના અજમેરથી પકડી પાડી હતી.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે શબનમ શેખને નિયમિત ડ્રગ્સ સપ્લાય કરનારી મુસ્કાન શેખ ગુનો દાખલ થયા બાદ ફરાર થઇ છે. આથી પોલીસે મુસ્કાન વિશે માહિતી મેળવી હતી અને મસ્જિદ બંદરથી તેની ધરપકડ કરી હતી.

મુસ્કાન શેખને નિયમિત ડ્રગ્સ પૂરું પાડનારો મેહરબાન અલી ૨૪ ડિસેમ્બરે ડ્રગ્સ સપ્લાય કરવા મસ્જિદ બંદરમાં આવવાનો છે, એવી માહિતી મળ્યા બાદ પોલીસે છટકું ગોઠવ્યું હતું અને મેહરબાન અલીને બદલે ડ્રગ્સ લઇને આવેલા અબ્દુલ કાદિર શેખને તાબામાં લીધો હતો. તેની પાસેથી ૧.૩૮ કરોડનું હેરોઇન મળી આવ્યું હતું.

દરમિયાન ડ્રગ્સ સપ્લાય કરનારા મુખ્ય આરોપી મેહરબાન અલીને પકડવા માટે પોલીસની વિશેષ ટીમ તૈયાર કરવામાં આવી હતી, જેમને માહિતી મળી હતી કે મેહરબાન અલી ઓશિવરાના આનંદ નગરમાં છે. આથી પોલીસ ટીમ તાત્કાલિક ત્યાં રવાના થઇ હતી અને આનંદ નગરની એક રૂમમાં રેઇડ પાડી હતી, જ્યાં નવાજીસ ખાન, સારિક સલમાની અને સમદ ખાન મળી આવ્યા હતા, જેઓ ડ્રગ્સનું પેકિંગ કરી રહ્યા હતા. પોલીસે એ સ્થળેથી ૩૩.૮૬ કરોડ રૂપિયાનું હેરોઇન જપ્ત કર્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

## શાળામાં છ વર્ષના વિદ્યાર્થીની કનડગતઃ બે ટીચર સામે ગુનો

થાણેઃ નવી મુંબઈમાં છ વર્ષના વિદ્યાર્થીનું કથિત અપમાન કરી તેની પીટાઈ કરાવવા બદલ ખાનગી શાળાના બે ટીચર વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીના વડીલોએ નોંધાવેલી ફરિયાદને આધારે કામોઠેની શાળાના બે ટીચર સામે એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ૧૪ નવેમ્બરે ટીચરે બીજા કલાસ રૂમમાંથી એક વિદ્યાર્થિનીને બોલાવી હતી અને વિદ્યાર્થીના ગાલ પર પાંચથી છ લાફા મારવાનું કહ્યું હતું. વિદ્યાર્થિની લાફા મારતી હતી ત્યારે ટીચર આ તમાશો જોતા હતા અને વિદ્યાર્થીનું અપમાન જોઈ રાજી થતા હતા. ત્યાર બાદ ૨૮ નવેમ્બરે ઈંગ્લિશના વિષયમાં બીજા ટીચરે એ જ વિદ્યાર્થીના ચહેરા પર ધાતુનો કમ્પાસ બૉક્સ ફટકાર્યો હતો, જેને કારણે તેના હોઠમાંથી લોહી નીકળ્યું હતું, એમ ફરિયાદમાં જણાવાયું હતું.

કામોઠે પોલીસે બુધવારે જુવેનાઈલ જસ્ટિસ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ પ્રકરણે વધુ તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

## વિદ્યાવિહારમાં ચોરીની શૃંખલાથી હાહાકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ : વિદ્યાવિહાર પૂર્વમાં ઉપરાઉપરી ચોરીની ત્રણ ઘટના થતા આખા વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે અને લોકો ભયભીત થઈને પોલીસની નિષ્ક્રિયતા અંગે સવાલ પૂછી રહ્યા છે. આટલું ઓછું હોય એમ એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે જેમાં વિદ્યાવિહાર પૂર્વના ચિત્તરંજન નગરમાં મહિલાઓએ ત્રણ અજાણ્યા ઈસમને શંકાસ્પદ હિલચાલ કરતા જોઈને તેમને શું કરી રહ્યા હતા એમ હિંમતપૂર્વક પૂછ્યું હતું અને આ સવાલ સાંભળીને ત્રણેય ભાગી ગયા હતા. આ વીડિયો જોઈને પણ લોકો તેમના ઘરની સલામતી અંગે ચિંતા કરી દીધા છે.

છેલ્લી ચોરી વિદ્યાવિહાર પૂર્વના રાજાવાડીની એમઆઈજી કોલોનીની પામ વ્યુ સોસાયટીના એક નંબના મકાનમાં થઈ હતી. ૬૩ વર્ષની ગૃહિણી મિતા કપાસીએ લખાવેલી એફઆઈઆર પ્રમાણે બાવીસ ડિસેમ્બરે સવારે દસ વાગ્યે પતિ, પુત્ર અને પુત્રવધૂ કામે જતા રહ્યા બાદ હું મારા ભાઈના ઘરે બપોરે બે વાગ્યે ગઈ હતી. બપોરે ત્રણ વાગ્યે પુત્ર પ્રતિક ઘરે આવ્યો ત્યારે તાળુ તૂટેલું હતું અને ઘરમાં વસ્તુઓ અસ્તવ્યસ્ત પડી હતી. પુત્રે માતાને ઘરે બોલાવી હતી. ફરિયાદ પ્રમાણે ઘરમાંથી ચોનાના દાગીના અને રોકડ રકમ મળીને ચાર લાખ રૂપિયાની ચોરી થઈ હતી. વોચમેન એ જ સમયે જમવા ગયો હોવાનું કહેવાય છે. ટિળક નગર પોલીસ સ્ટેશને તપાસ ચાલુ કરી છે. ■

## મનસેના ભૂતપૂર્વ નેતા પ્રકાશ મહાજન શિંદે સેનામાં જોડાયા

થાણેઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના ભૂતપૂર્વ નેતા પ્રકાશ મહાજન શુક્રવારે રાજ્યમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના બે અઠવાડિયા પહેલા નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનામાં જોડાયા છે.

ભાજપના દિવંગત નેતા પ્રમોદ મહાજનના ભાઈ પ્રકાશ મહાજન ૨૦૦૬માં રાજ ઠાકરેની આગેવાની હેઠળનો પક્ષ અસ્તિત્વમાં આવ્યો ત્યારથી જ તેની સાથે જોડાયેલા હતા, પરંતુ આ વર્ષની શરૂઆતમાં નેતૃત્વ અંગે મતભેદોને કારણે તેમણે પક્ષ છોડી દીધો હતો. મહાજને કહ્યું હતું કે તેઓ શિવસેનામાં કોઈ પણ પદ કે ઉમેદવારીની માંગણી વિના જોડાયા છે. તેમનો નિર્ણય ફક્ત હિંદુત્વ અને બાળાસાહેબ ઠાકરેની વિચારધારાને મજબૂત કરવાની ઈચ્છાથી પ્રેરિત છે. મહાજનને પક્ષમાં આવકારનાર શિંદેએ રાજકારણમાં તેમની ગરિમા અને સંયમની પ્રશંસા કરી જણાવ્યું હતું કે મહાજન કાયમ સામાન્ય માણસની જેમ હૃદયથી શિવ સૈનિક રહ્યા છે. (પીટીઆઈ) ■

## ઘાટકોપરમાં શસ્ત્રના ઘા ઝીંકી મહિલાની હત્યા

### મૃતદેહ ઝાડીઝાંખરામાંથી મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપરમાં શસ્ત્રના ઘા ઝીંકી પરિણિત મહિલાની હત્યા કરવામાં આવી હતી, જેનો મૃતદેહ ઝાડીઝાંખરામાંથી મળી આવ્યો હતો. પંતનગર પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો નોંધી આરોપીની શોધ ચલાવી રહી હોઇ ક્રાઇમ બ્રાન્ચ પણ સમાંતર તપાસ કરી રહી છે. હત્યા પાછળનો ચોક્કસ હેતુ જાણી શકાયો ન હોઇ પણ અંગત દુશ્મનાવટને લઇ મહિલાની હત્યા કરવામાં આવી હોવાની શંકા પોલીસ તપાસી રહી છે.

મૃતકની ઓળખ અમિના ઇબ્રાહિમ સિદ્દીકી તરીકે થઇ હોઇ તે પતિ અને સંતાનો સાથે ઘાટકોપરના કામરાજનગર વિસ્તારમાં રહેતી હતી. બુધવારે સાંજે અમિનાની ભાભી તેના ઘરે આવી હતી અને બંને જણ બાદમાં કોઇ કામ અર્થે બહાર ગઇ હતી. અમિનાની ભાભી બાદમાં પોતાના ઘરે પહોંચી ગઇ હતી, પણ અમિના ઘરે પાછી ફરી નહોતી. અમિનાની શોધ ચલાવ્યા છતાં તેનો કોઇ પત્તો ન લાગતાં પતિએ પોલીસનો સંપર્ક સાધીને મિસિંગની ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન ગુરુવારે સવારે કામરાજનગરમાં ઝાડીઝાંખરામાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યા બાદ પંતનગર પોલીસને જાણ કરવામાં આવી હતી. આથી પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. મૃતદેહ અમિનાનો હતો અને તેના શરીર પર ઇજાના નિશાન મળી આવ્યા હતા. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટ હોસ્પિટલમાં મોકલ્યા બાદ પંતનગર પોલીસે હત્યાનો ગુનો દાખળ કર્યો હતો. અમિનાની કોઇ સાથે દુશ્મનાવટ હતી કે કેમ તે જાણવા માટે તેના સંબંધીઓની પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર અમને આ કેસમાં કેટલાક પુરાવા મળ્યા છે અને ટૂંક સમયમાં આરોપીની ધરપકડ કરવાની અપેક્ષા છે. ■

## પોલીસ દ્વારા ત્રાસ ગુજારાયાનો આરોપ કરતો વીડિયો પોસ્ટ કર્યા બાદ યુવકે જીવન ટૂંકાવ્યું

લાતુરઃ લાતુર જિલ્લામાં પોલીસ કર્મચારીઓ દ્વારા ત્રાસ ગુજારાયાનો આરોપ કરતો વીડિયો પોસ્ટ કર્યા બાદ ૨૨ વર્ષના યુવકે કથિત આત્મહત્યા કરી હતી.

જિલ્લામાં તેરણા નદી નજીક જંગલમાં ગુરુવારે સાંજે ઇમરાન ખલીલમિયા બેલુરે નામના યુવક વૃક્ષ સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો.

અંતિમ પગલું ભરતા પહેલા ઇમરાને સોશિયલ મીડિયા પર વીડિયો પોસ્ટ કર્યો હતો, જેમાં પોલીસ ડ્રાઇવર તેમ જ આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર દ્વારા વારંવાર ત્રાસ આપવામાં આવતો હોવાનો આરોપ તેણે કર્યો હતો.

૨૦૨૨માં ઇમરાન બેલુરે એક દુકાનમાં કામ કરતો હતો ત્યારે ત્યાં ચોરી કરવાના આરોપસર તેની ધરપકડ કરવામાં આવી હતી. ચોરીની મતા જપ્ત કરવામાં આવી હોવા છતાં તેને ત્રાસ આપવાનું ચાલુ રહ્યું હતું.

ઇમરાને આત્મહત્યા પૂર્વે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરેલો વીડિયો વાયરલ થયો હતો. વીડિયોમાં ઇમરાને દાવો કર્યો હતો કે પોલીસ કર્મચારીઓ મોડી રાતે વારંવાર તેના ઘરે આવતા હતા. તેના પરિવારને ધમકાવતા હતા અને તેને માનસિક ત્રાસ આપતા હતા. ઇમરાને જે સ્થળે આત્મહત્યા કરી હતી ત્યાં સગાંવહાલાં તથા રહેવાસીઓ મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને જ્યાં સુધી સંબંધિત પોલીસ કર્મચારીઓ વિરુદ્ધ કેસ ન નોંધાય ત્યાં સુધી મૃતદેહને નીચે ઉતારવાની કે પંચનામું કરવાની પરવાનગી આપવાનો ઇનકાર કર્યો હતો. પરિણામે મૃતદેહ મોડી રાત સુધી વૃક્ષ પર લટકતો રહ્યો હતો.

મૃતદેહને બાદમાં પોસ્ટમોર્ટમ માટે નિલંગા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો અને આ પ્રકરણે સંબંધિત પોલીસ કર્મચારીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, એમ ઇન્સ્પેક્ટર સુધીર સૂર્યવંશીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

## સાત વર્ષની બાળકી છ લાખ રૂપિયામાં વેચવાનો પ્રયાસઃ પાંચની ધરપકડ

થાણેઃ બદલાપુરમાં સાત વર્ષની બાળકી છ લાખ રૂપિયામાં વેચવાનો પ્રયાસ કરનારી ટોળકી પર કાર્યવાહી કરી પોલીસે પાંચ જણની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ મળેલી માહિતીને આધારે એન્ટિ-હ્યુમન ટ્રાફિકિંગ સેલના અધિકારીઓએ બુધવારની રાતે બદલાપુર પશ્ચિમમાં એક હોટેલ નજીક છટકું ગોઠવ્યું હતું. હોટેલ નજીક પહોંચેલી ટોળકી બાળકી વેચવા આવી હોવાની ખાતરી કરવા પોલીસે બોગસ ખરીદદાર તેમની પાસે મોકલાવ્યો હતો.

ટોકન મની તરીકે ટોળકીને ૨૦ હજાર રૂપિયા યુપીઆઈ મારફત ચૂકવવામાં આવ્યા હતા. બાકીના ૫.૮૦ લાખ રૂપિયા રોકડમાં ભરવાનું કહેવામાં આવ્યું હતું. ટોળકી બાળકી વેચવા તૈયાર હોવાની ખાતરી થતાં બોગસ ખરીદદારે પોલીસને ઇશારો કર્યો હતો, જેને પગલે પોલીસે પાંચેય આરોપીને તાબામાં લીધા હતા.

પકડાયેલા આરોપીઓની ઓળખ શંકર સંભાજી મનોહર (૩૬), રેશમા શાહબુદ્દીન શેખ (૩૫), ઈગતપુરીના એજન્ટો નીતિન સંભાજી મનોહર (૩૩) અને શેખર ગણેશ જાધવ (૩૫) સહિત મુંબઈના માનખુર્દ વિસ્તારમાં રહેતા એજન્ટ આસિફ ચાંદ ખાન (૨૭) તરીકે થઈ હતી. આરોપી રેશમાએ બાળકીની વ્યવસ્થા કરી હતી, જ્યારે શંકરે રૂપિયા સ્વીકાર્યા હતા. આ કેસમાં છઠ્ઠી આરોપી સબિના ફરાર હોવાથી પોલીસ તેની શોધ ચલાવી રહી છે.

બદલાપુર (વેસ્ટ) પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતું કે પકડાયેલી ટોળકી છ લાખ રૂપિયામાં બાળકીને વેચવાની હતી. પકડાયેલી ટોળકી બાળકોનું અપહરણ કરીને નિઃસંતાન દંપતીને વેચવાના સ્કૅમનો એક ભાગ હોવાની શક્યતા જણાય છે. પોલીસ બાળકીની માતાને શોધવાનો પ્રયાસ કરી રહી છે. બાળકીને હાલમાં ચાઈલ્ડ કૅર સેન્ટરમાં રાખવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

## પદ્મશ્રી, પદ્મભૂષણ સન્માન છે, પદવી નથી એટલે નામની આગળ તેનો ઉપયોગ કરી શકાય નહીં- હાઇ કોર્ટ

મુંબઈઃ જસ્ટિસ સોમાશેખર સુંદરસેનની સિંગલ બેન્ચે ૨૦૧૪ના પદ્મશ્રી પુરસ્કાર વિજેતા ડો. શરદ એમ. હાર્ડીકર સંબંધિત એક અરજીની સુનાવણી દરમિયાન સ્પષ્ટતા કરી હતી કે પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ અને ભારતરત્ન એ નાગરિક સન્માન છે, પદવીઓ નથી. તેથી પુરસ્કાર વિજેતાઓના નામની આગળ તેનો ઉપયોગ કરી શકાય નહીં. અરજીના શીર્ષકમાં હાર્ડીકર પદ્મશ્રી ડો. શરદ એમ. હાર્ડીકર તરીકે વર્ણવવામાં આવ્યું હતું, જેની સામે કોર્ટે આ ટિપ્પણી કરી હતી. જોકે, નાગરિક પુરસ્કારોનો આ પ્રકારે નામની આગળ ઉલ્લેખ કરવો એ કાયદાકીય રીતે અસ્વીકાર્ય છે. આ સાથે જ માત્ર એક પ્રાસંગિક મુદ્દા તરીકે, આ કેસના શીર્ષકમાં એક પક્ષકારનું નામ જે રીતે દર્શાવવામાં આવ્યું છે તેની નોંધ લેતા, જસ્ટિસ સોમશેખરે કહ્યું કે ૧૯૯૫માં સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચ દ્વારા આપવામાં આવેલા ચુકાદા તરફ ધ્યાન દોરવું એ આ અદાલતની ફરજ છે. તેવી જ રીતે સુપ્રીમ કોર્ટે આ ચુકાદામાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે પદ્મશ્રી અને ભારત રત્ન જેવા નાગરિક પુરસ્કારો એ 'પદવી' નથી અને પુરસ્કાર વિજેતાઓના નામની આગળ કે પાછળ તેનો ઉપયોગ થવો જોઈએ નહીં. ■

### નાતાલ વેકેશન

## મુંબઈ-અમદાવાદ હાઈવે પર વાહનોની લાંબી કતાર

થાણેઃ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન અને જાહેર બાંધકામ વિભાગ દ્વારા ઘોડબંદર ગાયમુખ ઘાટના રોડનું રિપેરિંગનું કામ હાથ ધરવામાં આવ્યું છે. તેની અસર ગુરુવારે મધરાતથી ઘોડબંદર ગાયમુખ ઘાટ અને મુંબઈ-અમદાવાદ હાઈવે પર જોવા મળી હતી.

ઘોડબંદર રોડ પર ગાયમુખ ઘાટથી મુંબઈ-અમદાવાદ હાઈવે પર નવઘર સુધી વાહનોની લાંબી કતારો લાગી હતી. આ ટ્રાફિક જામ શુક્રવારે સવાર પછી પણ ઓછો થયો ન હતો. જેના કારણે થાણેથી વસઈ-વિરાર અને પાલઘર વિસ્તારમાં પ્રવાસ માટે નીકળેલા પ્રવાસીઓને ભારે હાલાકી ભોગવવી પડી હતી, સાથે જ નોકરિયાત વર્ગને પણ ભારે ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો હતો. ■

# મેલબર્નમાં રેકૉર્ડ-બ્રેક ૯૪,૧૯૯ પ્રેક્ષકની હાજરીમાં પડી ૨૦ વિકેટ: ૧૨૪ વર્ષ જૂના વિક્રમની બરાબરી

## ઍશિઝ ટેસ્ટમાં પ્રથમ દિવસે ૨૦ બૅટ્સમેન પૅવિલિયન ભેગા થયા, તમામ વિકેટ પેસ બોલર્સે લીધી



મેલબર્ન: શુક્રવારના બૉક્સિંગ-ડેએ ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ વચ્ચે ઍશિઝ સિરીઝની ચોથી ટેસ્ટ ધમાકાભેર શરૂ થઈ જેમાં પહેલા જ દિવસે કુલ ૨૦ વિકેટ પડી. બીજી નવાઈની વાત એ છે કે શુક્રવારના પ્રથમ દિવસે મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી)માં પ્રેક્ષકોની સંખ્યા ૯૪,૧૯૯ હતી અને આ ઐતિહાસિક સ્ટેડિયમમાં ક્રિકેટ મૅચના કોઈ એક જ દિવસમાં સૌથી વધુ પ્રેક્ષકોની હાજરીની રેકૉર્ડ-બુકમાં આ નવો વિક્રમ છે. એ સાથે, એમસીજીમાં ૨૦૧૫ની સાલનો (૧૦ વર્ષ જૂનો) વિક્રમ તૂટ્યો હતો. ૨૦૧૫માં એમસીજીમાં ઑસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેની ફાઇનલ ૯૩,૦૧૩ પ્રેક્ષકે માણી હતી. માઇકલ ક્લાર્કની નેતૃત્વમાં ઑસ્ટ્રેલિયાએ એ ફાઇનલ ૧૦૧ બૉલ તથા સાત વિકેટ બાકી રાખીને જીતી લીધી હતી. બ્રેન્ડન મૅક્લમ ત્યારે ન્યૂ ઝીલૅન્ડનો સુકાની હતો અને હાલમાં તે ઇંગ્લૅન્ડનો હેડ-કોચ છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદનું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ક્રિકેટ જગતમાં સૌથી મોટું છે, જ્યાં ૧,૩૨,૦૦૦ પ્રેક્ષક બેસી શકે એટલી સીટ છે.

શુક્રવારે બન્ને ટીમની પ્રથમ ઇનિંગ્સ પૂરી થઈ ગઈ અને ઑસ્ટ્રેલિયાનો બીજો દાવ પણ શરૂ થઈ ગયો હતો. તમામ ૨૦ વિકેટ પેસ બોલર્સે લીધી હતી. એમસીજીમાં ઍશિઝ સિરીઝની ટેસ્ટના પ્રથમ દિવસે ૨૦ વિકેટ પડી હોય એવું આ પહેલાં ૧૯૦૧ની સાલમાં (૧૨૪ વર્ષ પૂર્વે) બન્યું હતું.

આ મૅચ શનિવારના બીજા કે રવિવારના ત્રીજા દિવસે પૂરી થઈ જશે તો નવાઈ નહીં લાગે. પહેલાં તો ઑસ્ટ્રેલિયાની ટીમ ૧૫૨ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી.

ઇંગ્લૅન્ડના રાઇટ-આર્મ મિડિયમ પેસ બોલર જૉશ ટન્ગે પાંચ વિકેટ લીધી હતી. જોકે પછીથી ઑસ્ટ્રેલિયાના પેસ બોલર્સ માઇકલ નેસરની ચાર વિકેટ અને સ્કૉટ બૉલેન્ડની ત્રણ વિકેટને કારણે ઇંગ્લૅન્ડ ફક્ત ૧૧૦ રનમાં ઑલઆઉટ થઈ જતાં ઑસ્ટ્રેલિયાને ૪૨ રનની સરસાઈ મળી ગઈ હતી. ઇંગ્લૅન્ડનો પીઢ બૅટ્સમૅન જો રૂટ પોતાના ૧૫મા બૉલ પર ખાતું ખોલાવ્યા વગર નેસરના બૉલમાં વિકેટકીપર ઍલેક્સ કૅરીના હાથમાં કૅચઆઉટ થયો હતો.

શુક્રવારની રમતને અંતે બીજા દાવમાં યજમાન ટીમનો સ્કોર વિના વિકેટે ચાર રન હતો. ઑસ્ટ્રેલિયા પાંચ મૅચની સિરીઝમાં ૩-૦થી વિજયી સરસાઈ ધરાવે છે અને વર્તમાન મૅચ ઉપરાંત સિડનીની છેલ્લી મૅચ પણ જીતીને ૫-૦થી ક્લીન સ્વીપ કરવાના મૂડમાં છે. ■

# શેફાલીની આતશબાજી, દીપ્તિની સિદ્ધિ: ભારત શ્રેણી જીત્યું



દીપ્તિએ સૌથી વધુ વિકેટના વિક્રમની બરાબરી કરી છે.

તિરુવનન્તપુરમ: શુક્રવારે ભારતની મહિલા ટીમે શ્રીલંકા સામેની ત્રીજી ટી-૨૦માં ૪૦ બૉલ અને આઠ વિકેટ બાકી રાખીને જીતી લીધી હતી. શેફાલી વર્મા (૭૯ અણનમ, ૪૨ બૉલ, ત્રણ સિક્સર, અગિયાર ફોર) આ મૅચની સુપરસ્ટાર બૅટર હતી. ભારતે પાંચ મૅચની સિરીઝમાં ૩-૦થી વિજયી સરસાઈ મેળવી લીધી છે. ૨૧ રનમાં શ્રીલંકાની ચાર વિકેટ લેનાર પેસ બોલર રેણુકા સિંહ ઠાકુરને પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. સ્પિનર દીપ્તિ શર્માએ ટી-૨૦ ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં સૌથી વધુ ૧૫૧ વિકેટ લેનાર ઑસ્ટ્રેલિયાની મેગન શટની બરાબરી કરી છે.

ભારતને માત્ર ૧૧૩ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતીય ટીમે ૧૩.૨ ઓવરમાં બે વિકેટે ૧૧૫ રનના સ્કોર સાથે શાનથી જીત મેળવી હતી.

ભારતના પહેલા ૪૭માંથી ૪૪ રન ઓપનર શેફાલી વર્માના હતા જે તેણે ૨૦ બૉલમાં બે છગ્ગા અને સાત ચોક્કાની મદદથી બનાવ્યા હતા. સ્મૃતિ મંધાના ફક્ત એક રન કરીને અને જેમિમા રૉડ્રિગ્સ નવ રન કરીને આઉટ થઈ ગઈ હતી. જોકે હરમનપ્રીતે (૨૧ અણનમ) છેક સુધી શેફાલીને સાથ આપ્યો હતો અને તેમણે ભારતીય ટીમની નૌકા પાર પાડી હતી.

એ પહેલાં, શ્રીલંકાની ટીમને ૨૦ ઓવરમાં ૭/૧૧૨ સુધી સીમિત રખાવવામાં પેસ બોલર રેણુકા ઠાકુર (ચાર વિકેટ) અને સ્પિનર દીપ્તિ શર્મા (ત્રણ વિકેટ)ના મુખ્ય યોગદાન હતા. ભારતે પ્રથમ ટી-૨૦ આઠ વિકેટે અને બીજી મૅચ સાત વિકેટે જીતી લીધી હતી. ■

# રોહિત ઝીરોમાં ગયો, પણ હાર્દિક તમોરેએ મુંબઈને જિતાડ્યું

જયપુર: મુંબઈએ અહીં વિજય હઝારે ટ્રોફીમાં બુધવારના મૅચ-વિનર રોહિત શર્માને શુક્રવારે શૂન્ય રનમાં જ ગુમાવ્યો હતો, પણ હાર્દિક તમોરે (અણનમ ૯૩, ૮૨ બૉલ, બે સિક્સર, સાત ફોર) નામના વિકેટકીપર બૅટ્સમૅને મુંબઈને જિતાડ્યું હતું.

હાર્દિકના અણનમ ૯૩ રનની મદદથી મુંબઈએ ઉત્તરાખંડ સામે સાત વિકેટે ૩૩૧ રન કર્યા હતા જેમાં બે બંધુઓ સરફરાઝ ખાન તથા મુશીર ખાનના ૫૫-૫૫ રન સામેલ હતા.

કૅપ્ટન શાર્દુલ, ઑન્કાર અને મુશીરની બે-બે વિકેટને કારણે ઉત્તરાખંડની ટીમ ૫૦ ઓવરમાં નવ વિકેટે ૨૮૦ રન કરી શકી હતી અને મુંબઈનો ૫૧ રનથી વિજય થયો હતો.

આ ટૂર્નામેન્ટની અન્ય કેટલીક મૅચોમાં બેંગાલ (૨૦૫) સામે બરોડા (૬/૨૦૯)નો વિજય થયો હતો, પણ સૌરાષ્ટ્ર (૨૫૩)ની હરિયાણા (૪/૨૫૬) સામે છ વિકેટે હાર થઈ હતી. ■

# કોહલીએ ૭૭ રન કર્યા અને છેલ્લે કૅચ પણ ઝીલ્યો, ગુજરાતની લડત પાણીમાં

## વિજય હઝારે ટ્રોફીમાં દિલ્હીનો સાત રનથી વિજય: વિરાટ મૅન ઑફ ધ મૅચ



વિરાટ કોહલી હવે વિજય હઝારે ટ્રોફીમાં વધુ કેટલી મૅચો રમશે એ મોટો સવાલ છે. તે હવે સીધો ૧૧મી જાન્યુઆરીએ વડોદરામાં ન્યૂ ઝીલૅન્ડ સામે સિરીઝની પ્રથમ વન-ડેમાં રમશે એ પણ ચર્ચાનો વિષય છે.

બેંગલૂરુ: અહીં શુક્રવારે વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટમાં દિલ્હીએ વિરાટ કોહલી (૭૭ રન, ૬૧ બૉલ, એક સિક્સર, તેર ફોર) અને કૅપ્ટન રિષભ પંત (૭૦ રન, ૭૯ બૉલ, બે સિક્સર, આઠ ફોર)ની હાફ સેન્ચુરીની મદદથી તેમ જ પછીથી આઠ બોલરના આક્રમણ સાથે ગુજરાતને રોમાંચક મુકાબલામાં સાત રનના તફાવતથી હરાવીને એલીટ, ગ્રૂપ-ડીમાં મોખરાનું સ્થાન મેળવ્યું હતું. આ ગ્રૂપમાં દિલ્હી (ચાર પૉઇન્ટ, +૨.૦૦૫નો રનરેટ) પહેલા સ્થાને અને ગુજરાત (ચાર પૉઇન્ટ, +૧.૬૩૧નો રનરેટ) બીજા નંબરે અને સૌરાષ્ટ્ર (ચાર પૉઇન્ટ, +૦.૨૦૬નો રનરેટ) ત્રીજા ક્રમે છે.

દિલ્હીએ બૅટિંગ મળ્યા બાદ ૫૦ ઓવરમાં નવ વિકેટે ૨૫૪ રન કર્યા હતા. ગુજરાતના લેફ્ટ-આર્મ સ્પિનર વિશાલ જયસ્વાલે (૧૦-૦-૪૨-૪) વિરાટ અને પંતની તેમ જ અર્પિત રાણા (૧૦ રન) તથા નીતીશ રાણા (૧૨ રન)ની મહત્ત્વની વિકેટ લીધી હતી. ગુજરાત માટે ૨૫૫ રનનો લક્ષ્યાંક બહુ મોટો નહોતો, પણ સારી શરૂઆત બાદ ગુજરાતની ટીમે ધબડકો જોયો જેને કારણે એ લક્ષ્યાંક મુશ્કેલ થઈ ગયો હતો. છેવટે ૪૮મી ઓવરમાં ચિંતન ગજાની ટીમ માત્ર સાત રન માટે મૅચને ટાઇ કરાવવાનું અને આઠ રન માટે જીત મેળવવાનું ચૂકી ગઈ હતી. ૨૫૫ રનના ટાર્ગેટ સામે ગુજરાતની ટીમ ૪૭.૪ ઓવરમાં ૨૪૭ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી. કોહલીને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

### કોહલીની ૮૫મી હાફ સેન્ચુરી

૩૭ વર્ષના કોહલીએ ૨૯ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી. લિસ્ટ-એ વન-ડે ટૂર્નામેન્ટમાં કોહલીએ ૮૫મી હાફ સેન્ચુરી જાણીતા સ્પિનર રવિ બિશ્નોઈના બૉલમાં ફોર ફટકારીને પૂરી કરી હતી. કોહલીએ બુધવારે આંધ્ર સામેની મૅચમાં ૧૦૧ બૉલમાં ૧૩૧ રન કર્યા હતા અને દિલ્હીને વિજય અપાવ્યો હતો. જોકે શુક્રવારે કોહલી સતત બીજી સેન્ચુરી ફટકારવામાં નિષ્ફળ ગયો હતો. તે ગુજરાતના લેફ્ટ-આર્મ સ્પિનર વિશાલ જયસ્વાલના બૉલમાં વિકેટકીપર ઉર્વિલ પટેલના હાથે સ્ટમ્પ-આઉટ થઈ ગયો હતો. જયસ્વાલે કોહલીની નબળાઈઓ પારખી લીધી હતી અને તેની વિકેટ લઈને રહ્યો હતો.

### સારી ભાગીદારીઓ પછી કૅપ્ટન ગજા રનઆઉટ

ગુજરાતે ૨૫૫ રનના લક્ષ્યાંક માટે શરૂઆત સારી કરી હતી. ઓપનર્સ ઉર્વિલ પટેલ (૩૧ રન, ૩૬ બૉલ, છ ફોર) અને આર્ય દેસાઈ (૫૭ રન, ૭૭ બૉલ, બે સિક્સર, આઠ ફોર) વચ્ચે ૬૭ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી અને ત્યાર પછી આર્ય તથા અભિષેક દેસાઈ (૨૬ રન, ૪૪ બૉલ, ત્રણ ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૫૪ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી. જોકે પાંચ રનમાં ત્રણ વિકેટ પડી ગઈ હતી. એ ધબડકો ગુજરાતને સૌથી ભારે પડ્યો હતો. આઇપીએલમાં રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) વતી રમી ચૂકેલા સૌરવ ચૌહાણ (૪૯ રન, ૪૩ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) અને વિશાલ જયસ્વાલ (૨૬ રન, ૧૯ બૉલ, બે સિક્સર, એક ફોર) વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૬૯ રનની ભાગીદારી થતાં ગુજરાતની ટીમમાં જીતવાની આશા ફરી જાગી હતી. ૪૭મી ઓવરમાં કૅપ્ટન ચિંતન ગજા દિલ્હીના સબસ્ટિટ્યૂટ ફીલ્ડર હૃતિક શોકિનના હાથે રનઆઉટ થતાં (નવમી વિકેટ પડતાં) બાજી ફરી ગઈ હતી. તેની વિકેટ વખતે ગુજરાતે ૧૭ બૉલમાં ફક્ત ૧૨ રન કરવાના હતા, પરંતુ ફાસ્ટ બોલર પ્રિન્સ યાદવના બૉલમાં વિરાટ કોહલીએ કવર્સમાંથી દોડી આવીને બિશ્નોઈનો શાનદાર કૅચ ઝીલ્યો અને રોમાંચિત થઈને બૂમ પાડી એ સાથે દિલ્હીની છાવણીમાંથી વિજયી સેલિબ્રેશન શરૂ થઈ ગયું હતું અને ગુજરાતની આશા પર પાણી ફરી વળ્યું હતું. દિલ્હી વતી આઠ બોલરે બોલિંગ કરી હતી જેમાંથી પ્રિન્સ યાદવે સૌથી વધુ ત્રણ વિકેટ તેમ જ અર્પિત રાણા અને પીઢ બોલર ઇશાન્ત શર્માએ બે-બે વિકેટ લીધી હતી.

દિલ્હીની હવે સોમવાર, ૨૯મી ડિસેમ્બરે બેંગલૂરુ નજીક અલુરમાં સૌરાષ્ટ્ર સામે મૅચ રમાશે. બીજી તરફ, બેંગલૂરુમાં ગુજરાતનો મુકાબલો હરિયાણા સામે થશે. ■



બેંગલૂરુમાં ગઈ કાલે દિલ્હીના કૅપ્ટન અને ગાઢ મિત્ર રિષભ પંત સાથે મજાક-મસ્તીના મૂડમાં ગુજરાતની ટીમનો સ્પિનર રવિ બિશ્નોઈ. પંતે ગઈ કાલે ૭૦ રન કર્યા હતા, જ્યારે બિશ્નોઈએ બે વિકેટ લીધી હતી.

# મુંબઈનો ફીલ્ડર અંગક્રિશ માથાની ઈજા પછી હવે આઉટ-ઑફ-ડેન્જર



જયપુર: મુંબઈના ઓપનર અંગક્રિશ રઘુવંશીને અહીં શુક્રવારે ઉત્તરાખંડ સામે વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટની રોમાંચક મૅચ દરમ્યાન ફીલ્ડિંગ દરમ્યાન ગરદનની નીચેના ભાગમાં અને માથામાં ઈજા થઈ હતી, પરંતુ સમયસરની સારવાર બાદ તેની તબિયત હવે ઘણી સારી છે અને સ્કૅનના રિપોર્ટમાં જણાવાયું છે કે તેની ઈજા ગંભીર નથી. અંગક્રિશને હૉસ્પિટલમાંથી રજા આપી દેવાઈ છે અને હૉટેલમાં પાછો આવી ગયો છે.

૨૧ વર્ષના અંગક્રિશને ઉત્તરાખંડની ૩૦મી ઓવર દરમ્યાન આ ઈજા થઈ હતી. વિકેટકીપર સંસ્કાર રાવતે મુંબઈના ઑફ-સ્પિનર તનુશ કોટિયનના એક બૉલમાં સ્વીપ શૉટ માર્યો ત્યારે બૉલ હવામાં ઉછળતાં ડીપ મિડ-વિકેટ પર ઊભેલા અંગક્રિશે એક હાથે કૅચ ઝીલવાનો પ્રયત્ન કર્યો હતો. કૅચ ઝીલવા જતાં અંગક્રિશનું માથું નીચે પટકાયું હતું અને તેને માથામાં ઈજા થઈ હતી. માથાની ઈજા કંકશન તરીકે ઓળખાય છે.

અંગક્રિશ થોડી ક્ષણો માટે બેઠો થઈ ગયો હતો, પરંતુ માથામાં અને ગરદનના નીચેના ભાગમાં તેને અસહ્ય દુખાવો થઈ રહ્યો હતો. તરત જ ટીમના ફિઝિયો મેદાન પર દોડી આવ્યા હતા.

અંગક્રિશ ફરી રમી નહીં શકે એવું પારખીને ફિઝિયોએ તેને હૉસ્પિટલમાં લઈ જવાનું સૂચવ્યું હતું. તેના માટે સ્ટ્રેચર મગાવવામાં આવ્યું હતું અને મેદાનની બહાર ઊભી રાખવામાં આવેલી ઍમ્બ્યૂલન્સમાં સૂવડાવીને તેને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

એ પહેલાં, સવારે મુંબઈને પ્રથમ બૅટિંગ મળી હતી અને અંગક્રિશ ૨૦ બૉલમાં એક ફોરની મદદથી ૧૧ રન કરી શક્યો હતો. જોકે તેની અગાઉ રોહિત શર્મા (૦) ગોલ્ડન-ડકનો શિકાર થયો હતો. અંગક્રિશે મુશીર ખાન સાથે બીજી વિકેટ માટે ૧૮ રનની ભાગીદારી કરી હતી. મુંબઈએ છેવટે આ મૅચ ૫૧ રનથી જીતી લીધી હતી. ■

# વર્લ્ડ નંબર-વન રોહિતની વિકેટ લેનાર દેવેન્દ્ર બોરા કોણ છે? વિરાટ-પંતને આઉટ કરનાર ગુજરાતના વિશાલ જયસ્વાલ વિશે પણ જાણી લો

જયપુર/બેંગલૂરુ: બુધવાર, ૨૪મી ડિસેમ્બરે જયપુરમાં વન-ડેનો વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અને મુંબઈનો ઓપનર રોહિત શર્મા સિક્કિમ સામેની મૅચમાં ૧૫૫ રન કરવા બદલ મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીત્યો હતો, પણ શુક્રવારે ગોલ્ડન ડક સાથે (પોતાના પહેલા જ બૉલમાં) આઉટ થઈ ગયો એટલે તેની વિકેટ લેનાર ઉત્તરાખંડનો પચીસ વર્ષીય બોલર દેવેન્દ્રસિંહ બોરા ટૉક ઑફ ધ ટાઉન થઈ ગયો છે. એવી જ રીતે, બેંગલૂરુમાં ગુજરાતની ટીમના ૨૭ વર્ષના લેફ્ટ-આર્મ સ્પિનર વિશાલ જયસ્વાલની ચર્ચા થવા લાગી છે, કારણકે શુક્રવારે બેંગલૂરુમાં તેણે જબરદસ્ત ફૉર્મમાં રમી રહેલા દિલ્હીના વર્લ્ડ નંબર-ટૂ વન-ડે બૅટ્સમૅન વિરાટ કોહલીની વિકેટ લીધી હતી. માત્ર વિરાટ નહીં, વિશાલે પછીથી દિલ્હીના કૅપ્ટન રિષભ પંતને પણ આઉટ કરી દીધો હતો.





### ઘણા પ્રેક્ષકોના આગમન પહેલાં જ રોહિતનો ગોલ્ડન ડક

જયપુરના જગવિખ્યાત સવાઈ માનસિંઘ સ્ટેડિયમમાં મુંબઈનો કૅપ્ટન શાર્દુલ ઠાકુર અને ઉત્તરાખંડનો સુકાની કુણાલ ચંદેલા શુક્રવારે સવારે ૮.૩૦ વાગ્યે ટૉસ માટે મેદાન પર ઊતર્યા હતા. ચંદેલા ટૉસ જીત્યો અને તેણે ફીલ્ડિંગ પસંદ કરી હતી. મુંબઈને પહેલા બૅટિંગ કરવાનું આમંત્રણ મળ્યું એટલે સ્વાભાવિક છે કે પ્રેક્ષકોએ રોહિત શર્માની આતશબાજી ક્યારે શરૂ થાય એની રાહ જોઈ હશે. સવારે ૯.૦૦ વાગ્યાનો સમય હતો એટલે હજી તો ઘણા પ્રેક્ષકો સ્ટેડિયમમાં આવ્યા પણ નહોતા. ૯.૦૦ વાગ્યે મૅચ શરૂ થઈ ત્યારે અનેક પ્રેક્ષકો હજી પોતાની સીટ સુધી પણ નહોતા પહોંચ્યા ત્યાં તો પેસ બોલર દેવેન્દ્ર બોરાની (મૅચની) પહેલી ઓવરના છઠ્ઠા બૉલમાં રોહિતે (પોતાના પ્રથમ બૉલમાં) વિકેટ ગુમાવી દીધી હતી. તે પુલ શૉટ મારવાના પ્રયાસમાં બાઉન્ડરી લાઇન નજીક ઊભેલા ફીલ્ડરને સીધો કૅચ આપી બેઠો હતો. રોહિતના એ ગોલ્ડન ડક વિશે તરત જ સોશ્યલ મીડિયામાં કમેન્ટ્સ આવવા લાગી હતી.

### કોણ છે રોહિતને કૅચઆઉટ કરાવનાર દેવેન્દ્ર બોરા?

રોહિતના ગોલ્ડન ડક માટે જવાબદાર પેસ બોલર દેવેન્દ્ર બોરા ઉત્તરાખંડનો છે. તેણે શુક્રવારે જયપુરમાં રોહિત ઉપરાંત સિદ્ધેશ લાડ (૨૧ રન) અને શમ્સ મુલાની (૪૮ રન)ની પણ વિકેટ લીધી હતી. બોરા આ મૅચ પહેલાં ફક્ત બે લિસ્ટ-એ વન-ડે મૅચ રમ્યો હતો. તેણે ઉત્તરાખંડ વતી ૧૫ ફર્સ્ટ-ક્લાસ સ્તરની મૅચમાં કુલ ૩૦ વિકેટ લીધી છે. બે મહિના પહેલાં તેણે રણજી ટ્રોફીમાં બેંગાલ સામેની મૅચમાં ૭૯ રનમાં છ વિકેટ લીધી હતી અને ડોમેસ્ટિક ક્રિકેટમાં એ તેનો સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ છે. બોરાને ઉત્તરાખંડ પ્રીમિયર લીગના શાનદાર પર્ફોર્મન્સને લીધે જ રાજ્યની ટીમમાં સ્થાન મળ્યું છે.

### વિરાટની વિકેટ લેનાર ગુજરાતનો સ્પિનર કોણ છે?

બેંગલૂરુમાં શુક્રવારે વિરાટ કોહલીએ વધુ એક ધમાકેદાર ઇનિંગ્સમાં ૭૭ રન કર્યા હતા. બુધવારે આ જ મેદાન પર દિલ્હી વતી મૅચ-વિનિંગ ૧૩૧ રન કરનાર વિરાટે શુક્રવારે ગુજરાત સામેની મૅચમાં ૭૭ રન કર્યા હતા. તેણે પહેલાં ૫૩માંથી ૫૦ રન ચોક્કા-છગ્ગામાં બનાવ્યા હતા. તેણે ૨૯ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી અને ૭૭મા રન પર વિકેટ ગુમાવી દીધી હતી. તે ગુજરાતના ૨૭ વર્ષીય લેફ્ટ-આર્મ સ્પિનર વિશાલ જયસ્વાલનો ટર્ન સમજી નહોતો શક્યો અને રાજ્યની ટીમના જાણીતા વિકેટકીપર ઉર્વિલ પટેલના હાથે સ્ટમ્પ-આઉટ થયો હતો. વિરાટે ૭૭ રન ૬૧ બૉલમાં બનાવ્યા હતા. વિશાલ-ઉર્વિલની જુગલબંધીને લીધે જ વિરાટ સતત બીજી મૅચમાં સેન્ચુરી નહોતો ફટકારી શક્યો. વિશાલે વિરાટની પહેલાં અર્પિત રાણા (૧૦ રન) અને નીતીશ રાણા (૧૨ રન)ને પણ આઉટ કર્યા હતા અને વિરાટની વિકેટ બાદ દિલ્હીના કૅપ્ટન રિષભ પંત (૭૦ રન, ૭૯ બૉલ, બે સિક્સર, આઠ ફોર)ને પણ આઉટ કરી દીધો હતો. આમ, વિશાલે દિલ્હીના ચાર પ્લેયરને પૅવિલિયનમાં પાછા મોકલ્યા હતા. વિશાલ જયસ્વાલ બૅટિંગ-ઑલરાઉન્ડર છે. તેણે ગુજરાત વતી ૧૧ ફર્સ્ટ-ક્લાસ મૅચમાં એક સેન્ચુરીની મદદથી કુલ ૩૭૦ રન કર્યા છે અને ૪૦ વિકેટ લીધી છે. તેણે ઑક્ટોબર, ૨૦૨૨માં ગુજરાત વતી પ્રથમ કક્ષાની ક્રિકેટમાં નવમા ક્રમે બૅટિંગ કરીને ડેબ્યૂ કર્યું હતું. ત્યારે તે ગોલ્ડન ડકમાં (પોતાના પહેલા જ બૉલમાં) આઉટ થઈ ગયો હતો અને એ મૅચમાં તેને બોલિંગ નહોતી મળી. ત્રણ વર્ષમાં તેણે ગુજરાતની ટીમ વતી કુલ ૬૪ વિકેટ લીધી છે. ■

# યર એન્ડ પ્રોફિટ બુકિંગ વચ્ચે સેન્સેક્સ ૩૬૭ પોઈન્ટ્સ ગબડ્યો, જ્યારે નિફ્ટી ૨૬,૦૫૦થી નીચે સરકી ગયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે શેરબજારમાં નાતાલ અને નવા વર્ષ અગાઉની રજાના માહોલ વચ્ચે ઓછા વોલ્યુમ અને નિરસ માહોલ વચ્ચે સ્થાનિક બજારમાં વર્ષના અંતિમ સત્રમાં પ્રોફિટ બુકિંગને કારણે સેન્સેક્સ ૩૬૭ પોઈન્ટ્સ ગબડ્યો, જ્યારે નિફ્ટી ૨૬,૦૫૦ થી નીચે સરકી ગયો હતો.

ઓછા વોલ્યુમવાળા કામકાજમાં, ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૩૬૭.૨૫ પોઈન્ટ અથવા ૦.૪૩ ટકા ઘટીને ૮૫,૦૪૧.૪૫ પોઇન્ટ પર સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૪૭૦.૮૮ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકા ઘટીને ૮૪,૯૩૭.૮૨ સુધી નીચે ગયો હતો. જ્યારે ૫૦ શેરો ધરાવતો નિફ્ટી ૯૯.૮૦ પોઈન્ટ અથવા ૦.૩૮ ટકા ઘટીને ૨૬,૦૫૦ની સપાટી તોડતો ૨૬,૦૪૨.૩૦ પોઇન્ટના સ્તરે બંધ થયો હતો.બ્લુ ચિપ્સ ઉપરાંતના સેગમેન્ટમાં પ્રદર્શન મિશ્ર રહ્યું, સ્મોલકેપ શેરો અઠવાડિયા દરમિયાન ૧.૮૦ ટકા વધ્યા હતા, જ્યારે મિડકેપ શેરોમાં મામૂલી વધઘટ જોવા મળી હતી.

સેન્સેક્સના શેરોમાં, બજાજ ફાઇનાન્સ, એશિયન પેઇન્ટ્સ, ઇટર્નલ, સન ફાર્મા અને ટેક મહિન્દ્રાના શેર સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા, આ દરેક શેર એકથી દોઢ ટકાની વચ્ચે ઘટ્યા હતા. શુક્રવારે થયેલા ઘટાડાએ બેન્ચમાર્ક સૂચકાંકોમાં સાપ્તાહિક સુધારાને પાછળ ઠેલ્યો હતો. જોકે એકંદરે નિફ્ટી બેન્ચમાર્ક અઠવાડિયા દરમિયાન ૦.૩૦ ટકા વધ્યો, જ્યારે સેન્સેક્સ ૦.૧૦ ટકા આગળ વધ્યો હોવાથી ત્રણ અઠવાડિયાના ઘટાડાને બ્રેક લાગી હતી.

પ્રાઇમરી માર્કેટમાં કેલેન્ડર વર્ષના અંતિમ દિવસે ભારતમાં ડાયગ્નોસ્ટિક અને સંબંધિત હેલ્થકેર ટેસ્ટ સર્વિસ પ્રોવાઇડર મોર્ડન ડાયગ્નોસ્ટિક એન્ડ રિસર્ચ સેન્ટર લિમિટેડ, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ તેની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. બીએસઇ એસએમઇ પ્લેટફોર્મ પર લિસ્ટેડ થનારા આ રૂ.૩૬.૮૯ કરોડના આઇપીઓની પ્રાઇસબેન્ડ રૂ.૮૫થી રૂ. ૯૦ અને મિનિમમ બિડ લોટ ૧૬૦૦ શેરનો છે. ભંડોળનો ઉપયોગ અદ્યતન મેડિકલ સાધનોને ખરીદવા, ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા અને સેન્ટર્સના નેટવર્કને વિસ્તૃત કરવા માટેના મૂડી ખર્ચ માટે કરવામાં આવશે.

ટાઇટન, એનટીપીસી, એક્સિસ બેંક, અલ્ટ્રાટેક સિમેન્ટ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને હિન્દુસ્તાન યુનિલિવરમાં તેજી રહી હતી. કોલગેટ ઇન્ડિયાને ટેક્સ ઓથોરિટી તરફથી રૂ. ૨૬૮ કરોડની નોટીસ મળી છે. વેદાંતા લિમિટેડનો શેર બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો અને ૨૦૨૫માં તે ૩૫ ટકા વધ્યો છે. કોફોર્જ બોર્ડે રૂ. ૧૮૧૫.૯૧ પ્રતિ શેરના ભાવે રૂ. ૧૭,૦૩૨ કરોડમાં એન્કોરા યુએસ હોલ્ડકો, એન્કોરા હોલ્ડિંગ્સના એક્વિઝિશનને મંજૂરી આપી છે. ટુઝોન સોલાગ બ્રાન્ડ ઓપરેટ કરતી સનટેક એનર્જી સિસ્ટમે સ્ટ્રેટેજક ઇન્વેસ્ટમેન્ટ અને સચિન તેંડુલકર સાથે લાંબાગાળાની ભાગીદારી જાહેર કરી છે.

ભારતીય બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી શુક્રવારે નીચા સ્તરે બંધ થયા કારણ કે રોકાણકારોએ રેકોર્ડ ઊંચાઈની નજીક ઓળિયા સરખા કર્યા હતા. આ ઉપરાંત, વર્ષના અંતે પાંખા વોલ્યુમ અને સતત વિદેશી બાહ્યપ્રવાહ સાથે જોખમની ભૂખ ઓછી થવાથી રોકાણકારો કિંમતી ધાતુ તરફ વળ્યા હતા. ઇન્ડેક્સના હેવીવેઇટ્સમાં પાંખી લેવાલી અને પસંદગીયુક્ત વેચાણને કારણે નિરસ સત્ર મંદી સાથે બંધ થયું હતું.

એકંદરે, ભારતીય ઇક્વિટી બજારો સાવચેતીભર્યા, હળવા નકારાત્મક વલણ સાથે ટ્રેડ થયા કારણ કે વર્ષના અંતે વોલ્યુમમાં ઘટાડો, મજબૂત વૈશ્વિક ટ્રિગર્સની ગેરહાજરી અને વિદેશી રોકાણકારોના સતત બહારના પ્રવાહને કારણે સેન્ટિમેન્ટ નિયંત્રિત રહ્યું હોવાનું, ઓનલાઈન ટ્રેડિંગ અને વેલ્થ ટેક ફર્મના સાધનોએ જણાવ્યું હતું. આઇટી, રિયલ એસ્ટેટ અને એનર્જી જેવા ક્ષેત્રોમાં પસંદગીના નફા બુકિંગમાં રોકાયેલા રોકાણકારો, જ્યારે પસંદગીના કેટલાક બેંકિંગ અને મેટલ શેરોમાં સ્થિતિસ્થાપકતાએ વ્યાપક ઘટાડાને મર્યાદિત કરવામાં મદદ કરી છે.

બીએસઈ સ્મોલકેપ ગેજમાં ૦.૩૪ ટકાનો અને મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૧૮ ટકાનો ઘટાડો થયો છે. ક્ષેત્રીય સૂચકાંકોમાં, બીએસઈ ફોકસ્ડ આઇટી ૧.૦૪ ટકા ઘટ્યો, ત્યારબાદ આઇટી (૦.૮૯ ટકા), ટેલિકોમ્યુનિકેશન (૦.૫૯ ટકા), કેપિટલ ગુડ્સ (૦.૫૪ ટકા) અને ઓટો (૦.૫૪ ટકા)નો સમાવેશ થાય છે.

બીએસઈ કોમોડિટીઝ અને મેટલમાં વધારો જોવા મળ્યો હતો. રજાઓ દરમિયાન ટૂંકા ગાળાના સપ્તાહમાં, બીએસઈ બેન્ચમાર્ક ૧૧૨.૦૯ પોઈન્ટ અથવા ૦.૧૩ ટકા વધ્યા છે અને નિફ્ટી ૭૫.૯ પોઈન્ટ અથવા ૦.૨૯ ટકા વધ્યો છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ હકારાત્મક વલણમાં સ્થિર થયા. હોંગકોંગમાં બજારો બંધ રહ્યા. યુરોપમાં શેરબજાર શુક્રવારે બંધ રહ્યા. ગુરુવારે નાતાલ માટે યુએસ બજારો બંધ રહ્યા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૧,૭૨૧.૨૬ કરોડના મૂલ્યના ઇક્વિટી વેચ્યા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૨,૩૮૧.૩૪ કરોડના શેર ખરીદ્યા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૦.૩૧ ટકા વધીને ૬૨.૪૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

બુધવારે, સેન્સેક્સ ૧૧૬.૧૪ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા ઘટીને ૮૫,૪૦૮.૭૦ પર બંધ થયો. નિફ્ટી ૩૫.૦૫ પોઈન્ટ અથવા ૦.૧૩ ટકા ઘટીને ૨૬,૧૪૨.૧૦ પર બંધ થયો. ગુરુવારે ક્રિસમસ નિમિત્તે સ્થાનિક શેરબજાર બંધ રહ્યા હતા.

એકંદરે વર્ષના અંતે ટ્રેડિંગ વોલ્યુમમાં ઘટાડો અને આગામી કમાણી પહેલા સાવચેતીભર્યા વલણને કારણે વ્યાપક નફા બુકિંગને પ્રોત્સાહન મળ્યું હોવાથી સ્થાનિક ઇક્વિટી આજે નીચા સ્તરે બંધ થયા હતા. સંભવિત યુએસ-ભારત વેપાર કરાર પર પ્રગતિ જેવા નવા ઉત્પ્રેરકોના અભાવ વચ્ચે સાન્તાક્લોઝ રેલીની આસપાસનો આશાવાદ ઓછો થયો છે, જ્યારે સતત એફઆઇઆઇ આઉટફ્લો ભારતીય રૂપિયા પર દબાણ વધી રહ્યું છે. ■

સોનાચાંદીમાં જોરદાર તેજી

# ચાંદી પહેલી વાર ૭૫ ડૉલર અને સોનું ૪૫૩૦ ડૉલર બોલાયું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઝવેરી બજારમાં ખૂલતા સત્રમાં જ જોરદાર તેજી જોવા મળી હતી. સોનામાં તેજી દિવસ દરમિયાન આગળ વધી હતી, જ્યારે ચાંદીમાં દિવસ દરમિયાન પ્રોફિટ બુકિંગને કારણે સુધારો થોડો દોવાયો હતો. એક માહિતી અનુસાર ચાંદીનો ભાવમાં વર્ષ દરમિયાન ૧૬૫ ટકાનો તોતિંગ ઉછાળો જોવા મળ્યો છે. જોકે, તાંબામાં જોરદાર તેજીનો માહોલ છે. ચાર મહિનામાં આ ધાતુના ભાવમાં ૧૧૦ ટકાનો ઉછાળો નોંધાયો છે.

શુદ્ધ સોનાનો ભાવ દસ ગ્રામદીઠ રૂ.૧૩૨૯ના ઉછાળા સાથે અંતે રૂ. ૧,૩૭,૯૫૬ની સપાટીએ બંધ થયો હતો. જ્યારે સ્ટાન્ડર્ડ સોનાનો ભાવ રૂ. ૧૩૨૪ના સુધારા સાથે રૂ. ૧,૩૭,૪૦૪ની સપાટીએ સ્થિર થયો હતો. હાજર ચાંદી એક કિલોદીઠ રૂ. ૯૧૨૪નો ઉછાળો નોંધાવીને રૂ. ૨,૨૮,૧૦૭ની સપાટીએ સ્થિર થઇ હતી.

આંતરરાષ્ટ્રીય બજારમાં શુક્રવારે પ્રથમ વખત ચાંદી ૭૫ ડોલરની સપાટીએ પહોંચી હતી, જેની સાથે સોનું અને પ્લેટિનમ પણ સર્વકાલીન ઊંચાઈ પર પહોંચી ગયા હતા, કારણ કે યુએસ રેટ કટ અને ભૌગોલિક રાજનીતિક ડરના કારણે રોકાણકારોની માગમાં વધારો થયો હતો. સ્પોટ ગોલ્ડ અગાઉના રેકોર્ડ ૪,૫૩૦.૬૦ને સ્પર્શ્યા પછી, ૦.૬ ટકા વધીને ૪,૫૦૫.૩૦ ડોલર પ્રતિ ઔંસ બોલાયું હતું, જ્યારે ફેબ્રુઆરી ડિલિવરી માટે યુએસ ગોલ્ડ ફ્યુચર્સ ૦.૭૦ ટકા વધીને ૪,૫૩૪ ડોલર પર પહોંચ્યું હતું.

સવારથી જ તેજીનો માહોલ રચાયો હતો. ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૧,૩૬,૬૨૭ પ્રતિ દસ ગ્રામના પાછલા બંધ સાથે રૂ. ૧,૩૭,૯૧૪ની સપાટી પર ખૂલ્યું હતું. જ્યારે ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૧૩૬,૦૮૦ના પાછલા બંધ સામે રૂ. ૧,૨૮૨ના ઉછાળા સાથે રૂ. ૧,૩૭,૩૬૨ પ્રતિ દસ ગ્રામ બોલાયું હતું. જ્યારે .૯૯૯ ટચની હાજર ચાંદી રૂ. ૨,૧૮,૯૮૩ની પાછલી બંધ સપાટી સામે રૂ. ૧૩,૧૧૭ના જોરદાર ઉછાળા સાથે રૂ. ૨,૩૨,૧૦૦ની સપાટીએ પહોંચી હતી.

સોનાચાંદીની તેજી વિશે ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલે જણાવ્યું હતું કે, આ વર્ષે સોના અને ચાંદીમાં જોવા મળેલી તીવ્ર તેજી અનેક વૈશ્વિક અને સ્થાનિક પરિબળોનું સંયુક્ત પરિણામ છે. ભૂરાજકીય તણાવ, યુદ્ધ જેવી પરિસ્થિતિ અને મુખ્ય અર્થતંત્રોમાં મંદી, વૈશ્વિક આર્થિક અનિશ્ચતતાએ વિશ્વભરના રોકાણકારોને સેફ હેવન એસેટ તરફ ધકેલ્યા હતા.બીજું એક મુખ્ય પરિબળ યુનાઇટેડ સ્ટેટ્સ દ્વારા વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષા છે.

આવતા મહિનાઓમાં ફેડરલ રિઝર્વ વ્યાજદર ઘટાડી શકે છે તેવું બજારોને લાગતાં જ સોનાની આકર્ષણમાં તીવ્ર વધારો થયો, કારણ કે આવા વાતાવરણમાં વ્યાજ ન ધરાવતી અસ્કયામતો ઝડપથી મૂલ્ય મેળવે છે.

આ ગતિમાં ઉમેરો કરતાં, યુએસ ડોલરની નબળાઈએ સ્વાભાવિક રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે સોના અને ચાંદીના ભાવમાં વધારો કર્યો હોવાનું જણાવતાં સંસ્થાના ચેરમેન રાજેશ રોકડેએ ઉમેર્યું હતું કે અહીં સ્પષ્ટ સંકેત મળે છે કે કિંમતી ધાતુઓ સટ્ટાકીય સાધનો નહીં, વ્યૂહાત્મક સંપત્તિ છે.

સોનાનો ઐતિહાસિક ઉદય વૈશ્વિક અનિશ્ચિતતાનું સીધું પ્રતિબિંબ છે અને, વધુ અગત્યનું, ભારતીય ઘરો અને રોકાણકારો પેઢીઓથી મૂલ્યના ભંડાર તરીકે તેમાં જે અતૂટ વિશ્વાસ મૂકે છે તેનું પ્રતિબિંબ છે.

ચાંદી પરંપરાથી આગળ વધીને નિર્ણાયક રીતે વિકસિત થઈ છે. નવીનીકરણીય ઉર્જા, સૌર એપ્લિકેશનો અને ઇલેક્ટ્રિક ગતિશીલતા દ્વારા ભવિષ્યને શક્તિ આપતી એક મહત્વપૂર્ણ ધાતુ તરીકે ઉભરી રહી છે, જ્યારે તેની સાંસ્કૃતિક અને ઝવેરાતની સુસંગતતા જાળવી રાખે છે. વિશ્વભરની મધ્યસ્થ બેંકોએ પણ મુખ્ય ભૂમિકા ભજવી છે.

ચીન, તુર્કી અને ભારત જેવા દેશોએ તેમના વિદેશી હૂંડિયામણ ભંડારમાં સોનાના ઘટકમાં વધારો કર્યો છે, જે લાંબા ગાળાના તેજીના વલણને મજબૂત બનાવે છે.

દરમિયાન, ચાંદીને માત્ર ઝવેરાત ધાતુ તરીકેની ભૂમિકાથી જ નહીં પરંતુ ઔદ્યોગિક ધાતુ તરીકે તેના વધતા મહત્વથી પણ ફાયદો થયો છે. સૌર પેનલ, ઇલેક્ટ્રિક વાહનો અને બેટરી ઉદ્યોગમાં ચાંદીની માંગ ઝડપથી વધી છે, જેનાથી તેના ભાવમાં વધારાની ગતિ આવી છે. ■

# ફિટનેસ ઇન્ફ્રામાં સરકાર ₹ ૩૫૦ કરોડ ખર્ચશે, ઇક્વિપમેન્ટ માર્કેટ ₹ ૪૬૦૦ કરોડને આંબી જશે

મુંબઇઃ ભારતીય ફિટનેસ સાધનોના બજારમાં આગામી પાંચ વર્ષમાં ૧૩ ટકાનો મજબૂત વિકાસ થવાની ધારણા છે, જે ૨૦૨૪માં રૂ. ૨૫૦૦ કરોડથી વધીને ૨૦૨૯ સુધીમાં રૂ. ૪૬૦૦ કરોડ પહોંચશે. ફિટનેસ માર્કેટમાં ૨૦૨૪માં જીમનો હિસ્સો ૭૩ ટરકા (આશરે રૂ. ૧૮૧૦ કરોડ) હિસ્સો રહ્યો હતો અને તે ૧૪ ટકાના સીએજીઆર સાથે વૃદ્ધિ પામી ૨૦૨૯ સુધીમાં ૭૭ ટકા (રૂ. ૩૫૬૦ કરોડ) સુધી પહોંચશે તેવી અપેક્ષા છે.

ફિટનેસ સાધનો અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાછળનો સરકારી ખર્ચ સાત ટકાના સીએજીઆર સાથે વધવાની ધારણા છે, જે ૨૦૨૪માં રૂ. ૨૪૦ કરોડ (૧૦ ટકા)થી વધીને ૨૦૨૯ (સાત ટકા) સુધીમાં રૂ. ૩૪૦થી રૂ. ૩૫૦ કરોડ સુધી પહોંચવાની ધારણા વઝીરના સર્વેક્ષણ અહેવાલમાં વ્યકત કરવામાં આવી છે.

હોટેલ્સ, રિસોર્ટ્સ અને રહેણાંક સંકુલનો સમાવેશ કરતી ફિટનેસ સાધનોનો હોસ્પિટાલિટી અને રિયલ એસ્ટેટ સેગમેન્ટની માગ ૨૦૨૪માં રૂ. ૧૫૦ કરોડ હતી તે વધીને ૨૦૨૯ સુધીમાં રૂ. ૨૩૦ કરોડ થવાનો અંદાજ છે. કોર્પોરેટ અને હાઇ નેટવર્થ ઇન્ડિવિડ્યુઅલ સેગમેન્ટ દસ ટકાના સીએજીઆર સાથે ૨૦૨૯માં રૂ. ૮૦ કરોડ થવાની ધારણા છે.

રિપોર્ટ મુજબ, મિડ-પ્રીમિયમ જીમ ૨,૫૦૦-૪,૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલા છે અને સાધનોની કિંમત રૂ. ૩૦-૪૦ લાખની વચ્ચે છે જે બજારનો ૧૪% હિસ્સો ધરાવે છે, વાર્ષિક રૂ. ૧૮,૦૦૦-૨૫,૦૦૦ માં સભ્યપદ ઓફર કરે છે. આ જીમ મોટાભાગે જેરાઈ ફિટનેસ જેવા ભારતીય સંગઠિત ખેલાડીઓ પાસેથી સાધનો પસંદ કરે છે કારણ કે આ ખેલાડીઓ તેમને વાર્ષિક વેચાણ પછીની સેવા અને જો જરૂરી હોય તો બાયબેક સાથે સસ્તા ભાવે ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનો ઓફર કરી શકે છે.

નોંધવું રહ્યું કે, ભારતમાં સંગઠિત બ્રાન્ડ્સ દ્વારા ઉત્પાદિત સાધનોનો ખર્ચ ૨૦૨૪માં રૂ. ૩૦૦ કરોડ હતો, જે ૧૧ ટકાના સીએજીઆર દર્શાવે છે. તાજેતરમાં જ જેરાઈ ફિટનેસે બાયબેક ઓફર જાહર કરી છે અને ૨૦૨૯ સુધીમાં ૧,૫૧,૦૦૦ જીમ આવરી લેવાનો લક્ષ્યાંક ધરાવે છે. ચાઇનીઝ આયાતો ફિટનેસ સાધનોના બજારમાં ૪૪ ટકા હિસ્સો ધરાવે છે. આ સેગમેન્ટમાં મુખ્ય ખેલાડીઓમાં ફિટકિંગ, પાવરમેક્સ ફિટનેસ વગેરેનો સમાવેશ થાય છે.

ચીનને બાદ કરતાં આયાતો બજારમાં ૧૩ ટકા હિસ્સો ધરાવે છે. આ આયાતો ધ ઇન્ડિયા ફિટનેસ કનેક્ટ પ્રાઇવેટ લિમિટેડ (પ્રિકોર), જીમ્પેક ફિટનેસ (લાઇફ ફિટનેસ), ટ્રિનિટી હેલ્થટેક (ટેક્નોજીમ), વગેરે જેવા પ્રીમિયમ એન્ડ પ્લેયર્સના વિતરકો દ્વારા કરવામાં આવે છે. ભારતીય નાના પાયાના ઉત્પાદકો બજારમાં ૧૬ ટકા હિસ્સો ધરાવે છે. આ નાના પાયાના ઉત્પાદકો મોટાભાગે ઇકોનોમી જીમને સેવા આપે છે. નાના પાયાના ઉત્પાદકો દેશના અનેક ક્લસ્ટરોમાં ફેલાયેલા છે જેમ કે જલંધર, મેરઠ, ચેન્નઈ, વગેરે. જીમમાં વધુ સારી ગુણવત્તાવાળા સાધનોનું અપગ્રેડેશન અને શ્રેષ્ઠાના અમલીકરણને કારણે આ ક્ષેત્ર બાકીના બજારની તુલનામાં ધીમી ગતિએ વિકાસ કરી રહ્યું છે. ઘણા નાના ખેલાડીઓ ગુણવત્તા, સેવા અને ઉત્પાદન કુશળતાનો અભાવ હોવાથી સફળ થવા માટે સંઘર્ષ કરે છે, જેના પરિણામે ઉત્પાદનોની ગુણવત્તા ઓછી થાય છે જેને વારંવાર સેવા હસ્તક્ષેપની જરૂર પડે છે. ■

# ભારતે બે ચીની ઉત્પાદનો પર એન્ટિ-ડમ્પિંગ ડ્યૂટી લાદી

નવી દિલ્હીઃ ભારતે સ્થાનિક ઉદ્યોગોને પડોશી દેશથી થતી સસ્તી આયાત સામે રક્ષણ આપવા માટે મહિના દરમિયાન બે ચાઇનીઝ પ્રોડક્ટસ પર એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી લાદી છે, જેમાં રેફ્રિજરેન્ટ ગેસ અને વિશિષ્ટ પ્રકારના સ્ટીલ ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

આ ડ્યુટી લાદવામાં આવી હતી કારણ કે આ ઉત્પાદનો, કોલ્ડ-રોલ્ડ નોન-ઓરિએન્ટેડ ઇલેક્ટ્રિકલ સ્ટીલ, અને ૧,૧,૧,૨-ટેટ્રાફ્લોરોઇથેન અથવા આર-૧૩૪એની ચીનથી ભારતમાં સામાન્યથી નીચા ભાવે નિકાસ કરવામાં આવતી હોવાનું જોવા મળ્યું હતું.

નાણા મંત્રાલયની એક સૂચના અનુસાર, સ્ટીલના માલ પર, ભારતે કેટલીક ચાઇનીઝ કંપનીઓ પર પ્રતિ ટન ૨૨૩.૮૨ ડોલરની ડમ્પીંગ વિરોધી જકાત લાદી છે, જ્યારે કેટલીક અન્ય કંપનીઓ પર પ્રતિ ટન ૪૧૫ ડોલર લાદવામાં આવ્યા છે, જે પાંચ વર્ષ માટે લાગુ કરવામાં આવ્યા છે. ■

## ઈન્ડિગોને ૧૩ લાખ રૂપિયાનો દંડ

નવી દિલ્હીઃ મુશ્કેલીમાંથી માંડ બહાર આવી રહેલી એરલાઇન કંપની, ઇન્ડિગોને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ના સંદર્ભમાં ૧૩ લાખ રૂપિયાથી થોડો વધારે દંડ ફટકારવામાં આવ્યો છે અને કંપની આ ચુકાદાનો વિરોધ કરશે. પંજાબના રાજ્ય કર, આબકારી અને કરવેરા વિભાગના સહાયક કમિશનરની કચેરીએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઇન્ડગો પર ૧૩,૨૮,૨૫૫ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. વિભાગે દંડની સાથે જીએસટીની માગણી પણ કરી છે. કંપની માને છે કે અધિકારીઓ દ્વારા પસાર કરાયેલો આદેશ ભૂલભરેલો છે. વધુમાં, કંપની માને છે કે એક્સટર્નલ ટેક્સ એડવાઇઝર્સ અનુસાર તેનો કેસ યોગ્યતાઓ પર મજબૂત છે. ■

# ગોલ્ડ ઈટીએફની એયુએમ રૂપિયા એક ટ્રિલિયનને પાર

મુંબઈ : સોનાચાંદીના ભાવમાં જોરદાર વધારાને પરિણામે અને એક્સચેન્જ ટ્રેડેડ ફન્ડસ (ઈટીએફસ)માં રેકોર્ડ ઈન્ફલોસને પગલે પાછલા છ મહિનામાં મ્યુચ્યુઅલ ફન્ડો પાસે સોના તથા ચાંદીનું હોલ્ડિંગ બમણાથી પણ વધુ થઈ ગયું છે.

વર્તમાન વર્ષના નવેમ્બરના અંતે ગોલ્ડ તથા સિલ્વર ઈટીએફસની સંયુકત એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) રૂપિયા ૧.૬૦ ટ્રિલિયન રહી હતી જે મેમાં રૂપિયા ૭૯૩૧૯ કરોડની સરખામણીએ બમણાથી પણ વધુ છે, એમ એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફન્ડસની ઈન ઈન્ડિયા (એમ્ફી)ના ડેટા જણાવે છે.

ગોલ્ડ ઈટીએફસની એયુએમ રૂપિયા એક લાખ કરોડ (એક ટ્રિલિયન)ને પાર કરી ગઈ છે. સપ્ટેમ્બર તથા ઓકટોબરમાં રૂપિયા ૧૦,૦૦૦ કરોડના ઈન્ફલોસ બાદ ગયા મહિને ઈટીએફસમાં આ આંક રૂપિયા ૬૦૦૦ કરોડ રહ્યાનો અંદાજ છે.

ગોલ્ડ ઈટીએફસમાં ફોલિઓની સંખ્યા વર્તમાન કેલેન્ડર વર્ષના પ્રથમ ૧૦ મહિનામાં ૫૦ ટકા વધી છે, જ્યારે સિલ્વર ઈટીએફસમાં આ સંખ્યામાં ચાર ગણો વધારો થયો હોવાનું પણ પ્રાપ્ત ડેટા જણાવે છે. છેલ્લા દસ મહિનામાં ગોલ્ડ ઈટીએફસનો ઈન્ફલો ૨૦૨૦-૨૦૨૪ના પાંચ વર્ષના ગાળામાં થયેલા નેટ ઈન્ફલો કરતા પણ વધુ રહ્યો છે.

ઊંચા ભાવને પગલે સિલ્વર તથા ગોલ્ડ ઈટીએફસમાં રોકાણકારોનો રસ વધી રહ્યો છે. હાલની ભૌગોલિકરાજકીય તાણ, વ્યાજ દરમાં કપાતની અપેક્ષા તથા ડોલરમાં નબળાઈને કારણે વૈશ્વિક રોકાણકારો સોનાચાંદીમાં રોકાણને પ્રાધાન્યતા આપી રહ્યા હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું હતું.

માત્ર રિટેલ રોકાણકારો જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલી આર્થિક અનિશ્ચિતતા વચ્ચે વિશ્વની કેન્દ્રીય બેન્કો દ્વારા પણ હેજિંગ તરીકે હાજર સોનામાં રોકાણમાં વધારો જોવા મળી રહ્યો છે. વર્તમાન કેલેન્ડર વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં વિશ્વની વિવિધ કેન્દ્રીય બેન્કો દ્વારા ૨૨૦ ટન સોનાની ખરીદી કરવામાં આવી હતી જે બીજા ત્રિમાસિક ગાળાની સરખામણીએ ૨૮ ટકા વધુ હતી.

વર્તમાન વર્ષના ત્રીજા ત્રિમાસિક (સપ્ટેમ્બર કવાર્ટર્સ)માં સોનાની ખરીદીનો આંક વાર્ષિક ધોરણે ૧૦ ટકા ઊંચો રહ્યો હતો. ૨૦૨૪ના સપ્ટેમ્બર ત્રિમાસિકમાં વૈશ્વિક કેન્દ્રીય બેન્કોએ ૧૯૯ ટન સોનુ ખરીદ કર્યું હતું. ■

# ટાટા સ્ટીલ સામે ૧.૪ અબજ યુરોનો સવાલ!

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ટાટા સ્ટીલના શેરમાં શુક્રવારના સવારના સત્રમાં જ એકાએક એક ટકાથી વધુનો ઝડપી ઘટાડો જોવા મળ્યો હતો. પ્રારંભિક સત્રમાં ટાટા ગ્રુપની મુખ્ય કંપનીના શેર ઘટીને રૂ. ૧૬૭.૮૨ના સ્તરે પટકાઇને નિફ્ટી ઇન્ડેક્સમાં ટોચના નુકસાનકર્તા તરીકે ઉભરી આવ્યા હતા.

જોકે, સત્રના અંત સુધીમાં તેમાં સહેજ રિકવરી જોવા મળી હતી અને આ શેર છેવટે ૦.૬૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૬૯.૦૫ની સપાટી પર સ્થિર થયા હતા.

આ ઝડપી ઘટાડા પાછળનું કારણ એ હતું કે, ટાટા સ્ટીલની ડચ પેટાકંપનીઓ ૧.૪ બિલિયન યુરોના દાવાઓનો સામનો કરી રહી છે.

સ્ટીચિંગ ફ્રીસ વિન્ડ (એસએફડબલ્યુ) દ્વારા કરવામાં આવેલી રજૂઆત અનુસાર નેધરલેન્ડ્સમાં ટાટા સ્ટીલના પ્લાન્ટની નજીક રહેતા રહેવાસીઓએ એવો આરોપ લગાવ્યો છે કે કંપની, વેલ્સેન-નોર્ડમાં સ્થિત તેના કામકાજને કારણે થયેલા નુકસાન માટે જવાબદાર છે. ■

# ફોરેક્સમાં ૪.૩૬ અબજ ડોલરનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિદેશી હૂંડિયામણ અનામત ૪.૩૬ બિલિયન ડોલર વધીને ૬૯૩ બિલિયન ડોલરના સ્તરે પહોંચી છે. રિઝર્વ બેન્કે જાહેર કરેલી માહિતી અનુસાર ૧૯ ડિસેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન ભારતનું ફોરેક્સ રિઝર્વ ૪.૩૬૮ બિલિયન ડોલર વધીને ૬૯૩.૩૧૮ બિલિયન ડોલરની સપાટીએ પહોચ્યુ છે.

પાછલા સપ્તાહમાં કુલ ભંડોળ ૧.૬૮૯ બિલિયન ડોલર વધીને ૬૮૮.૯૪૯ બિલિયન ડોલર થયું હતું. ૧૯ ડિસેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન, વિદેશી ચલણ સંપત્તિ, જે અનામતનો મુખ્ય ઘટક છે, તે ૧.૬૪૧ બિલિયન ડોલર વધીને ૫૫૯.૪૨૮ બિલિયન ડોલર સુધી પહોંચી હોવાનું સેન્ટ્રલ બેંક દ્વારા જાહેર કરાયેલા ડેટા દર્શાવે છે.

# એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂપિયા ૧.03 લાખ કરોડનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વર્ષના અને સપ્તાહના અંતિમ નિરસ સત્રમાં માત્ર મેટલ અને કોમોડિટીઝ ઈન્ડેક્સ વધ્યા હતા, જ્યારે આઈટી અને ટેલિકોમ્યુનિકેશન્સ શેર્સ સર્વાધિક ઘટ્યા હતા. એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ.૧.૦૩ લાખ કરોડનો ઘટાડો જોવા મળ્યો હતો.

શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૮૫,૪૦૮.૭૦ના બંધથી ૩૬૭.૨૫ પોઈન્ટ્સ (૦.૪૩ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૫,૨૨૫.૨૮ ખૂલી ઊંચામાં ૮૫,૩૭૮.૫૧ અને નીચામાં ૮૪,૯૩૭.૮૨ સુધી જઈને છેવટે ૮૫,૦૪૧.૪૫ બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૬ સ્ક્રિપ્સ વધી હતી જ્યારે ૨૪ સ્ક્રિપ્સ ઘટી હતી. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૫ લાખ કરોડથી રૂ.૧.૦૩ લાખ કરોડ ઘટીને રૂ.૪૭૩.૯૭ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડેક્સમાં મેટલ ૦.૪૭ ટકા અને કોમોડિટીઝ ૦.૩૩ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે બીએસઈ ફોકસ્ડ આઈટી ૧.૦૪ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૮૯ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૫૯ ટકા, ઓટો ૦.૫૪ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૫૪ ટકા, કંઝ્યુમર ડિસ્કેશનરી ૦.૪૨ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૪૨ ટકા, સર્વિસીસ ૦.૩૭ ટકા અને હેલ્થકેર ૦.૩૬ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૭૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૭૪૫ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૪૫૬ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૭૮ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૧૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૨૦ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૨ સ્ટોક્સને ઉપલી જ્યારે ૭ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૧૮ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૩૪ ટકા ઘટ્યા હતા.સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૦૧ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૦૮ ટકા વધ્યો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ ૨.૧૩ ટકા, એનટીપીસી ૦.૪૫ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૨૯ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૧૨ ટકા, એક્સિસ બેન્ક ૦.૧૧ ટકા અને રિલાયન્સ ૦.૦૭ ટકા વધ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ સૌથી અધિક ઘટેલી ૧૦ સ્ક્રિપ આ પ્રમાણે હતીઃ બજાજ ફાઈનાન્સ ૧.૪૮ ટકા, એશિયન પેઈન્ટ ૧.૪૧ ટકા, તાતા કન્સલ્ટન્સી ૧.૨૨ ટકા, ઈટર્નલ ૧.૧૨ ટકા, સન ફાર્મા ૧.૦૬ ટકા, ટેક મહિન્દ્ર ૧.૦૫ ટકા, પાવર ગ્રીડ ૦.૯૯ ટકા, ભારતી એરટેલ ૦.૮૫ ટકા, બજાજ ફિનસર્વ ૦.૮૩ ટકા અને મારુતિ ૦.૮૩ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૦૩.૫૦ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૫૩૪ સોદામાં ૬૦૨ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૮,૮૭,૦૮૦ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૨૬,૮૮,૨૮૪.૯૫ કરોડનું રહ્યું હતું. ■

# સેબીના આકરા નિયમોને પરિણામે ડેરિવેટિવ્સમાં કામકાજમાં ઘટાડો

મુંબઈ : વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતીય શેરબજારમાં ૨૦૨૫માં ઊભી થયેલી ભારે વોલેટિલિટી તથા નબળી માર્કેટ બ્રેડથની રોકાણકારોના સહભાગ પર અસર જોવા મળી હતી. સમાપ્ત થઈ રહેલા ૨૦૨૫માં દેશના બે મુખ્ય શેરબજારો બીએસઈ તથા એનએસઈમાં કેશ સેગમેન્ટમાં દૈનિક સરેરાશ ટર્નઓવર રૂપિયા ૧.૦૮ લાખ કરોડ સાથે ત્રણ વર્ષની નીચી સપાટીએ રહ્યું છે. ૨૦૨૪માં રૂપિયા ૧.૨૮ લાખ કરોડની સરખામણીએ ટર્નઓવરમાં ૧૫.૭૫ ટકા ઘટાડો થયો હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું. વર્તમાન વર્ષનું સરેરાશ દૈનિક ટર્નઓવર ૨૦૨૨ બાદ સૌથી નીચું છે. કેશ સેગમેન્ટ ઉપરાંત ડેરિવેટિવ્સમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. બીએસઈ તથા એનએસઈનું સંયુકત સરેરાશ દૈનિક ડેરિવેટિવ્સ વોલ્યુમ ૨૦૧૩ બાદ પ્રથમ જ વખત ઘટ્યું છે. ૨૦૨૪માં ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સનું સરેરાશ દૈનિક ટર્નઓવર જે રૂપિયા ૪૬૫.૯૬ લાખ કરોડ રહ્યું હતું તે ૧૭.૭૦ ટકા ઘટી રૂપિયા ૩૮૭.૯૫ લાખ કરોડ રહ્યું છે. આ ઘટાડો થવા પાછળનું કારણ ડેરિવેટિવ્સ વેપાર ધોરણોમાં સખતાઈ રહેલું છે. સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા નોન-બેન્ચમાર્ક ઈન્ડાઈસિસ પર સાપ્તાહિક કોન્ટ્રેકટસ અટકાવી દેવાતા અને વિકલી એક્સપાઈરીસ પર બે દિવસની મર્યાદા લાગુ કરાયા બાદ વર્તમાન વર્ષના પ્રારંભમાં ડેરિવેટિવ્ઝ પ્રવૃત્તિ લગભગ ઘટી ગઈ હતી. વૈશ્વિક સ્તરે ભૌગોલિકરાજકીય અશાંતિ તથા ઘરેલુ બજારોમાંથી વિદેશી રોકાણકારોની પીછેહટને કારણે પણ રોકાણકારોનું માનસ વર્તમાન વર્ષમાં ખરડાયેલું રહ્યું છે. વર્તમાન વર્ષમાં સેન્સેક્સ તથા નિફ્ટીએ રોકાણકારોને દસ ટકા વળતર પૂરુ પાડ્યું છે. પરંતુ મિડકેપ તથા સ્મોલકેપમાં વળતર નબળા રહ્યા હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે. ■

# પૂર્વ અને પશ્ચિમ કચ્છના સરહદી ગામોમાં સીસીટીવી સર્વેલન્સ કેમેરા લગાડવાની કામગીરી પૂરજોશમાં: ઓપરેશન સિંદૂરની અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગત મે મહિનામાં પાકિસ્તાને તેની પંજાબ અને રાજસ્થાનની સીમાઓ પર અવળચંડાઈ કરી, ડ્રોન દ્વારા હુમલાનો નિષ્ફળ પ્રયાસ કર્યા બાદ કચ્છમાં પણ ભુજ અને આદિપુર સહિતના વિસ્તારો પર પાકિસ્તાની ડ્રોન દેખાયાંની ઘટના બાદ ભારતીય હવાઈદળ દ્વારા આ તમામ ડ્રોન હુમલાના પ્રયાસને નાકામ કરી દેવાયા હતા અને ત્યારબાદ ભારતીય સેનાએ તેનો વળતો જવાબ આપ્યો હતો અને 'ઓપરેશન સિંદૂર' હાથ ધરતાં પાકિસ્તાનમાં અફરાતફરી મચી જવા પામી હતી અને આ વિદાય લેતાં ઈશુના વર્ષ ૨૦૨૫ની એક મહત્વની ઘટના બનવા પામી હતી, પણ આ ઘટના બાદ કચ્છના સરહદી ગામોમાં વસતા લોકોમાં ભારે જાગૃતિ આવી છે અને તેઓ પોલીસ અને સુરક્ષા દળોને, સમગ્ર સરહદી વિસ્તારોને સીસીટીવી કવચ હેઠળ આવરી લેવાની મહત્ત્વની કવાયતમાં પૂરેપૂરું યોગદાન આપી રહ્યા છે અને તેના પરિણામે કચ્છના સરહદી ગામો પૈકીના ૭૫ % જેટલા ગામોમાં 'ફૂલ પ્રૂફ' સીસીટીવી કવચની વ્યવસ્થા ઊભી થઇ જવા પામી છે અને બાકી રહેતાં ગામોમાં પણ વ્યૂહાત્મક સ્થળોએ સીસીટીવી કેમેરા ટૂંક સમયમાં ગોઠવાઈ જશે તેવું જાણવા મળી રહ્યું છે.

સરહદી ગામોના લોકો આ માટે પોતાની ગાંઠના પૈસા ઉદારતાથી ખર્ચી રહ્યા છે અને હજારો સીસીટીવી કેમેરા સામૂહિક પ્રયાસોને કારણે લગાડી દેવાયા છે જે સંવેદનશીલ સરહદી ગામોની સુરક્ષા માટે મહત્ત્વનું યોગદાન આપશે. ઉલ્લેખનીય છે કે કચ્છ પાકિસ્તાન સાથે ભૂમિ અને દરિયાઈ સરહદો ધરાવે છે જેને લઈને આ જિલ્લામાં 'રાઉન્ડ ધ ક્લોક' તકેદારી જાળવવી જરૂરી બને છે. આ ઉપરાંત પોલીસ, સરહદી સલામતી દળ અને અન્ય સુરક્ષા એજન્સીઓ સાથે તાલમેલ સાધવો પણ જરૂરી બની રહે છે. ■



રાજકોટમાં આજીનદી કાંઠે રહેતા ૧૫૦૦ થી વધુ લોકોના ઘરોને સરકાર દ્વારા નોટિસ મામલે કોંગ્રેસના નેતાઓની આગેવાનીમાં કોઠારિયા રોડ રેલી કાઢવામાં આવી હતી (તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

## કચ્છમાં ઠારનું ટોર્ચર શરૂ: નલિયામાં ૯.૫ ડિગ્રી લઘુતમ તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સમગ્ર ઉત્તર ભારતની સાથે રણપ્રદેશ કચ્છ હાલ ધીરે-ધીરે શીત સકંજાની ચપેટમાં આવી રહ્યું છે.ઠંડીમાં સતત વર્તાઈ રહેલા ચઢાવ-ઉતાર વચ્ચે લઘુતમ તાપમાનનો આંક ગત સાંજ પછી ગણતરીના કલાકોમાં જ ત્રણથી ચાર ડિગ્રી જેટલો એકાએક ઘટી જતાં ઠંડીના ઓચિંતા આક્રમણથી જનજીવન ઊંઘતું ઝડપાયું હતું.

ભુજમાં લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રી સે.સાથે ૫૩ ટકા જેટલા ઊંચા ભેજના કારણે નોંધપાત્ર ઠંડી પડી રહી છે, અલબત્ત બપોરના ૧૨ વાગ્યા બાદ મહત્તમ તાપમાનનો આંક ૨૯થી ૩૨ ડિગ્રી વચ્ચે આવી જતાં બપોર હૂંફાળી બની જાય છે.

નલિયા ખાતે ૯.૫ ડિગ્રી સેલ્સિયસ જેટલું સિંગલ ડિજિટ લઘુતમ તાપમાન નોંધાતાં તીવ્ર બની રહેલા ઠારના ટોર્ચરથી જનજીવનને વ્યાપક અસર થવા પામી છે. વહેલી સવારે લોકો ઠેર ઠેર તાપણાં કરતા જોવા મળી રહ્યા છે. અહીં પણ મધ્યાહ્‌ન બાદ મહત્તમ તાપમાનનો આંક ૨૯ ડિગ્રી સે.રહેતાં ઠંડીમાં રાહત થઇ જાય છે. હિમવર્ષાને પગલે હવામાન વિભાગે ગુજરાતમાં પવનોના સૂસવાટા સાથે ઠંડી હજુ વધવાની આગાહી કરી છે. ■

## સામખિયાળીની ગેલન્ટ ઇસ્પાત કંપનીમાં ઉકળતું મેટલ પડતાં બે કામદારોના મોત

ભુજ: પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાનાં સામખિયાળી નજીક આવેલી જાણીતી ગેલન્ટ ઇસ્પાત કંપનીના એકમમાં ધગધગતું મેટલ ઉકળીને ત્રણ કામદારો પર પડતાં દાઝી ગયેલા પૈકી જનરલ મેનેજર ધર્મેન્દ્રસિંહ નરસિંહપ્રસાદ સિંહ (ઉં.વ.૪૯) તથા શ્રમિક નરેન્દ્રસિંહ નારાયણ યાદવ (ઉં.વ.૩૭)ના મોત થતાં ફરી એકવાર કચ્છમાં સ્થાયી થયેલા સેંકડો ઔદ્યોગિક એકમોમાં શ્રમિકોની સુરક્ષાનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. કચ્છ-સૌરાષ્ટ્રને જોડતા સામખિયાળી નજીક આવેલી ગેલન્ટ ઇસ્પાત કંપનીના એકમમાં ગત તા. ૧૬-૧૧ના રોજ આ દુર્ઘટના ઘટી હતી જેમાં એક બોક્સમાં ગરમ કરવામાં આવેલાં મેટલનું તાપમાન માપવા માટે ગરમ મેટલ સાથેનું બોક્સ નીચે ઉતારવામાં આવ્યું એ વેળાએ ત્યાં રહેલા જનરલ મેનેજર ધર્મેન્દ્રસિંહ, શ્રમિક નરેન્દ્રસિંહ તથા અન્ય એક શ્રમિક હાજર હતા. આ બોક્સમાંથી ઉકળતું મેટલ ઉછળીને તેમના પર પડતાં ત્રણેય જણ ગંભીર રીતે દાઝી ગયા હતા.

દાઝી જનારા આ કર્મીઓને પ્રથમ આદિપુરની ખાનગી હૉસ્પિટલમાં લઇ જવાયા હતા. જ્યાં સારવાર દરમ્યાન જનરલ મેનેજર ધર્મેન્દ્રસિંહએ છેલ્લા શ્વાસ લીધા હતા. બાદમાં શ્રમિક નરેન્દ્રસિંહએ પણ દમ તોડી દીધો હતો. આ બનાવમાં કંપનીની બેદરકારી છે કે પછી અકસ્માતે આ દુર્ઘટના બની હતી તે જાણવા ભચાઉ પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. ■

## મેઘપર (બોરીચી) અને સામખિયાળીમાં બે લાખનો શરાબ એલસીબીએ ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આગામી 'થર્ટી ફર્સ્ટ'ની પાર્ટી માટે અત્યારથી જ થનગની રહેલા નશાખોરો પર તવાઈ બોલાવવા માટે સતર્ક બનેલી પોલીસે પૂર્વ કચ્છના અંજાર તાલુકાના મેઘપર બોરીચી અને સામખિયાળી ખાતે પડેલા દરોડામાં બે લાખનો શરાબનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

મળતી વિગતો મુજબ, પૂર્વ બાતમીના આધારે સ્થાનિક ગુના શોધક શાખાની ટુકડી દ્વારા મેઘપર (બોરીચી)ની આશાપુરા સોસાયટીમાં ૧૧-એ નંબરનાં મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો જેમાં અંગ્રેજી પ્રકારના શરાબની કિંમત રૂ.૧.૩૨ લાખની ૧૩૮ નંગ બોટલ કબજે કરી, મયૂર પ્રવીણ જોષી નામના શખ્સની ધરપકડ કરી લેવામાં આવી હતી, જ્યારે ઈશ્વરસિંહ ઘનશ્યામસિંહ સોઢા અને આનંદ શિવજી સંઘાર ફરાર થઇ ગયા હતા.

બીજી તરફ, પૂર્વ કચ્છ એલસીબીએ ગત સાંજે ભચાઉ તાલુકાના સામખિયાળી ગામના મોરી નામના રહેણાંક વિસ્તારમાં છાપોમારી કરીને રૂ. ૬૨ હજારની કિંમતની ૬૮ દારૂની બોટલ જપ્ત કરી હતી.

આ પ્રકરણમાં ફરાર થઇ ગયેલા આરોપી નારણ રામજી આહીર અને પ્રભુ જીવા આહીરને ઝડપી પાડવા માટે પોલીસે તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે. ■

## અમરેલીના કુંકાવાવમાં ૩.૨૧ કરોડના ખર્ચે નવનિર્મિત બસ સ્ટેન્ડનું જીતુ વાઘાણીના હસ્તે લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લાના કુંકાવાવ ખાતે ₹૩૨૧.૭૨ લાખના ખર્ચે નવનિર્મિત બસ સ્ટેન્ડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારના કેબિનેટ પ્રધાન જીતુ વાઘાણીના હસ્તે આ બસ સ્ટેન્ડ ખુલ્લું મુકાયું હતું. આ પ્રસંગે ધારી અને બગસરા ખાતે બનનારા નવા ડેપો વર્કશોપનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પ્રધાન કૌશિક વેકરિયા, સાંસદ ભરત સુતરિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કુંકાવાવ ડેપોમાં મુસાફરો માટે આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાં પ્લેટફોર્મ, બેઠક વ્યવસ્થા સાથેનો વેઇટિંગ હોલ, ટ્રાફિક કંટ્રોલ રૂમ, કેન્ટીન, વોટર રૂમ, પાર્સલ રૂમ, ઇલેક્ટ્રિક રૂમ અને સ્ટોર રૂમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, પ્રજા માટે શૌચાલય અને વિભાગના કર્મચારીઓ માટે કંડક્ટર રૂમ સહિતની વિવિધ સુવિધાઓ પણ ઊભી કરવામાં આવી છે.

આ પ્રસંગે જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, સુવિધાઓ વ્યવસ્થિત બને તે માટે સરકાર ઘણા પગલાં લઈ રહી છે. તેમણે વર્ષોથી કામ કરતા લોકોને ચેતવણી આપતા કહ્યું કે, જો ગેરરીતિ જણાશે તો તેમને બ્લેકલિસ્ટ કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય અને દેશમાં આવા લોકોને કામ કરવા દેવામાં આવશે નહીં. અમરેલીમાં કેટલીક બાબતો તેમના ધ્યાનમાં આવી છે અને તે અંગે રિપોર્ટ મગાવી વિજિલન્સ તપાસ પણ મુકવામાં આવી છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, લોકોના પૈસાનું શોષણ કરનારાઓને છોડવામાં આવશે નહીં. વાઘાણીએ કુંકાવાવ તાલુકાને જવાબદારી સોંપતા કહ્યું કે, યોગ્ય રીતે કામ થાય તેનું ધ્યાન રાખવું જરૂરી છે. ■

## અમરેલીમાં જજના પીએ તરીકે ઓળખ આપી સરકારી નોકરી અપાવવાના બહાને ₹૨.૦૩ લાખની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લા કોર્ટમાં ડ્રાઈવરની નોકરી અપાવવાના બહાને એક ગઠિયાએ બેરોજગાર યુવક સાથે લાખોની છેતરપિંડી આચરી હોવાની ચોંકાવનારી ફરિયાદ નોંધાઈ હતી. બગસરાના માવજીજવા ગામના પ્રકાશ ઉર્ફે બાબુભાઈ રવજીભાઈ દાફડા નામના શખસે પોતે ડિસ્ટ્રિક્ટ જજનો પીએ હોવાનું જણાવી આ ગુનો આચર્યો હતો. જેતપુરના ખજુરી ગુંદાળા ગામે રહેતા નિકુંજભાઇ કડવાભાઇ બુટાણી (ઉ.વ.૨૭) એ બગસરાના માવજીંજવા ગામના પ્રકાશ ઉર્ફે બાબુભાઈ રવજીભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી.

આરોપીએ પોતે સરકારી કર્મચારી હોવાનું અને કોર્ટમાં નિરીક્ષણનું કામ કરતો હોવાનું કહી ફરિયાદીનો વિશ્વાસ જીત્યો હતો. ફરિયાદી ઓછું ભણેલા હોવા છતાં 'ખાનગી સેટિંગ' દ્વારા ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ડ્રાઈવરની નોકરી અપાવવાની લાલચ આપી હતી. જજના ખર્ચના બહાને આરોપીએ ફરિયાદી પાસેથી ગૂગલ પે મારફતે ₹૨,૦૩,૦૦૦ પડાવી લીધા હતા.

આરોપીએ ફરિયાદીને અમરેલી ડિસ્ટ્રિક્ટ કોર્ટનો ડિજિટલ સાઈન વાળો બોગસ નિમણૂક પત્ર પણ આપ્યો હતો. જ્યારે ફરિયાદી આઠ સપ્ટેમ્બરના રોજ ઓર્ડર લઈને હાજર થવા ગયા, ત્યારે રજિસ્ટ્રાર દ્વારા તપાસ કરતાં જાણવા મળ્યું કે આવી કોઈ ભરતી જ થઈ નથી અને ઓર્ડર સંપૂર્ણપણે નકલી છે. સરકારી રેકોર્ડમાં છેડછાડ કરી, જજ સાહેબના નામનો ખોટો ઉપયોગ કરી અને સરકારી કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી છેતરપિંડી આચરવા બદલ પોલીસે આરોપી પ્રકાશ દાફડા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## વાંકાનેરમાં ગુજરાત-રાજસ્થાનના ૨૫૦ અશ્વોનો પરંપરાગત શણગાર આકર્ષણનું કેન્દ્ર બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વાંકાનેર ખાતે સરકારના પશુપાલન વિભાગ તથા કાઠિયાવાડી હોર્સ બ્રિડર્સ એસોસિયેશન ગુજરાતના સંયુક્ત ઉપક્રમે વાંકાનેરના રાજવી સ્વશ્રી ડો. દિગ્વિજયસિંહ ઝાલાની સ્મૃતિમાં ત્રિદિવસીય કાઠિયાવાડી મારવાડી અશ્વ પ્રદર્શન - રમતોત્સવ 'કામા અશ્વ શો' નો પશુપાલન કેબિનેટ પ્રધાન જીતુભાઈ વાઘાણીએ શિક્ષણ રાજ્યપ્રધાન રિવાબા સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં વિધિવત શુભારંભ કરાવ્યો હતો. અશ્વપ્રદર્શનમાં ગુજરાત-રાજસ્થાનના ૨૫૦ અશ્વોનો પરંપરાગત શણગાર આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. વિજેતા અશ્વપાલકને ₹૧૫,૦૦૦ રોકડ પુરસ્કાર, શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્ય ઉદ્યોગ અને પ્રોટોકોલ પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન અને હાલના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અશ્વનું સંવર્ધન થાય અને તેમની સંખ્યા વધે તે માટેના પ્રયાસો કર્યા તે અંતર્ગતનું આ અનન્ય આયોજન છે. રાજ્ય સરકાર અનેકવિધ આયોજનો અને યોજનાઓ સાથે પશુ સંવર્ધન ક્ષેત્રે આગળ વધી રહી છે. આપણી નવી પેઢી આપણા સાંસ્કૃતિક ધરોહર સમાન અશ્વ વિશે જાણે, સમજે અને શીખે તે માટે આ પ્રકારના આયોજન ખરેખર પ્રેરણાદાયી છે. અશ્વ એ આપણી સંસ્કૃતિમાં શક્તિ, લાભ અને શુભનું પ્રતીક છે ત્યારે સરકાર દ્વારા આગામી સમયમાં વધુ એક અશ્વોની દેશી જાતિના માટેનું બ્રીડિંગ સેન્ટર બનાવવામાં આવશે. અશ્વોની સંખ્યામાં વધારો થાય તે માટે લક્ષ્ય નિર્ધારિત કરી મિશન મોડ પર કામગીરી કરવામાં આવશે. કાઠિયાવાડી અશ્વ તેમના શોર્ય અને સાહસ માટે જાણીતા છે એટલે જ તેમના શોર્ય, સ્થિર સ્વભાવ અને સતર્કતાના ગુણોને ધ્યાનમાં લઇ પોલીસ જાહેર સેવામાં પણ કાઠિયાવાડી અશ્વનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, આ કાર્યક્રમમાં બીમાર ઘોડાઓને હેરાન ન કરવામાં આવે તે માટે સ્પર્ધા પહેલા બ્લડ સેમ્પલ લેવાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેથી યોગ્ય તપાસ બાદ ૩૦૦ થી વધુ રજિસ્ટ્રેશન પૈકી ૨૫૦ જેટલા ઘોડાઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજયપ્રધાન રિવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, ભારતની વૈદિક સંસ્કૃતિથી અશ્વ આપણી પરંપરાનો અભિન્ન ભાગ રહ્યા છે. રામાયણ મહાભારત સહિતના મહત્ત્વના ગ્રંથોમાં અશ્વમેઘ યજ્ઞનો ઉલ્લેખ અશ્વની ઐતિહાસિક અને સાંસ્કૃતિક મૂલ્યની પ્રતીતિ કરાવે છે. અશ્વ એ યોદ્ધાનો આત્મસાથી કહેવાય છે ત્યારે ઇતિહાસમાં પણ મહારાણા પ્રતાપ, શિવાજી, ઝાંસીની રાણી સહિતના યોદ્ધાઓના અશ્વની ગાથાઓ પણ સ્વર્ણ અક્ષરે લખાયેલી છે. સરકારના પશુપાલન વિભાગ દ્વારા અશ્વની જાળવણી માટેની પ્રવૃત્તિઓ, બ્રીડિંગ તથા તેમના જતન માટેની કામગીરીની તેમણે સરાહના કરી હતી. ■

## ભુજના માધાપરમાં પગપાળા જતી મહિલાનું તેજ રફ્તાર મોટરસાઇકલ હડફેટે દર્દનાક મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના મુખ્ય મથક ભુજ શહેરની ભાગોળે આવેલા, માધાપર ગામના ગંગેશ્વર માર્ગ પર પગપાળા જઈ રહેલાં ૪૭ વર્ષીય હાસુબાઈ મીઠાભાઈ રબારીને તેજ રફતાર મોટરસાઇકલ ચાલકે હડફેટમાં લેતાં ગંભીર ઈજાનાં પગલે તેમનું દર્દનાક મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ, માધાપર ગામના નવાવાસના જલારામ નગરમાં રહેતા હાસુબાઈ રબારી ગત સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં ગોગાનગર ગંગેશ્વર માર્ગે શાકભાજી લઈને ઘર તરફ પગપાળા આવી રહ્યાં હતાં ત્યારે તેજ ગતિથી ધસી આવેલાં મોટરસાઇકલે ટક્કર મારી દેતા હાસુબાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘાયલ મહિલાના જમાઈ રામા રવા રબારી સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં લઈ આવતાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસે મોટરસાઇકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

## ભાવનગરમાં દુકાનમાં રાખેલો બિયરનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના જૂનાબંદર રોડ પર આવેલી દુકાનમાં દરોડો પાડીને પોલીસે દુકાનમાં રાખેલો બિયરનો જથ્થો ઝડપી લીધો હતો અને એક શખ્સને ઉઠાવી લીધો હતો.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ ગંગાજળિયા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળેલ કે કણબીવાડ, નાની સડક, માવજીભાઈની ઘંટી પાસે રહેતા રાકેશ ઉર્ફે રોકેટ પરષોત્તમભાઈ બાંભણીયા (ઉં.વ.૫૦) વાળો પોતાની જૂનાબંદર રોડ પર, ખોડિયાર ટ્રાન્સપોર્ટ પાસે આવેલી સીતારામ ગ્લાસ નામની દુકાનમાં બહારથી ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવી અને રાખી વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે પોલીસે રાખીને રેડ કરતા દુકાનમાં રાખેલ કોથળાઓમાં સંતાડીને રાખેલ બીયરના ૧૨૯ ટીન કી.રૂ.૧૮.૯૦૦નો મુદ્દામાલ મળી આવતા બિયરના જથ્થા સાથે રાકેશ ઉર્ફે રોકેટની અટકાયત કરી હતી. રોકેટે પૂછપરછ દરમિયાન આ જથ્થો તેને ભરતભાઈ ઝાલા આપી ગયા હોવાનું જણાવતા પોલીસે બંને સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નો મેપિંગ મતદારો માટે પુરાવા જમા કરાવવા કેમ્પ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતા મતદાર સામેલ ન થાયના સંદેશ સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ કાર્યક્રમ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મેગા ડોક્યુમેન્ટ કલેક્શન કેમ્પ (ખાસ ઝુંબેશ) તા. ૨૭/૧૨/૨૦૨૫ (શનિવાર), ૨૮/૧૨/૨૦૨૫ (રવિવાર), ૦૩/૦૧/૨૦૨૬ (શનિવાર) અને ૦૪/૦૧/૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાશે. આ દિવસોમાં નાગરિકો સવારે ૧૦.૦૦ થી સાંજે ૦૫.૦૦ વાગ્યા સુધી પોતાના વિસ્તારના મતદાન મથકની મુલાકાત લઈ મતદાર યાદીમાં પોતાનું નામ, વિગતો તથા ફોટો ચકાસી શકશે અને જરૂરી જણાય તો સુધારા માટે અરજી કરી શકશે. મતદારો પાસેથી પુરાવા એકત્ર કરવા માટે ડોક્યુમેન્ટ કલેક્શન સેન્ટર જિલ્લા કક્ષાએ કલેક્ટર કચેરી ખંભાળિયા ખાતે તથા વિધાનસભા કક્ષાએ પ્રાંત કચેરીઓ તથા તમામ મામલતદાર કચેરીઓ ખાતે શરૂ કરવામાં આવ્યા છે. આ સેન્ટરો પર જાહેર રજાના દિવસો સિવાય કામકાજના દિવસોમાં કચેરી સમય દરમિયાન પુરાવા રજૂ કરી શકાશે. ખાસ કરીને નો મેપિંગ શ્રેણીના મતદારો તેમજ નવા મતદારોને ફોર્મ ભરવા માટે આ સેન્ટરનો મહત્તમ લાભ લેવા અપીલ કરવામાં આવી છે. નવા મતદાર માટે ફોર્મ- ૬, મતદાર યાદીમાંથી નામ કમી કરવા માટે ફોર્મ- ૭ તથા સરનામું અથવા અન્ય વિગતોમાં ફેરફાર કરવા માટે ફોર્મ-૮ ભરવાનું રહેશે. જેમની ઉંમર તા. ૦૧-૦૧-૨૦૨૬ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ થાય છે તેવા પાત્ર નાગરિકોને મતદારયાદીમાં નામ નોંધણી કરાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

## રાજકોટના જંગલેશ્વરમાં ડિમોલિશન નોટિસ મામલે જીગ્નેશ મેવાણીના સરકાર પર પ્રહાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં આજી નદી કિનારે રિવરફ્રન્ટ પ્રોજેક્ટ માટે સરકારી જમીન પરના દબાણો હટાવવા આપવામાં આવેલી નોટિસો મુદ્દે લોકોમાં જબરદસ્ત રોષ છે. આ મામલે કૉંગ્રેસે પણ ઝંપલાવ્યું છે અને કૉંગ્રેસના નેતાઓએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. કૉંગ્રેસની આગેવાનીમાં ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી, પ્રદેશ નેતા ઇન્દ્રવિજયસિંહ, કૉંગ્રેસ સેવા દળના રાષ્ટ્રીય પ્રમુખ લાલજીભાઈ દેસાઈ અને પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલ રાજ્યગુરુ સહિતના નેતાઓએ જિલ્લા કલેક્ટર સાથે મુલાકાત કરી હતી અને વર્ષોથી રહેતા ગરીબ પરિવારોને બેઘર ન કરવા સમય આપીને આધાર-પુરાવા ચકાસી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તેવી માગ કરી હતી.

કૉંગ્રેસનો આરોપ છે કે, રિવરફ્રન્ટના નામે ગરીબોના મકાન તોડવાનો કારસો ઘડવામાં આવ્યો છે. વર્ષોથી રહેતા ગરીબ પરિવારો રિવરફ્રન્ટના વિકાસના કારણે બેઘર ન બને એવી કાળજી રાખી કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆત બાદ જ્યાં લોકોને નોટિસ આપવામાં આવી છે ત્યાં વિસ્તારવાસીઓને સાથે રાખી સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્થાનિક લોકો જોડાયા છે.

ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ આ અંગે જણાવ્યું હતું કે, ભાજપના નેતાઓના ગેરકાયદે મકાનો કે દબાણ ખુલ્લા નહિ કરવા અને તેના બદલે રાજકોટ શહેરમાં ગરીબ માણસોએ મજૂરી કરી ઝૂંપડું કે કાચું પાકું મકાન બનાવ્યું છે, તેને તોડી પાડવા માટે રિવરફ્રન્ટના નામે કારસો ઘડવામાં આવ્યો છે. આના વિરોધમાં આજે રાજકોટ શહેર કૉંગ્રેસના સમર્થનમાં અમે આવ્યા છીએ. આ વિસ્તારના લોકોને પણ અમે મળવાના છીએ, આજે કલેક્ટરને પણ અમે રજૂઆત કરી છે. બંધારણીય રીતે ગરીબ માણસોના હક્ક ન છીનવવા રજૂઆત કરી છે.

ડિમોલિશન કરતા પહેલા તેમને સમય આપી તેમને સાંભળવા રજૂઆત કરી છે અને તેમની માગણી મુજબ વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવા અમારી માંગ છે. આવું ન થાય તો ૧૦ તારીખે પ્રધાનમંત્રી રાજકોટ આવે એટલે કહેજો કે, તેમને પ્રથમ વખત વડા પ્રધાન બન્યા એ ચૂંટણીમાં લોકોને વચન આપ્યું હતું કે, ઘર વગર એક પણ માણસ નહિ રહે, બધાને ઘરનું ઘર કરાવી આપશે તો રાજકોટ શહેરમાં ડિમોલિશનની નોટિસ મળી છે. આ રાજકોટના લોકોએ પ્રથમ વખત ચૂંટી મુખ્યમંત્રી બનાવ્યા હતા એ જ રાજકોટવાસીઓનાં ઘર તૂટી રહ્યા છે તો આવું શા માટે થઇ રહ્યું છે? તેનો સવાલ તેમને પણ પૂછવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ અને પ્રાંત અધિકારી ચાંદનીબેન પરમારના માર્ગદર્શન હેઠળ જંગલેશ્વર અને આસપાસના વિસ્તારના સર્વે નંબર ૨૫૬ ટીપી સ્કીમ નંબર ૬ના ફાઇનલ પ્લોટ નંબર ૧૩૩,૧૩૬,૧૩૭ અને ૧૫૯ની કુલ જમીન ૧,૦૫,૮૦૦ ચોરસ મીટર થાય છે. જ્યાં રહેતા ૧૩૫૦ આસામીઓને નોટિસ આપવામાં આવી છે. આ નોટિસ લેન્ડ રેવન્યુ કલમ ૬૧ હેઠળ આપવામાં આવેલી છે. આ જમીનની કિંમત અંદાજે રૂપિયા ૪૦૦ કરોડ જેટલી થાય છે. ■

## ભાવનગરના મહુવામાં ખેડૂતે ડુંગળીનો ભાવ ન મળતાં પાક પર રોટોવેટર ફેરવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ડુંગળીના ભાવમાં બોલેલા કડાકાથી અનેક ખેડૂતોની કમર તૂટી ગઈ છે. મહુવા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીનો ભાવ તળિયે પહોંચતા ખેડૂતોને ઉત્પાદન ખર્ચ કાઢવો પણ મુશ્કેલ બન્યો છે. તરેડ ગામના એક ખેડૂતે તેના ચાર વીઘાના પાક પર રોટેવેટર ફેરવી દીધું હતું. જે બાદ પાક પશુઓને ચરવા મૂકી દીધો હતો.

મળતી વિગત પ્રમાણે, ખેડૂતે ચાર વીઘા જમીનમાં લાલ ડુંગળીનું વાવેતર કર્યું હતું. જેની પાછળ લાખ રૂપિયા ખર્ચ કર્યો હતો. પાક તૈયાર થયા બાદ વેચવાનો સમય આવ્યો ત્યારે ભાવ સાંભળીને સ્તબ્ધ થઈ ગયા હતા.

બજારમાં યોગ્ય ભાવ ન મળતા અને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવતા ખેડૂતે અંતે તૈયાર ડુંગળીનો પાક પશુઓને ચરવા માટે ખુલ્લો મૂકી દીધો હતો. પશુઓ દ્વારા પાક ચરાવ્યા બાદ, તેમણે ખેતરમાં રોટોવેટર ફેરવી પાકનો નાશ કર્યો હતો. ખેડૂતોએ સરકાર ડુંગળીના નિકાસ પર ધ્યાન આપે અથવા ટેકાના ભાવે ખરીદી શરૂ કરી તાત્કાલિક આર્થિક સહાય જાહેર કરે તેવી માગ કરી હતી. ■

## અરવલ્લી મુદ્દે જામનગરમાં દેખાવો: કૉંગ્રેસની યુવા પાંખોએ સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો

અમદાવાદ: અરવલ્લી પર્વતમાળાના વિવાદને લઈ જામનગરમાં કૉંગ્રેસની યુવા પાંખો એનએસયુઆઈ અને યુથ કૉંગ્રેસ દ્વારા અનોખું વિરોધ પ્રદર્શન કર્યું હતું. શહેરના નંબર ચોકડી ખાતે કાર્યકરોએ ચહેરા પર ઓક્સિજન માસ્ક પહેરીને પર્યાવરણ બચાવવાનો સંદેશ આપ્યો હતો. પ્રદર્શનકારીઓએ પ્રતિકાત્મક રીતે જણાવ્યું કે, આજે અરવલ્લી કાપાશે તો કાલે અમારા શ્વાસમાં ઓક્સિજન ઘટશે. આ વિરોધ રાજસ્થાનમાં અરવલ્લી પર્વતમાળાના ૧૦૦ મીટર ઉપરના પર્વતને તોડી પાડવાના નિર્ણયના વિરોધમાં કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વિરોધ પ્રદર્શનકર્તાએ ''સેવ અરવલ્લી, સેવ ફ્યુચર'', ''અરવલ્લી બચાવો, ઓક્સિજન બચાવો'' અને ''પ્રકૃતિ નહિ બચે તો પ્રગતિ શું કામ?'' જેવા નારા લગાવ્યા હતા.

યુથ કૉંગ્રેસ અને એનએસયુઆઈના આગેવાનોએ ચેતવણી આપી હતી કે જો સમયસર પગલાં લેવામાં નહીં આવે તો ગુજરાત અને નજીકનાં રાજ્યોમાં ધૂળ પ્રદૂષણ, ગરમીમાં વધારો અને પાણીના સંકટ જેવા ગંભીર પ્રશ્નો ઊભા થશે. ■